ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયજી મહામહોપાધ્યાય વિરચિત

# શ્રી જિનગીતા-જ્ઞાનસાર

ગૂજરાતી સમશ્લોક તથા સ્પષ્ટાર્થ સહિત

સમશ્લોકકાર:
વિજયરામચન્દ્રસૂરિપદ મકરન્દ મધુકર
કુમાર જયકીર્તિ

પ્રકાશન : સમ્પાદન : દેવીબેન કુમાર જયકીર્તિ

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયજી મહામહોપાધ્યાય વિરચિત

# શ્રી જિનગીતા-જ્ઞાનસાર

**ગૂજરાતી સમશ્લોક તથા સ્પષ્ટાર્થ સહિત**

સમશ્લોકકારઃ
વિજયરામચન્દ્રસૂરિપદ મકરન્દ મધુકર
**કુમાર જયકીર્તિ**

**પ્રકાશન : સમ્પાદન : દેવીબેન કુમાર જયકીર્તિ**

જ્ઞાનસાર

રચયિતા : ન્યાયવિશારદ ન્યાયાચાર્ય

**યશોવિજયજી મહારાજ**

સમશ્લોકકાર :

**કુમાર જયકીર્તિ**

પ્રથમ આવૃત્તિ ૨૭-૬-૧૯૯૭

જયેષ્ઠ કૃષ્ણ સપ્તમીઃ૨૦૫૩

પ્રકાશન તથા સમ્પાદન :

**© દેવીબેન કુમાર જયકીર્તિ**

કૃપા :

**પૂજ્ય ગુરુદેવ વિજય રામચન્દ્ર સૂરિ મહારાજ**

**પૂજ્ય ગુરુદેવ શ્રી જયપ્રભ વિજયજી મહારાજ**

પાણ્ડુલિપિ : કાનન દેવેન ઠક્કર

મૂલ્ય : સ્વાધ્યાય

મુદ્રક : મહેશ પ્રિન્ટર્સ, દૂધેશ્વર રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

# અષ્ટક ક્રમ



| અંક | | પાન | અંક | | પાન | અંક | | પાન |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પૂર્ણાષ્ટક | ૧ | ૧૩ | મૌનાષ્ટક | ૯૭ | ૨૪ | શાસ્ત્રાષ્ટક | ૧૮૫ |
| ૨ | મગ્નાષ્ટક | ૯ | ૧૪ | વિદ્યાષ્ટક | ૧૦૫ | ૨૫ | પરિગ્રહાષ્ટક | ૧૯૩ |
| ૩ | સ્થિરતાષ્ટક | ૧૭ | ૧૫ | વિવેકાષ્ટક | ૧૧૩ | ૨૬ | અનુભવાષ્ટક | ૨૦૧ |
| ૪ | મોહત્યાગાષ્ટક | ૨૫ | ૧૬ | માધ્યસ્થાષ્ટક | ૧૨૧ | ૨૭ | યોગાષ્ટક | ૨૦૯ |
| ૫ | જ્ઞાનાષ્ટક | ૩૩ | ૧૭ | નિર્ભયાષ્ટક | ૧૨૯ | ૨૮ | નિયાગાષ્ટક | ૨૧૭ |
| ૬ | શમાષ્ટક | ૪૧ | ૧૮ | અનાત્મશંસાષ્ટક | ૧૩૭ | ૨૯ | પૂજાઅષ્ટક | ૨૨૫ |
| ૭ | ઈન્દ્રિયજયાષ્ટક | ૪૯ | ૧૯ | તત્ત્વદૃષ્ટિ અષ્ટક | ૧૪૫ | ૩૦ | ધ્યાનાષ્ટક | ૨૩૩ |
| ૮ | ત્યાગાષ્ટક | ૫૭ | ૨૦ | સર્વ સમૃદ્ધિ અષ્ટક | ૧૫૩ | ૩૧ | તપાષ્ટક | ૨૪૧ |
| ૯ | ક્રિયાષ્ટક | ૬૫ | ૨૧ | કર્મવિપાક અષ્ટક | ૧૬૧ | ૩૨ | સર્વનયા અષ્ટક | ૨૪૯ |
| ૧૦ | તૃપ્તિ અષ્ટક | ૭૩ | ૨૨ | ભવઉદ્વેગ અષ્ટક | ૧૬૯ | | ઉપસંહાર | ૨૫૭ |
| ૧૧ | નિર્લેપાષ્ટક | ૮૧ | ૨૩ | લોકસંજ્ઞા અષ્ટક | ૧૭૭ | | પ્રશસ્તિ | ૨૫૯ |
| ૧૨ | નિઃસ્પૃહાષ્ટક | ૮૯ | | | | | | |

# આમુખ

પ્રભુ મહાવીરના શાસનમાં ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહામહોપાધ્યાયનું સ્થાન ઘણું ઊંચું, વજનદાર અને ટંકશાળી છે.

જૈન શાસ્ત્રોના પારંગત, આગમ મર્મના વેત્તા અને વારાણસીમાં રહીને ષડ્દર્શનના પ્રકાણ્ડ પણ્ડિત બન્યા. ન્યાય અને આગમ બન્ને પચાવીને પૂજ્ય યશો વિજયજી મહારાજે અનેક ગ્રન્થોની રચના કરી જે આજે પણ વિદ્યમાન જ્ઞાનદિવાકરની જેમ ઝળહળે છે અને મોક્ષમાર્ગને અજવાળે છે. અને મુમુક્ષુઓને કલ્યાણ-માર્ગ તરફ આકર્ષે છે.

સમગ્ર જૈન તત્ત્વસાગર એમણે આ જિનગીતા જ્ઞાનસારની ગાગરમાં ભરી દીધો છે. અને એ અક્ષયકુમ્ભ મુમુક્ષુઓના અમૃતપાન માટે વહેતો મૂક્યો છે.

આ જ્ઞાનસાર કદમાં નાનો છે પણ તત્ત્વાર્થના ઊંડાણમાં મહાસાગર સમો છે અને ઊંચાઈમાં મેરુ પર્વત સમો છે. અને એનો અફાટ વિસ્તાર તો અમાપ છે.

પ્રારમ્ભ 'પૂર્ણતા' અષ્ટકથી કરીને જે તાર્કિક ક્રમે એમણે બત્રીસ અષ્ટકો રજૂ કર્યા છે અને એક એક અષ્ટકમાં એક પછી એક શ્લોકમાં જે અર્થ વિકાસ સાધ્યો છે તે ખરેખર તેમણે જે અગાધ જ્ઞાન પચાવ્યું છે એનું પ્રતિબિમ્બ પાડે છે. ભાષા પરનું પ્રભુત્વ, રજૂઆતની સ્પષ્ટતા અને અસન્દિગ્ધ તત્ત્વાર્થનો રણકો શ્લોકોના પદે પદે મધુર અને કલ્યાણકર ગુંજારવ કરી રહ્યો છે; આ વાતની પ્રતીતિ વાચક તથા ભાવક અથવા સાધક તથા આરાધકને આપોઆપ થશે.

ભગવાન મહાવીરની પરમ્પરામાં સર્વપૂજ્ય આચાર્ય સિદ્ધસેન દિવાકર સૂ.મ. આચાર્ય હરિભદ્ર સૂ.મ. વગેરે આચાર્યો થયા, પછી થયા કલિકાલ સર્વજ્ઞ પૂ. આચાર્ય હેમચન્દ્ર સૂ.મ. એટલે વજનદાર અને પહેલદાર હીરા અને એ જ શ્રેણીમાં આજથી લગભગ ત્રણસો વર્ષ પૂર્વ થયા 'બીજા હેમ'નું બહુમાન પામેલા પૂ. યશો વિજયજી મ. જેમણે અનેક ઉત્તમ ગ્રન્થોની રચના કરી અને 'સુયશ'નામે પ્રસિદ્ધ થયા. એમની અનેક રચનાઓમાંથી આ એક મૌલિક મહાગ્રન્થ શ્રી જિનગીતા-જ્ઞાનસાર આપણા મહાપુણ્યે આપણા સુધી પહોંચ્યો છે.

નર્યું અધ્યાત્મ અને આનન્દસભર અધ્યાત્મ માણવું હોય એને આ ગ્રન્થનું મનન કર્યે જ છૂટકો. અષ્ટકોમાં જે પીરસ્યું છે એ તો એના નામ પરથી જ સ્પષ્ટ છે. સૂર્ય સમા એ વિષયને દીવો ધરવાની આવશ્યકતા નથી.

અનુષ્ટુપ શ્લોકની સરળ રચનામાં એક એક તત્ત્વને, એકએક ભાવને અત્યન્ત હૃદયંગમ રીતે રજૂ કર્યો છે જે ગીતાકારની પ્રાંજલતાને પણ ભુલાવી દે એવો છે. અથવા આ જૈન તત્ત્વની ગીતા અથવા યશોગાથા છે. એમ જ સમજોને! આ તો સ્વસંવેદનનો પરિપાક છે.

યોગદૃષ્ટિ સમુચ્ચય અને જ્ઞાનસાર મારા બે પ્રિય ગ્રન્થો જેનું વારમ્વાર વાચન-મનન કરવામાં મને અપૂર્વ આનન્દ આવે. આનન્દ સાથે એકવાર વિચાર આવ્યો કે ગુજરાતીમાં આની સમશ્લોકી હોય તો ? વિચાર જ ! બાકી સ્વભાવે હું આળસુ અને વરસોથી છોડી દીધેલી કલમ ઉપાડવામાં ભારે વજનદાર લાગે, ઊપડે જ નહીં. પણ એક દિવસે કલમ ઊપડી અને ઈ.સ. ૧૯૯૧ના મે માસમાં સમશ્લોકી સમ્પન્ન થઈ પણ

પડી રહી. છ વરસ પછી અધ્યાત્મલક્ષી હેમેન્દ્રભાઈની દૃષ્ટિમાં આ ગ્રન્થ આવ્યો અને એ તો આનન્દ વિભોર થઈ ગયા અને એમના પ્રારમ્ભિક ઉમળકાથી જ આ ગ્રન્થ પ્રકાશિત થયો છે. સ્પષ્ટાર્થ લખવામાં સ્વોપજ્ઞ ટબાનો આધાર લીધો છે.

આ ગ્રન્થમાં જિનાજ્ઞા વિરુદ્ધ અથવા ગ્રન્થકર્તાના આશયથી જુદું કાંઈ લખાઈ ગયું હોય તો મિચ્છામિ-દુક્કડમ્ દઉં છું.

બસ વાંચો, માણો અને પામો એ જ અભ્યર્થના.

૬૦૨, 'સમ્પત્તિ'
મીઠાખળી બસ સ્ટેન્ડ પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ⓒ : 644 45 56

જયેષ્ઠ કૃષ્ણ સપ્તમી
વિ.સં. ૨૦૫૩
તા. ૨૭ જૂન ૧૯૯૭

કુમાર જયકીર્તિ

ऐन्द्र श्रीसुखमग्नेन लीलालग्नमिवाखिलम् ।
सच्चिदानन्दपूर्णेन, पूर्णं जगदवेक्ष्यते ॥१॥

## સમશ્લોક

સુખીને જેમ લાગે છે, આખું વિશ્વ સુખી સુખી;
સચ્ચિદાનન્દને તેમ, વિશ્વ પૂર્ણ જણાય છે.

## સ્પષ્ટાર્થ

લક્ષ્મીના સુખથી ભરેલા માનવીને જેમ બધા સુખી લાગે છે તેમ સત્-ચિત્-આનન્દ એટલે સત્તા, જ્ઞાન અને આનન્દથી ભરેલા યોગીને બધા જ આત્માઓ પૂર્ણ જણાય છે. નિશ્ચયનયે બધા જ આત્મા સ્વભાવથી પૂર્ણ જ છે.

पूर्णता या परोपाधेः, सा याचितकमण्डनम् ।
या तु स्वाभाविकी सैव, जात्यरत्नविभानिभा ॥२॥

પૂર્ણતા જે પરાપેક્ષ [illegible] માગેલા દાગીના સમી;
સ્વભાવી પૂર્ણતા દીપે, સ્વપ્રકાશિત રત્નશી.

## સ્પષ્ટાર્થ

બાહ્ય સામગ્રીથી મળેલું સુખ તો માગી લાવેલા દાગીના સમું છે. જે પહેરવા પૂરતો જ આનન્દ આપે છે. પણ સાથે 'ખોવાઈ ન જાય' એવો ભય આપે છે. જ્યારે સ્વભાવથી ઉત્પન્ન સ્વાધીન સુખ સદાય આનન્દ આપે છે. જેમ સ્વયંપ્રકાશી રત્નો સદાય પ્રકાશ્યા કરે છે તેમ [illegible]

अवास्तवी विकल्पैः स्यात्, पूर्णताऽब्धेरिवोर्मिभिः ।
पूर्णानन्दस्तु भगवान्, स्तिमितोदधिसन्निभः ॥३॥

## સમશ્લોક

વિકલ્પરૂપ મોજાંથી, યુક્ત 'પૂર્ણત્વ' ભાસ છે;
ભગવાન્ પૂર્ણઆનન્દ, સ્થિર શાન્ત સમુદ્રશો.

## સ્પષ્ટાર્થ

મોજાં ઊછળે ત્યારે સમુદ્ર ભર્યા-ભર્યા લાગે પણ તે પોકળ પૂર્ણતા છે. એમ સામગ્રીજન્ય સુખ પોકળ છે. ખરું સુખ સ્વભાવજન્ય પૂર્ણ-આનન્દ છે. જે ભગવાન છે અને સમુદ્ર સમો વસ્તુતઃ ભરેલો, સ્થિર અને નિશ્ચલ છે.

जागर्ति ज्ञानदृष्टिश्चेत्, तृष्णाकृष्णाहिजाङ्गुली ।
पूर्णानन्दस्य तत्किं स्याद्, दैन्यवृश्चिकवेदना ॥४॥

## સમશ્લોક

**તૃષ્ણા ઝેરહરી વિદ્યા, જેવી જો દૃષ્ટિ જ્ઞાનની;**
**લાભે : તો દૈન્ય-વીંછીના, ડંખો પીડી શકે નહીં.**

## સ્પષ્ટાર્થ

તૃષ્ણારૂપી કાળોતરાના વિષનો નાશ કરનારી જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત થાય તો પૂર્ણાનન્દ સ્વરૂપી આત્માને દીનતારૂપી વીંછીના ડંખો પીડા આપી શકતા નથી.

पूर्यन्ते येन कृपणास्तदुपेक्षैव पूर्णता ।
पूर्णान्दसुधास्निग्धा, दृष्टिरेषा मनीषिणाम् ॥५॥

## સમશ્લોક

ભૌતિક પૂર્ણતાને જે, ઉવેખે પૂર્ણ ના ગણે;
પૂર્ણાનન્દ અમીભીના જ્ઞાનીની એ જ પૂર્ણતા.

## સ્પષ્ટાર્થ

સત્ત્વહીન પરિગ્રહીના સુખ સામગ્રી પ્રત્યે જેનું ધ્યાન સુધ્ધાં નથી દોરાતું, તેના પ્રત્યે ઉપેક્ષાભાવ રહે છે. આ ઉપેક્ષા જ યોગીઓની પૂર્ણતા છે. આ પૂર્ણતાના પૂર્ણાનન્દથી જ યોગીઓની દૃષ્ટિ અમીભીની રહે છે.

अपूर्णः पूर्णतामेति पूर्यमाणस्तु हीयते ।
पूर्णानन्दस्वभावोऽयं जगदद्भुतदायकः ॥६॥

**ભરેલો ભોગથી ‘ખાલી’ ગુણથી ભરેલ છે;**
**જગદાશ્ચર્યકારી આ પૂર્ણાનન્દ સ્વભાવ છે.**

## સ્પષ્ટાર્થ

ધન-ધાન્યાદિથી ખાલી (ત્યાગી હોવાથી) ખરેખર ભરેલો છે -આત્માદિક ગુણોથી. જ્યારે ધન-ધાન્યાદિથી ભરપૂર ખરેખર ખાલી છે (ત્યાગાદિ ગુણ ન હોવાથી). પૂર્ણાનન્દ સ્વભાવમાં ‘ખાલી’ ભરેલા છે અને ‘ભરેલા’ ખાલી છે એ ખરેખર અદ્ભુત ઘટના છે.

परस्वत्वकृतोन्माथा, भूनाथा न्यूनतेक्षिणः ।
स्वस्वत्वसुखपूर्णस्य, न्यूनता न हरेरपि ॥७॥

## સમશ્લોક

**પરે 'સ્વબુદ્ધિ' હો રાજા તોય ઓછું પડે બધું;**
**'સ્વ'માં 'સ્વ' સૌખ્યથી પૂર્ણ ઈન્દ્રોથી એ ન ઊતરે.**

## સ્પષ્ટાર્થ

પરમાં એટલે સંસારની સામગ્રીમાં પોતાનું સ્વામિત્વ માનનારા રાજા આદિને અઢળક સંપત્તિ પણ ઓછી પડે છે જ્યારે 'સ્વ'માં જ સ્વત્વના સુખથી પૂર્ણ એવા યોગી તો દેવેન્દ્રોથીય ઊંચેરા છે.

कृष्णे पक्षे परिक्षीणे, शुक्ले च समुदञ्चति ।
द्योतन्ते सकलाध्यक्षाः, पूर्णानन्दविधोः कला ॥८॥

## સમશ્લોક

કૃષ્ણ પક્ષ વીત્યે શુક્લ પક્ષે સોળે કલાસહ;
ખીલે પ્રત્યક્ષ આકાશે પૂર્ણ - આનંદ-ચન્દ્રમા.

## સ્પષ્ટાર્થ

કૃષ્ણ પક્ષ (વિભાવ) ક્ષય પામે છે તથા શુક્લ પક્ષ (સ્વભાવ) ઉદય પામે છે ત્યારે સૌ કોઈ જોઈ શકે એવી રીતે પૂર્ણ આનન્દરૂપ ચન્દ્ર, સકલ કલાઓ વડે - ચૈતન્ય પર્યાયો વડે પ્રકાશી ઊઠે છે.

प्रत्याहृत्येन्द्रियव्यूहं, समाधाय मनो निजम् ।
दधच्चिन्मात्रविश्रान्तिं, मग्न इत्यभिधीयते ॥१॥

## સમશ્લોક

ઈન્દ્રિયો પાછી વાળીને, થાય એકાગ્ર આપમાં;
જ્ઞાનમાં વિશ્રમે આત્મા, તે 'મગ્ન' કહેવાય છે.

## સ્પષ્ટાર્થ

ઈન્દ્રિયોના સમૂહને વિષયોમાંથી પાછી વાળીને, મનને આત્મામાં સ્થાપીને, જ્ઞાનમાં જે વિશ્રામ કરે છે તે મગ્ન કહેવાય છે. આત્મભાવમાં, સ્વભાવમાં ડૂબેલો કહેવાય છે.

यस्य ज्ञानसुधासिन्धौ, परब्रह्मणि मग्नता ।
[redacted]

## સમશ્લોક

**જેને જ્ઞાન સુધા સિન્ધુ, પરબ્રહ્મે નિમગ્નતા;**
**હલાહલ સમી તેને, પ્રવૃત્તિ અન્ય ભાવમાં.**

## સ્પષ્ટાર્થ

જે યોગીઓ જ્ઞાનરૂપી અમૃતના સાગરમાં એટલે કે પરબ્રહ્મમાં લીન છે તેને અન્ય વિષયની વાતો હલાહલ વિષ જેવી લાગે છે. અધ્યાત્મીને સાંસારિક વાતો ઝેર જેવી લાગે છે.

स्वभावसुखमग्नस्य जगत्तत्त्वावलोकिनः ।
कर्तृत्वं नान्यभावानां, साक्षित्वमवशिष्यते ॥३॥

વિશ્વના ભાવ જે દેખે, સ્વભાવ સુખમાં ડૂબી
સમશ્લોક
ન કર્તા અન્યભાવોનો, માત્ર સાક્ષી બની રહે.

## સ્પષ્ટાર્થ

સ્વભાવ સુખમાં મગ્ન રહીને જગતના ભાવોનું તત્ત્વતઃ માત્ર અવલોકન જ કરે છે; પરભાવ આચરતો હોવા છતાં પણ તેને તેનું કર્તૃત્વ હોતું નથી. તે તો માત્ર સાક્ષી જ બની રહે છે. એટલે તે કર્મથી બન્ધાતો નથી.

परब्रह्मणि मग्नस्य, श्लथा पौद्‌गलिकी कथा ।
क्वामी चामीकरोन्मादाः, स्फारा दारादराः क्वच ॥४॥

## સમશ્લોક

આત્મભાવે ડૂબેલાને, કથા પુદ્‌ગલની વ્યથા;
ઘેલછા સ્વર્ણની કેવી? કેવી સ્ત્રીની પ્રીતિ વળી?

## સ્પષ્ટાર્થ

પરબ્રહ્મમાં મગ્ન થયેલાને સાંસારિક સુખોની વાતો નીરસ લાગે છે. તેને સુવર્ણાદિક સમ્પત્તિનું અભિમાન નથી હોતું. તથા સ્ત્રીઓનું દેદીપ્યમાન રૂપ તેને આંજી નથી શકતું.

પરબ્રહ્મમાં મગ્ન વિકારોથી પર રહે છે.

तेजोलेश्याविवृद्धिर्या, साधोः पर्यायवृद्धितः ।
भाषिता भगवत्यादौ, सेत्थंभूतस्य युज्यते ॥५॥

## સમશ્લોક

તેજો લેશ્યાદિની વૃદ્ધિ ચારિત્રીને દિને દિને;
ભગવત્યાદિમાં ભાખી તે, આવા યોગીમાં ઘટે.

## સ્પષ્ટાર્થ

સંયમ-પર્યાય વધતો જાય એમ એમ તેજોલેશ્યાદિ એટલે ચિત્તસુખીની વિશિષ્ટ વૃધ્દ્ધિ થતી જાય છે. એવું ભગવતી સૂત્રમાં ભાખ્યું છે તે આવા મુનિમાં ઘટે છે.

મન્દ સંવેગીમાં આવી ચિત્તસુખની વૃધ્દ્ધિ ઘટતી નથી.

ज्ञानमग्नस्य यच्छर्म, तद्वक्तुं नैव शक्यते ।
नोपमेयं प्रियाश्लेषैर्नापि तच्चन्दनद्रवैः ॥६॥

## સમશ્લોક

જ્ઞાનમાં મગ્ન છે તેનું સુખ કહેવું ન શક્ય છે;
સુખલેપ, પ્રિયાશ્લેષ, તોલે આવી શકે નહીં.

## સ્પષ્ટીકરણ

જ્ઞાનમાં મગ્ન આત્મા જે સુખ અનુભવે છે તેનું વર્ણન કરવું શક્ય નથી. કામ-સુખભોગ કે બાવના ચન્દનના લેપના સુખ સાથે પણ એની તુલના થઈ શકે એવી નથી. જ્ઞાનસુખની કોઈ સરખામણી જ નથી.

शमशैत्यपुषो यस्य, विप्रुषोऽपि महाकथाः ।
किं स्तुमो ज्ञानपीयूषे, तत्र सर्वांगमग्नतां? ॥७॥

જેના એક જ બિન્દુથી, પ્રાપ્ત શાન્તિ અમાપ છે;
સર્વાંગે જ્ઞાનપીયૂષે, મગ્નની વાત શું કરું?

શમશ્લોક

## સ્પષ્ટાર્થ

ાનના એક અમૃતબિંદુની શીતળતા-શામકતા અમાપ છે. તો જે સાંગોપાંગ જ્ઞાન-મૃતમાં ડૂબી ગયા છે - મગ્ન થઈ ગયા છે. તેનાં તો શાં વખાણ - વર્ણન થઈ શકે !

ાન અમૃતમાં તો ઝીલે એ જ જાણે !

यस्य दृष्टिः कृपावृष्टिः, गिरः शमसुधाकिरः ।
तस्मै नमः शुभ ज्ञान - ध्यानमग्नाय योगिने ॥८॥

## સમશ્લોક

જેની દૃષ્ટિ કૃપાવૃષ્ટિ, વાક્ શાન્તિ-અમી-છાંટણાં;
જ્ઞાન ને ધ્યાનમાં મગ્ન, એવા યોગી પદે નમું.

## સ્પષ્ટાર્થ

જેની દૃષ્ટિ કૃપા-કરુણાની વૃષ્ટિ સમી છે, વાણી ઉપશમ-અમૃતના છંટકાવ સમી છે, તેવા શુભ અને પ્રશસ્ત જ્ઞાનમાં અને ધ્યાનમાં મગ્ન યોગીને નમસ્કાર થાઓ.

वत्स ! किं चंचलस्वान्तो, भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।
निधिं स्वसन्निधावेव, स्थिरता दर्शयिष्यति ॥१॥

## સમશ્લોક

**અધીરો આટલો કેમ? દોડી દોડી દુખી થશે;**
**નિધિ તો તારી પાસે છે, સ્થિર થાને મળી જશે.**

## સ્પષ્ટાર્થ

હે વત્સ ! હૃદયથી આટલો ચંચલ કેમ છે. દોડી દોડીને દુઃખી થઈશ -બહાર તો કંઈ જ નહીં મળે. કારણ કે સુખનો નિધિ તો તારી પાસે જ છે. સ્થિર થા, પછી જો આપોઆપ પ્રગટ થશે.

સુખ બહાર નહીં અન્દર જ છે.

ज्ञानदुग्धं विनश्येत, लोभविक्षोभकूर्चकैः ।
अम्लद्रव्यादिवास्थैर्यादिति मत्वा स्थिरो भव ॥२॥

## સમશ્લોક

લોભ વિક્ષોભના કૂચા, અસ્થૈર્યાદિની અમ્લતા;
જ્ઞાનનું દૂધ ફાડી દે, બૂઝીને વત્સ! સ્થિર થા.

## સ્પષ્ટાર્થ

અસ્થિરતા ખાટા પદાર્થ જેવી છે. એનાથી જ્ઞાનરૂપી દૂધ ફાટી જાય છે. એટલે કે જ્ઞાન વિકૃત થઈ જાય છે - નકામું થઈ જાય છે. લોભ અને વિક્ષોભના કૂચામાં પરિણમે છે. એમ જાણીને સ્થિર થા.

ચંચલતાનો ત્યાગ કર.

अस्थिरे हृदये चित्रा, वाङ्नेत्राकारगोपना ।
पुंश्चल्या इव कल्याण-कारिणी न प्रकीर्तिता ॥३॥

## સમશ્લોક

**ડોળ દેખાવ ભારેલી, કુલટાની લજ્જા સમી;**
**અથિરીને ઉપરછલ્લી, ક્રિયાથી કાંઈ ન વળે.**

## સ્પષ્ટાર્થ

કુલટા નારી બહાર બહુ જ લજ્જા અને સ્થિરતા-સતીત્વનો ડોળ કરે છે પણ એથી એ સતીત્વ મેળવતી નથી. એમ ધર્મક્રિયા કરવા છતાં અન્દર સંસાર-વાસનાની અસ્થિરતા ભરી હોય તો આવી ધર્મક્રિયાથી કાંઈ જ કલ્યાણ સધાતું નથી.

બાહ્ય ક્રિયાથી ભરમાવું નહીં.

अन्तर्गतं महाशल्यमस्थैर्यं यदि नोद्धृतम् ।
क्रियौषधस्य को दोषस्तदा गुणमयच्छतः ॥४॥

## સમશ્લોક

**અસ્થૈર્યનું મહાશલ્ય, ચિત્તમાંથી ન ઉદ્ધર્યું;**
**ધર્મૌષધ ફળે ના તો, એમાં શો દોષ ધર્મનો?**

## સ્પષ્ટાર્થ

મનની અસ્થિરતા રૂપી મહાશલ્ય જ્યાં સુધી બહાર કાઢવામાં ન આવે ત્યાં સુધી ધર્મ ક્રિયા રૂપ ઔષધની અસર ન થાય - ભવરોગ ન ટળે તો એમાં ઔષધનો શો વાંક ?

અસ્થિરોને ક્રિયા ફળતી નથી.

स्थिरता वाङ्मनःकायैर्येषामङ्गाङ्गितां गता ।
योगिनःसमशीलास्ते, ग्रामेऽरण्ये दिवानिशि ॥५॥

## સમશ્લોક

**મનો વાક્કાયથી સ્થૈર્ય, રોમે રોમે વસી ગયું;**
**વન-ગ્રામ, દિવા-રાત્રિ, તે યોગીને સમાન છે.**

## સ્પષ્ટાર્થ

જે યોગીઓ મન, વચન અને કાયાથી સ્થિરતા સાથે અંગાંગીભાવ પામ્યા છે - સ્થિરતામય થયા છે તેમને મન વન કે ગામ, દિવસ કે રાત (સુખ કે દુઃખ, મોક્ષ કે સંસાર) બધું એક સરખું છે.

સ્થિરતાથી વિષમતા ટળે ને સમતા મળે.

स्थैर्यरत्नप्रदीपश्चेद्, दीप्रः संकल्पदीपजैः ।
तद्विकल्पैरलं धूमै-रलं धूमैस्तथाऽऽस्रवैः ॥६॥

## સમશ્લોક

'સંકલ્પ' દીપ-ઉત્પન્ન, વિકલ્પ ધૂમ, આસ્રવે;
શાને મુઝાવું? દીપે જો, સ્થિરતા રત્નનો દીવો.

## સ્પષ્ટાર્થ

સ્થિરતા રૂપી રત્નદીપ જ્યારે ઝળહળવા માંડે છે ત્યારે સંકલ્પનો દીવો રહેતો નથી; એનો વિકલ્પ રૂપ ધુમાડો રહેતો નથી. અને આસ્રવોની મલિનતા રૂપી ધુમાડો પણ રહેતો નથી. સર્વત્ર સૌમ્ય અને સ્વચ્છ પ્રકાશ - આત્મપ્રકાશ એકધારો વિસ્તરી રહે છે.

સ્થિરતાથી વિકલ્પો અને આસ્રવો દૂર થાય છે.

उदीरयिष्यसि स्वान्तादस्थैर्यं पवनं यदि ।
समाधेर्धममेघस्य, घटां विघटयिष्यसि ॥७॥

## સમશ્લોક

અસ્થૈર્ય વાયુને સ્હેજે, છંછેડયો તો વિખેરશે;
ધર્મમેઘ સમાધિની ઘટાઃ માટ ન છેડશો

## સ્પષ્ટાર્થ

અસ્થિરતા વંટોળિયો છે. એને સહેજ પણ છેડયો તો ધર્મરૂપી મેઘની જામેલી ઘટાને વિખેરી નાંખશે. માટે અસ્થિરતાને તો છેડવી જ નહીં. એટલે જરાય અસ્થિર ન થવું.

અસ્થિરતા ધર્મનો નાશ કરે છે.

चारित्रं स्थिरतारुपमतः सिद्धेष्वपीष्यते ।
यतन्तां यतयोऽवश्यमस्या एव प्रसिद्धये ॥८॥

## સમશ્લોક

સ્થિરત્વ એ જ ચારિત્ર, સિદ્ધોમાં પણ ઈષ્ટ છે;
સાધુએ મથવું નિશ્ચે સ્થિરત્વ-સિદ્ધિ પામવા.

## સ્પષ્ટાર્થ

યોગની સ્થિરતા એ જ ચારિત્ર છે. એટલે તો સિધ્ધોમાં ભલે ક્રિયારૂપ ચારિત્ર ન હોય પણ સ્થિરતા રૂપ ચારિત્ર તો છે જ માટે મુનિજનોએ સ્થિરતા-રૂપી ચારિત્ર પામવા માટે અવશ્ય યત્ન કરવો.

સ્થિરતા એ જ ચારિત્ર છે માટે સ્થિર થા.

अहं ममेति मंन्त्रोऽयं, मोहस्य जगदान्ध्यकृत् ।
अयमेव हि नञ्पूर्वः, प्रतिमन्त्रोऽपि मोहजित् ॥१॥

## સમશ્લોક

**'હું' 'મારું' મન્ત્રથી મોહે, વિશ્વને આંધળું કર્યું;**
**મોહને જીતનારા બે મન્ત્રો 'ન હું' 'ન મારું' છે.**

## સ્પષ્ટાર્થ

મોહે જગતને બે મન્ત્રો આપ્યા એક 'હું' અને બીજો 'મારું' અને જગત ને મોહમાં આંધળું કરી મૂક્યું છે. પણ આના બે મારણ મન્ત્રો છે 'ન હું' અને 'ન મારું' આનાથી મોહ જિતાય છે.

અહમ્ અને મમત્વ દૂર કરવાથી મોહ ઘટે છે અને અન્તે નાશ પામે છે.

शुद्धात्मद्रव्यमेवाहं, शुद्धज्ञानं गुणो मम ।
नान्योऽहं न ममान्ये चेत्यदो मोहास्त्रमुल्बणम् ॥२॥

## સમશ્લોક

શુદ્ધાત્મ દ્રવ્ય હું છું ને, શુદ્ધજ્ઞાન ગુણી છું હું;
'હું ન અન્ય, ન મારું કો', શસ્ત્ર આ મોહ મારક.

## સ્પષ્ટાર્થ

હું શુધ્ધ આત્મ દ્રવ્ય છું. શુધ્ધ જ્ઞાનનો ગુણ ધરાવું છું. તે સિવાય હું 'અન્ય' નથી. અને 'અન્ય' કશું મારું નથી. આવું ચિન્તન મોહનો નાશ કરવાનું પ્રચંડ શસ્ત્ર છે.

સ્વભાવમાં લીન રહો વિભાવથી દૂર રહો.

यो न मुह्यति लग्नेषु, भावेष्वौदयिकादिषु ।
आकाशमिव पङ्केन, नासौ पापेन लिप्यते ॥३॥

## સમશ્લોક

ઔદયિકાદિ લાગેલા, ભાવોમાં ન મૂંઝાય જે;
પાપથી તે ન લેપાય, જેમ આકાશ પંકથી.

## સ્પષ્ટાર્થ

ઔદયિક ભાવ-કર્મના ઉદયથી મળતાં સુખ-દુઃખમાં જે મૂંઝાતો નથી, રાગ-દ્વેષ કરતો નથી તે પાપ કર્મથી ખરડાતો નથી. જેમ આકાશ કાદવથી ખરડાતું નથી તેમ.

સુખમાં રાગથી ન મૂંઝા, દુઃખમાં દ્વેષથી ન મૂંઝા !

पश्येन्नेव परद्रव्य-नाटकं प्रतिपाटकम् ।
भवचक्रपुरस्थोऽपि, नामूढः परिखिद्यति ॥४॥

## સમશ્લોક

**સંસાર ચક્રનો વાસી, નાટકો પર દ્રવ્યનાં;**
**ઠેર ઠેર નિહાળીને, મૂઢ કંટાળતો નથી.**

## સ્પષ્ટાર્થ

સંસાર ચક્રમાં ફસાયેલો પામર ઠેર ઠેર, પળે પળે પુદ્‌ગલના ખેલ નિહાળ્યા જ કરે છે તો પણ મૂઢને કંટાળો નથી આવતો.

સંસારની માયાજાળ આત્મસંવેદનો હરી લે છે.

विकल्पचषकैरात्मा, पीतमोहासवो ह्ययम् ।
भावोच्चतालमुत्ताल - प्रपंचमधितिष्ठति ॥५

## સમશ્લોક

**વિકલ્પ મદિરા પાત્રે, પી મોહાસવ, આતમા;**
**કુચેષ્ટાપૂર્ણ સંસાર-મદ્યશાળે પડી રહ્યો.**

## સ્પષ્ટાર્થ

વિકલ્પ રૂપી મદિરાના પાત્રમાંથી મોહમદિરા પીને આત્મા છાકટો થઈને સંસાર-રૂપી મદ્યશાળામાં પડી રહ્યો છે.

મોહ વિવેકનો નાશ કરે છે.

निर्मलंस्फटिकस्येव, सहजं रूपमात्मनः ।
अध्यस्तोपाधिसम्बन्धो, जडस्तत्र विमुह्यति ॥६॥

## સમશ્લોક

**શુદ્ધ સ્ફટિક જેવું છે, સ્વભાવી રૂપ આત્મનું;**
**સમ્બન્ધો તો પ્રકલ્પેલા, તેમાં જડ મૂંઝાય છે.**

## સ્પષ્ટાર્થ

આત્માનું સ્વરૂપ તો નિર્મલ સ્ફટિક જેવું છે. એમાં ઉપાધિ-સમ્બન્ધો તો કલ્પનાથી સ્થપાયેલા છે. તેને અવિવેકી મૂઢો સાચા માનીને વ્યર્થ સુખી અથવા દુઃખી થાય છે.

આત્મા એ જ આત્માનો, બાકી બધું પર.

अनारोपसुखं मोहत्यागादनुभवन्नपि ।
आरोपप्रियलोकेषु वक्तुमाश्चर्यवान्भवेत् ॥७॥

## સમશ્લોક

મોહના ત્યાગથી માણ્યાં, અનારોપ સુખો છતાં
આરોપપ્રિય લોકોને, વાણીમાં ન કહી શકે.

## સ્પષ્ટાર્થ

મોહનો ત્યાગ થવાથી આત્માને અનારોપ સુખ એટલે સહજ સુખનો અનુભવ થાય છે તે વાણી દ્વારા વ્યક્ત થઈ શકે એવો ન હોવાથી આરોપ-સુખના પ્રેમીને એટલે પુદ્‌ગલના જૂઠા સુખના પ્રેમીને વર્ણવી બતાવાય એવો નથી. એ માટે વાણી પાંગળી છે.

સહજ સુખ અવર્ણનીય - અવાચ્ય છે.

यश्चिद्दर्पणविन्न्यस्त - समस्ताचारचारुधीः ।
क्व नाम स परद्रव्येऽनुपयोगिनि मुह्यति ॥८॥

## સમશ્લોક

જ્ઞાન દર્પણે સ્થાપિત-પંચાચારમયી મતિ;
યોગીનાં મોહ ના પામે, વ્યર્થ પર દ્રવ્ય-જાળમાં.

## સ્પષ્ટાર્થ

આત્મા સ્વયં જ્ઞાનરૂપ છે અને તે જ્ઞાનદર્પણમાં જ્ઞાનાચારાદિ પાંચે આચારના પ્રતિબિમ્બ વડે સુન્દર બુધ્ધિથી તે યુક્ત થયો છે તેથી વ્યર્થ-અનુપયોગી પરદ્રવ્યની જાળમાં તે મોહ પામતો નથી.

જ્ઞાની આત્મા વ્યર્થ સંસારસુખમાં મોહ પામતો નથી.

मज्जत्यज्ञः किलाज्ञाने, विष्टायामिव शूकरः ।
ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥१॥

## સમશ્લોક

અજ્ઞ અજ્ઞાનમાં ન્હાય, વિષ્ટામાં જેમ શૂકર;
જ્ઞાની જ્ઞાને ઝીલે જેમ, હંસ માન સરોવરે.

## સ્પષ્ટાર્થ

જેમ ડુકકર વિષ્ટામાં-કાદવમાં આળોટે છે તેમ અજ્ઞાની અજ્ઞાનમાં જ ન્હાય છે જ્યારે જ્ઞાની રાજહંસની જેમ માનસરોવરમાં જ ઝીલે છે - તર્યા કરે છે.

જ્ઞાની શુધ્ધતામાં જ રાચે છે. અજ્ઞાનીને મલિનતા જ ગમે છે.

निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः ।
तदेव ज्ञानमुत्कृष्टं, निर्बन्धो नास्ति भूयसा ॥२॥

## સમશ્લોક

માત્ર નિર્વાણ જે ધ્યાવે, વારંવાર પળે પળે;
તે જ છે જ્ઞાન ઉત્કૃષ્ટ, ઝાઝું કાંઈ ન જોઈએ.

## સ્પષ્ટાર્થ

ઘણું ભણેલો હોય એ જ જ્ઞાની કહેવાય એવું કાંઈ નથી. ખરેખર તો વારંવાર નિર્વાણ પદનું ધ્યાન કરે એ જ ઉત્કૃષ્ટ અને સાચો જ્ઞાની છે.

જ્ઞાનીની સાર્થકતા મોક્ષાભિલાષ જ છે.

स्वभावलाभसंस्कार-कारणं ज्ञानमिष्यते ।

ध्यान्ध्यमात्रमतस्त्वन्यत्, तथा चोक्तं महात्मना ॥३॥

## સમશ્લોક

સ્વભાવ લાભ સંસ્કાર, આપે જે તે જ જ્ઞાન છે;

બાકીનું જ્ઞાન બુદ્ધિનો, અંધાપો યોગીઓ કહે.

## સ્પષ્ટાર્થ

આત્મ સ્વભાવનો લાભ કરાવી આપનાર સંસ્કારોને જગાડે છે એ જ ખરેખર જ્ઞાન છે. આ ન હોય અને ખાલી ભણતરના ઢગલા હોય તો તેને તો મહાત્માઓ આંધળું જ્ઞાન અથવા બુધ્ધિનું અન્ધત્વ કહે છે.

જે જ્ઞાન મુક્તિદર્શન ન કરાવે એ જ્ઞાન આંધળું છે.

वादांश्च प्रतिवादांश्च, वदन्तोऽनिश्चितांस्तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद्गतौ ॥४॥

## સમશ્લોક

**વાદો કે પ્રતિવાદોથી, નિષ્કર્ષ ન પમાય કૈં;**
**ન તત્ત્વ સુધી પોંચાડે, ઘાંચીના બેલની પરે.**

## સ્પષ્ટાર્થ

જેમ ઘાણીનો બેલ સતત ચાલ્યા જ કરે તો પણ તે સતત ગતિ કરવા છતાં લેશ પણ પ્રગતિ કરી શકતો નથી તેમ છ માસ સુધી વાદ-પ્રતિવાદ કરીને ગળું સૂકવી કાઢે તોય તત્ત્વ પામી શકાતું નથી.

તત્ત્વ તો અનુભવથી જ મળે છે.

स्वद्रव्यगुणपर्याय-चर्याचर्या पराऽन्यथा ।
इति दत्तात्मसन्तुष्टिर्मुष्टिज्ञानस्थितिर्मुनेः ॥५॥

## સમશ્લોક

**સ્વદ્રવ્ય ગુણ પર્યાય ચર્યા - સારી, બૂરી બીજી;**
**સંક્ષેપે જ્ઞાન સારાંશ, આત્માને તુષ્ટિ દે મુનિ.**

## સ્પષ્ટાર્થ

આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાય જ વિચાર્યા કરવા એ જ સાચી પરિણતિ છે. પર દ્રવ્યની ચર્યા વ્યર્થ છે. આટલું વિચારી જે મુનિ આત્મ સંતુષ્ટ થાય છે. તે જ સંક્ષેપમાં રહસ્ય પામ્યા છે. આવી સ્થિતિ એટલે મર્યાદા મુનિની હોય છે.

સ્વનો આદર, પરનો ત્યાગ એ જ જ્ઞાનનું મર્યાદિત રહસ્ય છે.

अस्ति चेद् ग्रन्थिभिज्ज्ञानं, किं चित्रैस्तन्त्रयन्त्रणैः ।
प्रदीपाः क्वोपयुज्यन्ते ? तमोघ्नी दृष्टिरेव चेत् ॥६॥

## સમશ્લોક

ગ્રન્થી ભેદે મળ્યું જ્ઞાન, પછી શું કામ શાસ્ત્રનું?
વહે જો તેજ આંખોથી, દીવાનું પછી કામ શું?

## સ્પષ્ટાર્થ

રાગદ્વેષની ગ્રન્થી ભેદાયા પછી જે આત્મજ્ઞાન મળ્યું તે પછી શાસ્ત્રો ભણવાની જરૂર રહેતી નથી. જેવી રીતે સ્વયં આંખમાંથી જ પ્રકાશ વહેતો હોય તો દીવાની જરૂર રહેતી નથી તેમ. ગ્રન્થીભેદ - જન્ય જ્ઞાન સ્વયંપ્રકાશી છે. એને શાસ્ત્રના પ્રકાશની જરૂર નથી.

मिथ्यात्वशैलपक्षच्छिद्, ज्ञानदम्भोलिशोभितः ।
निर्भयः शक्रवद् योगी, नन्दत्यानन्दनन्दने ॥७॥

## સમશ્લોક

મિથ્યાત્વ ગિરિની પાંખો, છેદીને જ્ઞાન વજ્રથી;
શક્ર શો 'નન્દને' યોગી, સહજાનન્દ ભોગવે.

## સ્પષ્ટાર્થ

ઈન્દ્રે જેમ મૈનાક પર્વતની પાંખો વજ્ર વડે કાપી નાંખી હતી તેમ શક્રેન્દ્ર જેવા મુનિ જ્ઞાન-વજ્રથી મિથ્યાત્વ ગિરિની પાંખો કાપી નાંખીને જ્ઞાનાનન્દ રૂપી નન્દનવનમાં આનન્દ કરે છે. - સમ્યગ્ - જ્ઞાની મુનિ ઈન્દ્ર સમા બળવાન છે.

पीयूषमसमुद्रोत्थं, रसायनमनौषधम् ।
अनन्यापेक्षमैश्वर्यं, ज्ञानमाहुर्मनीषिण: ।।८।।

## સમશ્લોક

અસામુદ્રી સુધા જ્ઞાન, રસાયન અનૌષધ;
ઐશ્વર્ય પણ સ્વાયત્ત, એ જ ઐશ્વર્ય જ્ઞાન છે.

## સ્પષ્ટાર્થ

સમુદ્રમાંથી નથી નીકળ્યું એવું અમૃત છે, ઔષધોમાંથી નથી બન્યું એવું રસાયન છે, કોઈ અન્ય દ્રવ્યોનું નથી દીધું એવું ઐશ્વર્ય છે. આ અમૃત, આ રસાયન, આ ઐશ્વર્ય એ જ સ્વયં સંભૂત આત્મજ્ઞાન છે.

આત્મજ્ઞાનના અદ્ભુતબળને કોઈ આધારની જરૂર નથી.

विकल्पविषयोत्तीर्णः, स्वभावालम्बनः सदा ।
ज्ञानस्य परिपाको यः स शमः परिकीर्तितः ॥१॥

## સમશ્લોક

**વિકલ્પ વિષયો પાર્યા, આલમ્બન સ્વભાવનું;**
**તે જ જ્ઞાન પરિપાક, શાસ્ત્રમાં 'શમ' વર્ણવ્યો.**

## સ્પષ્ટાર્થ

ગમા-અણગમાના ભ્રાન્ત વિકલ્પોના અફાટ વિસ્તારનો પાર પામી ગયેલા, 'સ્વભાવ'ના જ આલમ્બનવાળા જ્ઞાનના પરિપાક રૂપે 'શમ'-સમતા યોગ પ્રાપ્ત કરે છે. (અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય એમ પાંચ યોગ છે.)

નિર્વિકલ્પ આત્મા સમતા પામે છે.

अनिच्छन् कर्मवैषम्यं, ब्रह्मांशेन समं जगत् ।
आत्माभेदेन यः पश्येदसौ मोक्षं गमी शमी ॥२॥

## સમશ્લોક

કર્મ વૈષમ્યને ટાળે, બ્રહ્માંશી સમ વિશ્વને;
અભિન્ન આપથી જાણે, તે શમી મોક્ષ પામશે.

## સ્પષ્ટાર્થ

કર્મની વિષમતાથી ઊભા થયેલા ઊંચ-નીચના ભેદ ને જે ગણતો નથી. બ્રહ્મના અંશ સમું જ એટલે ચૈતન્ય-સત્તા સ્વરૂપે સચરાચર જગતને આત્માથી અભિન્ન જૂએ છે - જાણે છે, તે સમતા-યોગી અવશ્ય મોક્ષ પામશે.

મોક્ષનું મૂળ કારણ સમતા છે.

आरुरुक्षुर्मुनियोंगं श्रयेद् बाह्यक्रियामपि ।
योगारूढः शमादेव शुध्यत्यन्तर्गतक्रियः ॥३॥

## સમશ્લોક

પામવા યોગ ઈચ્છુક, ક્રિયા બાહ્ય સમાચરે;
શમ અન્તરક્રિયા પાખે, યોગ શુદ્ધિ ન સંભવે.

## સ્પષ્ટાર્થ

યોગ પામવાનો ઈચ્છુક બાહ્યક્રિયા આચરે છે પણ યોગારૂઢ તો શમ-સમતા પામ્યા હોવાથી અભ્યન્તર ક્રિયાથી જ શુધ્દ થાય છે. એમને બાહ્યક્રિયાની આવશ્યકતા રહેતી નથી.

સિધ્દયોગી તો રાગદ્વેષના અભાવથી-ઉપશમથી જ કૃતાર્થ છે. તેને 'અસંગ' અનુષ્ઠાન

ध्यानवृष्टेर्दयानद्याः, शमपूरे प्रसर्पति ।
विकार - तीरवृक्षाणां मूलादुन्मूलनं भवेत् ॥४॥

## સમશ્લોક

**દયાની નદીમાં ધ્યાન-વૃષ્ટિથી ઉપશાન્તિના;**
**ઘોડાપૂરે કિનારાનાં, પાપવૃક્ષો તૂટી પડે.**

## સ્પષ્ટાર્થ

'ધ્યાન'નો વરસાદ પડે અને દયારૂપી નદીમાં સમતાનાં ઘોડાપૂર ચઢે ત્યારે કિનારે અડીખમ ઊભેલાં પાપના વૃક્ષો તૂટી પડે છે.

ધ્યાનથી વિકારો નાશ પામે છે.

ज्ञानध्यानतपः शील-सम्यक्त्ववसहितोऽप्यहो ।
तं नाप्नोतिगुणं साधुर्यमाप्नोति शमान्वितः ॥५॥

## સમશ્લોક

**સમ્યકત્વી જ્ઞાની ને ધ્યાની, તપસ્વી શીલવાન્ મુનિ;**
**પામે ન તે ગુણો તેવા, જેવા પામે શમાન્વિત!!**

## સ્પષ્ટાર્થ

જ્ઞાની, ધ્યાની, ઈચ્છાનિરોધ આદિ બારે પ્રકારના તપસ્વી, બ્રહ્મચારી તથા તત્ત્વ શ્રધ્ધાળુ સમકિતીઃ આટલા ગુણો ધરાવનાર પણ જે ફળ શમ ગુણધારી સાધક પામે છે, તે ફળ નથી પામતા. સમતા ઘણો જ ચઢિયાતો ગુણ છે.

स्वयंभूरमणस्पर्द्धि-वर्धिष्णु - समता-रसः ।
मुनिर्येनोपमीयेत कोऽपि नासौ चराचरे ॥६॥

## સમશ્લોક

સ્વયંભૂરમણસ્પર્દ્ધી, સાધુનો સમતા રસ!
વાધેઃ બરાબરી તેની, બ્રહ્માંડે સંભવે નહીં.

## સ્પષ્ટાર્થ

સ્વયંભૂરમણ સમુદ્રના મોજાં સાથે સ્પર્ધા કરતા અને વધતા ને વધતા જ રહેતા સાધુના સમતારસની બરાબરી ચરાચર બ્રહ્માંડમાં કોઈ જ કરી શકે એમ નથી.

સાધુનો સમતારસ અદ્વિતીય છે.

शमसूक्तसुधासिक्तं, येषां नक्तं दिनं मनः ।
कदाऽपि ते न दह्यन्ते, रागोरगविषोर्मिभिः ॥७॥

## સમશ્લોક

શમવાણી સુધાભીનું રાત-દી ચિત્ત, તેમને;
રાગના નાગનું ઝેર, દઝાડી શકતું નથી.

## સ્પષ્ટાર્થ

'શમ' વાણી-અમૃતથી જેમનું ચિત્ત રાત-દિવસ ભીંજાયેલું રહે છે તેમને રાગના નાગનું ઝેર બળતરા આપી શકતું નથી.

સમતાસુધા રાગના ઝેરનું મારણ છે

गर्जज्ज्ञानगजोत्तुंगरंगध्यानतुरंगमाः ।
जयन्ति मुनिराजस्य, शम-साम्राज्यसंपदः ॥८॥

## સમશ્લોક

**જ્ઞાન હાથી સદા ગાજે, ખેલતા ધ્યાન ઘોડલા;**
**સાધુનું શમ સામ્રાજ્ય, જયવન્તુ વર્તે જગે.**

## સ્પષ્ટાર્થ

સાધુ સમ્રાટ છે. 'શમ' એમનું સામ્રાજ્ય છે. એમના રાજદ્વારે જ્ઞાન હાથી ગાજતા રહે છે અને ધ્યાન-અશ્વો ખેલતા રહે છે. સાધુનું આવું સામ્રાજ્ય જગતમાં સદાય જયવન્ત રહે છે.

विभेषि यदि संसाराद्, मोक्षप्राप्तिं च कांक्षसि ।
तदेन्द्रियजयं कर्तुं, स्फोरय स्फारपौरुषम् ॥१॥

## સમશ્લોક

**લાગે સંસારની ભીતિ, ઇચ્છે જો મોક્ષ પામવા;**
**ધર્મનું યુદ્ધ ખેલી લે, ઇન્દ્રિયોને હરાવવા.**

## સ્પષ્ટાર્થ

સંસારનો ભય લાગતો હોય અને મોક્ષ મેળવવાની આકાંક્ષા હોય તો ઈન્દ્રિયો પર વિજય મેળવવા માટે જ્વલંત પુરૂષાર્થ સ્ફોરવીને ધર્મયુધ્ધ ખેલ. ઈન્દ્રિય વિજય એટલે ઈન્દ્રિયના વિષયો પરનો વિજય નહીં પણ એમાં ઉદ્ભવતાં ગમા-અણગમાના ભાવ પર વિજય મેળવવો એ.

वृद्धास्तृष्णाजलापूर्णैरालवालैः किलेन्द्रियैः ।
मूर्च्छामतुच्छां यच्छन्ति, विकारविषपादपाः ॥२॥

## સમશ્લોક

**ઇન્દ્રિયોના ભર્યા ક્યારા, તૃષ્ણાના જલથી સીંચે;**
**વિકાર વિષ વૃક્ષો જે, ગાઢ મૂર્છા પમાડતા.**

## સ્પષ્ટાર્થ

તૃષ્ણાના જલથી ભરેલા ઈન્દ્રિય રૂપ ક્યારામાં ઊછરેલાં વિકારના ઝેરીલાં ઝાડો ખરેખર, ગાઢ મૂર્ચ્છા પમાડે છે.

આસક્તિથી મોહ ગાઢ થાય છે.

सरित्सहस्रादुष्पूर-समुद्रोदरसोदरः ।
तृप्तिमान् नेन्द्रियग्रामो, भव तृप्तोऽन्तरात्मना ॥३॥

## સમશ્લોક

**ન પુરાય નદીઓથી, સમુદ્ર: એવી ઇન્દ્રિયો;**
**થશે ન તૃપ્ત માટે તું, તારામાં તૃપ્તિ પામી લે.**

## સ્પષ્ટાર્થ

હજારો નદીઓ ઠલવાય તોય સમુદ્ર ભરાતો નથી એમ ઈન્દ્રિય સુખ ગમે એટલા ભોગવો તો પણ તૃપ્તિ થતી નથી. માટે અન્દરના આત્મસુખનો અનુભવ કર અને તૃપ્ત થા.

તૃપ્તિ ભોગમાં નથી ત્યાગમાં છે.

आत्मानं विषयैः पाशैर्भववासपराङ्मुखम् ।
इन्द्रियाणि निबध्नन्ति, मोहराजस्य किंकराः ॥४॥

## સમશ્લોક

**ઇન્દ્રિયો મોહની દાસી, ભોગ પાશ લઈ કરે;**
**ભવ વાસ વિમુખોને, એ મુશ્કેટાટ બાંધવા.**

## સ્પષ્ટાર્થ

સંસારથી વિમુખ થયેલા આત્માને વિષયના પાશમાં બાંધવા માટે મોહરાજ પોતાની દાસીઓ એવી ઈન્દ્રિયો દ્વારા કામ લે છે. ( મોહરાજાને રાગકેસરી પુત્ર છે. વિષયાભિલાષ પ્રધાન છે અને ઈન્દ્રિયો સન્તતિ છે.)

ઈન્દ્રિયો આત્માને મોહપાશથી બાંધે છે.

गिरिमृत्स्नां धनं पश्यन्, धावतीन्द्रियमोहितः ।
अनादिनिधनं ज्ञान-धनं पार्श्वे न पश्यति ॥५॥

## સમશ્લોક

**પર્વતે સ્વર્ણ માટી જે જોઈ દોડેઃ નજીકનાં;**
**ઇન્દ્રિયમૂઢ દેખે ના, શાશ્વત ધન જ્ઞાનને.**

## સ્પષ્ટાર્થ

ઈન્દ્રિયમૂઢ જીવો પર્વતની માટીમાં સુવર્ણરજત આદિ ધન જૂએ છે અને ત્યાં દોડી મરે છે. જ્યારે આત્મામાં રહેલાં પોતાની પાસે પડેલાં શાશ્વત જ્ઞાન ધનને જોતા નથી.

આત્મામાં રહેલું શાશ્વત જ્ઞાનધન વિરલ જ જોઈ શકે છે.

पुरः पुरः स्फुरत्तृष्णा, मृगतृष्णानुकारिषु ।
इन्द्रियार्थेषु धावन्ति, त्यक्त्वा ज्ञानामृतं जडाः ॥६॥

## સમશ્લોક

**જેમ જેમ વધે તૃષ્ણા, જ્ઞાન પીયૂષ છોડી એ;**
**મૂકે છે આંધળી દોટ, ઇન્દ્રિય-ઝાંઝવાં ભણી.**

## સ્પષ્ટાર્થ

જડ-મૂર્ખ જીવો જેમ જેમ તૃષ્ણા વધતી જાય છે તેમ તેમ જ્ઞાનથી ભરેલા સમીપવર્તી અમૃતકુમ્ભને છોડીને ઈન્દ્રિય સુખના દૂર દૂરનાં ઝાંઝવાં ભણી આંધળી દોટ મૂકે છે.

જ્ઞાન-અમૃતનું સુખ નક્કર વાસ્તવિકતા છે જ્યારે ઈન્દ્રિય સુખ મૃગજળ સમું છે.

पतङ्गभृङ्गमीनेभ-सारङ्ग यान्ति दुर्दशाम् ।
एकैकेन्द्रियदोषाच्चेद्, दुष्टैस्तैः किं न पञ्चभिः ? ॥७॥

## સમશ્લોક

પતંગ ભૃંગ ને મીન, હાથી મૃગ મરી ગયાં,
એકેક ઇન્દ્રીના વાંકે, જયાં પાંચે પૂછવું જ શું ?

## સ્પષ્ટાર્થ

રૂપથી પતંગિયું, ગન્ધથી ભ્રમર, રસથી મીન, સ્પર્શથી હાથી અને સુરથી મૃગ અવદશા પામે છે તો પાંચેમાં એક સાથે આસક્ત રહેનારની મહાન અવદશાનું તો પૂછવું જ શું!?

विवेकद्वीपहर्यक्षैः, समाधिधनतस्करैः ।
इन्द्रियै र्न जितो योऽसौ, धीराणां धुरि गण्यते ॥८॥

## સમશ્લોક

**વિવેક હાથી હન્તા સિંહ, સમાધિ ધન તસ્કરી;**
**પડ્યો ના ઇન્દ્રીના પાલે, ધન્ય તે ધીરમાં ધુરિ.**

## સ્પષ્ટાર્થ

વિવેકરૂપી હાથીને હણવામાં સિંહ જેવી અને નિર્વિકલ્પ સમાધિને ચોરી લેવા તસ્કર સમી ઇન્દ્રિયોથી જે આત્મા જિતાયો નથી તે ધીર પુરૂષોમાં મુખ્ય ગણાય છે.

संयतात्मा श्रये शुद्धोपयोगं पितरं निजम् ।
धृतिमम्बां च पितरौ तन्मां विसृजतं ध्रुवम् ॥१॥

## સમશ્લોક

**સંયમાર્થી હું સ્વીકારું, તાત 'શુદ્ધોપયોગ'ને**
**'ધૃતિ'ને માત : સંસારી, મા-બાપ છોડજો મને.**

## સ્પષ્ટાર્થ

હું સંયમ લેવા તત્પર છું. 'શુદ્ધોપયોગ' ને મેં મારા પિતા સ્વીકાર્યા છે તથા 'ધૃતિ'ને મારી માતા સ્વીકારી છે માટે મારા જન્મદાતા માતા-પિતા મને વિદાય આપશો.

युष्माकं संगमोऽनादिर्बन्धवोऽनियतात्मनाम् ।
ध्रुवैकरूपान् शीलादि-बन्धूनित्यधुना श्रये ॥२॥

## સમશ્લોક

**બન્ધુઓ જૂજવે રૂપે, અનાદિ સંગ આપણો;**
**ત્યજીને આશરો નિત્ય શીલાદિ બન્ધુનો ગ્રહું.**

## સ્પષ્ટાર્થ

હે બન્ધુઓ અનાદિ કાળથી જૂજવે રૂપે ઘણા સમ્બન્ધે બન્ધાયા એ બધાનો ત્યાગ કરીને શીલ, સત્ય, શમ, દમ, સન્તોષ આદિને અવિચલિત સ્વરૂપ હોવાથી બન્ધુ તરીકે સ્વીકારું છું.

कान्ता मे समतैवैका, ज्ञातयो मे सर्मक्रिया: ।
बाह्यवर्गमिति त्यक्त्वा, धर्मसन्न्यासवान् भवेत् ॥३॥

## સમશ્લોક

**પ્રિય છે સમતા મારી, નાતીલા સહ સાધકો;**
**સંસારી વર્ગ છોડીને, ધર્મ સન્યાસ આદરું.**

## સ્પષ્ટાર્થ

પ્રિયા તરીકે સમતાને અને જ્ઞાતિજનો તરીકે સહ-સાધકો ને સ્વીકારું છું. બાહ્યસમ્બન્ધોનો ત્યાગ કરીને ધર્મ-સન્યાસ આદરું છું.

સદ્ગુણોનું સગપણ જ સાચું છે. સંસારીનું સગપણ કાચું છે.

धर्मास्त्याज्याः सुसङ्गोत्थाः, क्षायोपशमिका आपि ।
प्राप्य चन्दनगन्धाभं, धर्मसन्न्यासमुत्तमम् ॥४॥

## સમશ્લોક

**ક્ષાયિક ધર્મ સન્યાસ, પામી ચન્દન ગન્ધશો;**
**સત્સંગે ધર્મ જે પામ્યા, તેને ય ત્યજવા રહ્યા.**

## સ્પષ્ટાર્થ

ચન્દન અને ગંધ જેમ એકરૂપી છે તેમ ક્ષાયિક ભાવ આત્મસ્વરૂપી ધર્મ સન્યાસ પ્રાપ્ત થઈ જવાથી; સત્સંગથી પ્રાપ્ત થયેલા ક્ષમા ધર્મોનો પણ ત્યાગ કરું છું.

गुरुत्वं स्वस्यनोदेति, शिक्षासात्म्येन यावता ।
आत्मतत्त्वप्रकाशेन, तावत्सेव्यो गुरूत्तमः ।।५।।

## સમશ્લોક

'શિક્ષા' ફળ પરિણામી, આત્મ તત્ત્વ પ્રકાશથી;
ગુરુત્વ જયાં સુધી નાવે, ઉત્તમ ગુરુ સેવવા.

## સ્પષ્ટાર્થ

વ્રત ગ્રહણ કરી પાળવાના પરિણામે અને તમારી કૃપાથી જ્યાં સુધી વાસ્તવિક ગુરુભાવ મારામાં પ્રગટ ન થાય ત્યાં સુધી હે ગુરૂત્તમ મારે તમારી સેવા કરવાની રહેશે.

પોતાનામાં ગુરુભાવ પ્રગટ્યા પછી ગુરુસેવાની આવશ્યકતા રહેતી નથી.

ज्ञानाचारादयोऽपीष्टाः, शुद्धस्वस्वपदावधि ।
निर्विकल्पे पुनस्त्यागे, न विकल्पो न वा क्रिया ।।६।।

## સમશ્લોક

**જ્ઞાનાચારાદિ છે ઇષ્ટ, સ્વ સ્વ સીમા સુધી પછી;**
**નિર્વિકલ્પ દશામાં તો, ન વિકલ્પ ન કે ક્રિયા.**

## સ્પષ્ટાર્થ

જ્ઞાનચાર આદિ આચારો પણ એક સીમા સુધી જ આચરવાના હોય છે. નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થયા પછી કોઈ વિકલ્પ કે કોઈ ક્રિયા શેષ રહેતા નથી.

જ્ઞાનચારાદિ પણ સાધન માત્ર છે.

योगसन्न्यासतस्त्यागी, योगानप्यखिलांस्त्यजेत् ।
इत्येवं निर्गुणं ब्रह्म, परोक्तमुपपद्यते ॥७॥

## સમશ્લોક

**યોગ રોધી થયા ત્યાગી ને ત્યાગ્યા સર્વ યોગને;**
**પરોક્ત નિર્ગુણી બ્રહ્મ, આ પ્રમાણે ઘટી શકે.**

## સ્પષ્ટાર્થ

યોગનો રોધ કરવાથી - યોગ સન્યાસી થવાથી આત્મા સર્વ યોગોનો ત્યાગ કરે છે. આ પ્રમાણે અન્યધર્મીઓના કહ્યા પ્રમાણે નિર્ગુણબ્રહ્મ ઘટે છે. (બાકી વાસ્તવમાં સ્વભાવ ગુણ તો રહે જ છે. નિર્ગુણ થવાથી સ્વભાવ ગુણ જતો નથી).

वस्तुतस्तु गुणैः पूर्णमनन्तैर्भासते स्वतः ।
रूपं त्यक्तात्मनः साधोर्निरभ्रस्य विधोरिव ॥८॥

## સમશ્લોક

ત્યાગાત્મા સાધુનું રૂપ, અનન્ત ગુણ પૂર્ણ જે;
વસ્તુતઃ તે સ્વતઃ દીપે, નિરભ્ર નભમાં શશી.

## સ્પષ્ટાર્થ

વાદળાંનું આવરણ ખસી જવાથી ચન્દ્ર પરિપૂર્ણ સ્વત્વથી પ્રકાશમાન થાય છે તેમ જ ત્યાગ દ્વારા ઔપાધિક આવરણ હટી જવાથી સાધુનો આત્મા સ્વભાવ-ગુણથી ઝળહળી ઊઠે છે. આવરણ હટવાથી સ્વભાવ ગુણ પ્રગટે છે, જતો નથી. નિર્ગુણનો અર્થ ઔપાધિક ગુણોથી રહિત અને સ્વભાવ ગુણથી યુક્ત.

ज्ञानी क्रियापरः शान्तो भावितात्मा जितेन्द्रियः ।
स्वयं तीर्णो भवाम्भोधेः, परांस्तारयितुं क्षमः ॥१॥

## સમશ્લોક

જ્ઞાની શાન્ત ક્રિયાયુક્ત, ભાવિતાત્મા જિતેન્દ્રિય;
ભવામ્ભોધિ તર્યા આપ, અન્યને તારવા ક્ષમ.

## સ્પષ્ટાર્થ

જ્ઞાની, ક્રિયાપર, ઉપશાન્ત ગુણો વડે રસાયેલો અને જિતેન્દ્રિય આત્મા સ્વયં ભવસાગર તરી ગયો છે. એટલે જ અન્યોને તારવાની ક્ષમતા ધરાવે છે.

જે સ્વયં તર્યા નથી તે અન્યને શું તારશે ?

क्रियाविरहितं हन्त! ज्ञानमात्रमनर्थकम् ।
गतिं विना पथज्ञोऽपि, नाप्नोति पुरमीप्सितम् ॥२॥

## સમશ્લોક

**ક્રિયાહીન ન કૈં પામે, એકલું જ્ઞાન આપદા;**
**માર્ગનો જાણ ચાલે ના, તો શે મંજિલ પામશે?**

## સ્પષ્ટાર્થ

ક્રિયારહિત એકલું જ્ઞાન આપદા રૂપ છે અનર્થકારક છે. રસ્તાનો જાણનાર પણ પગલું ઉપાડે નહીં તો ઇચ્છિત નગર સુધી-મંજિલ સુધી પહોંચી કેવી રીતે શકે ?

स्वानुकूलां क्रियां काले, ज्ञानपूर्णोऽप्यपेक्षते ।
प्रदीपः स्वप्रकाशोऽपि, तैलपूर्त्यादिकं यथा ॥३॥

## સમશ્લોક

જ્ઞાનીનેય જરૂરી છે, સ્વભાવી સમયે ક્રિયા;
સ્વ-પ્રકાશી દીવામાંય, તેલ તો પૂરવું પડે.

## સ્પષ્ટાર્થ

દીવો સ્વપ્રકાશિત હોવા છતાં તેમાં તેલ પૂરવાની ક્રિયા જરૂરી છે તેમ જ્ઞાનથી પૂર્ણ હોવા છતાં સમય આવ્યે જ્ઞાનીને પણ 'સ્વ' ભાવને અનુરૂપ ક્રિયાની જરૂર રહે છે.

बाह्य-भावं पुरस्कृत्य, ये क्रियां व्यवहारतः ।
वदने कवलक्षेपं, विना ते तृप्तिकांक्षिणः ॥४॥

## સમશ્લોક

**બાહ્યભાવ મિષે રોકે, ક્રિયા જે વ્યવહારથી;**
**કોળિયો એ લીધા વિના, ઇચ્છે છે ભૂખ ભાંગવા.**

## સ્પષ્ટાર્થ

બાહ્યભાવનું બહાનું કાઢીને વ્યવહારે ક્રિયાનો નિષેધ કરે છે. તેઓ મોંમાં કોળિયો મૂક્યા વિના જ ભૂખ ભાંગવા ઇચ્છે છે.

गुणवद्बहुमानादे-र्नित्यस्मृत्या च सत्क्रिया ।
जातं न पातयेद् भाव-मजातं जनयेदपि ॥५॥

## સમશ્લોક

સ્મરે વ્રતાદિ, સન્માને ગુણીને, આવી સત્ક્રિયા;
જગાડે છે નવા-ભાવો, જાગેલાને જવા ન દે.

## સ્પષ્ટાર્થ

ગુણીજનોનું બહુમાન, વ્રતો સંભારવા, પાપની જુગુપ્સા, અતિચારની આલોચના, સદ્‌ગુરુ સમક્ષ પાપ પ્રકાશવા, દેવ-ગુરુની ભક્તિ કરવી, આદિ સત્ક્રિયાઓ થી ભાવ પડતા નથી તથા નવા ભાવ જાગે છે. આત્મા ચઢતે પરિણામ રહે છે.

क्षायोपशमिके भावे, या क्रिया क्रियते तया ।
पतितस्यापि तद्भाव-प्रवृद्धिर्जायते पुनः ॥६॥

## સમશ્લોક

**ક્ષાયોપશમિકે ભાવે, ક્રિયા જે થાય તેહથી;**
**પડેલાના ય ભાવોની, ફરીથી વૃદ્ધિ થાય છે.**

## સ્પષ્ટાર્થ

ક્ષાયોપશમિક ભાવથી જે ક્રિયા આચરવામાં આવે છે એનાથી પડેલાં ભાવ ફરી જાગે છે અને તેની વૃદ્ધિ થાય છે.

गुणवृद्ध्यै ततः कुर्यात्, क्रियामस्खलनाय वा ।
एकं तु संयमस्थानं, जिनानामवतिष्ठते ॥७॥

## સમશ્લોક

**ન પડાય, ગુણો વાધે, માટે છે જરૂરી ક્રિયા;**
**સંયમ સ્થાન સ્થિરત્વ, કેવલ જ્ઞાનીને જ છે.**

## સ્પષ્ટાર્થ

ગુણોની વૃદ્ધિ માટે તથા સંયમ સ્થિર રહે અને પરિણામો પડી ન જાય, સ્ખલના ન આવે માટે ક્રિયા આચરતા રહેવું જરૂરી છે. સ્થિર સંયમ તો માત્ર કેવળજ્ઞાનીને જ હોય છે. એટલે ત્યાં સ્ખલના સંભવતી નથી.

वचोऽनुष्ठानतोऽसङ्ग - क्रिया - सङ्गतिमङ्गति ।
सेयं ज्ञानक्रियाऽभेद - भूमिरानन्दपिच्छला ॥८॥

## સમશ્લોક

વચોનુષ્ઠાનથી આવે, 'અસંગ' ભાવ-યોગ્યતા;
આનંદ-ભીની ત્યાં ભૂમિ, ક્રિયા-જ્ઞાન અભેદની.

## સ્પષ્ટાર્થ

પ્રીતિ, ભક્તિ, વચન તથા અસંગ એમ ચાર અનુષ્ઠાન છે. શાસ્ત્રવચન પ્રમાણેના અનુષ્ઠાનના અભ્યાસથી જ્યાં જ્ઞાન-ક્રિયા અભેદ ભૂમિકા પર હોય છે એવા અસંગ અનુષ્ઠાનની યોગ્યતા પ્રગટે છે. અને શુધ્ધ ઉપયોગ તથા વીર્યોલ્લાસ સાથે તાદાત્મ્ય સધાય છે. તેથી સ્વભાવ - આનન્દ અમૃતથી આત્મા ભીંજાયેલો રહે છે.

पीत्वा ज्ञानामृतं भुक्त्वा, क्रियासुरलताफलम् ।
साम्यताम्बूलमास्वाद्य, तृप्तिं याति परां मुनिः ॥१॥

## સમશ્લોક

પીને જ્ઞાન સુધા, ખાઈ ક્રિયાવેલી અમીફલો;
સમતા 'પાન' આરોગી, તૃપ્તિ પામે પરા મુનિ.

## સ્પષ્ટાર્થ

જ્ઞાનનું અમૃત પીને, ક્રિયા-કલ્પવેલીનાં ફળો ખાઈને તથા સમતા તામ્બૂલ આસ્વાદીને મુનિ પરા એટલે ઉત્કૃષ્ટ તૃપ્તિ પામે છે.

स्वगुणैरेव तृप्तिश्चेदाकालमविनश्वरी ।
ज्ञानिनो विषयैः किं तैर्यै र्भवेत्तृप्तिरित्वरी ॥२॥

## સમશ્લોક

**અખંડ શાશ્વતી તૃપ્તિ, 'આપ'માં જ્ઞાની માણતા,**
**ઇત્વરી ભોગ તૃપ્તિનું, જ્ઞાનીને શું પ્રયોજન?**

## સ્પષ્ટાર્થ

જ્ઞાનીઓ પોતાના જ્ઞાન આદિ ગુણોમાં રમણ કરીને શાશ્વત તૃપ્તિ પામે છે. પછી એમને વિષય-ભોગમાંથી પ્રાપ્ત થતી ઈત્વરી એટલે અલ્પકાલિકી તૃપ્તિની શી આવશ્યકતા છે ?

અમૂલ્ય પાસે મૂલ્યવાન નું મૂલ્ય શું ?

या शान्तैकरसास्वादाद् भवेत्तृप्तिरतीन्द्रिया ।
सा न जिह्वेन्द्रियद्वारा षड्रसास्वादनादपि ॥३॥

## સમશ્લોક

**અતીન્દ્રિય મળે તૃપ્તિ, અનન્ય રસ 'શાન્ત'થી;**
**જીભે-માણ્યા છ સ્વાદોમાં, એવી તૃપ્તિ મળે નહીં.**

## સ્પષ્ટાર્થ

અદ્વિતીય શાન્ત રસના આસ્વાદ અનુભવથી અતીન્દ્રિય તૃપ્તિ પ્રાપ્ત થાય છે. જેને શબ્દોમાં વર્ણવી શકાય એમ નથી. આવી તૃપ્તિ તો જિહ્વેન્દ્રિયથી મણાતા છ સ્વાદોમાં નથી મળતી.

બધી જ તૃપ્તિમાં અનુભવ - તૃપ્તિ સર્વોપરિ છે.

संसारे स्वप्नवन्मिथ्या, तृप्तिः स्यादाभिमानिकी ।
तथ्या तु भ्रान्तिशून्यस्य, साऽऽत्मवीर्यविपाककृत् ॥४॥

## સમશ્લોક

**મળેલી માન મોભાથી, તૃપ્તિ છે વ્યર્થ સ્વપ્નવત્;**
**તૃપ્તિ અભ્રાન્તની સાચી, જે પોષે આત્મ-વીરતા.**

## સ્પષ્ટાર્થ

સાંસારિક પ્રતિષ્ઠા આદિથી મળતી તૃપ્તિ મિથ્યા છે, સ્વપ્નવત્ છે. ખરી તૃપ્તિ તો સમ્યગ્દૃષ્ટિ જ મેળવી શકે છે અને આવી તૃપ્તિ આત્માની વીરતાને પુષ્ટ કરે છે.

पुद्गलैः पुद्गलास्तृप्तिं, यान्त्यात्मा पुनरात्मना ।
परतृप्तिसमारोपो, ज्ञानिनस्तन्न युज्यते ।।५।।

## સમશ્લોક

**પુદ્‌ગલો પુદ્‌ગલો તર્પે, આત્મા તર્પે નિજાત્મને;**
**પુદ્‌ગલે આત્મ તર્પાય, જ્ઞાનીને તે ઘટે નહીં.**

## સ્પષ્ટાર્થ

પુદ્‌ગલો વડે પુદ્‌ગલો તૃપ્ત થાય છે અને આત્મભાવથી આત્મા તૃપ્ત થાય છે. પુદ્‌ગલથી આત્મા તૃપ્ત થયો એ તો સમારોપ છે. અભ્રાન્ત સમ્યગ્જ્ઞાનીને આવો મિથ્યાબોધ થતો નથી.

मधुराज्यमहाशाका-ग्राह्ये बाह्ये च गोरसात् ।
परब्रह्मणि तृप्तिर्या, जनास्तां जानतेऽपि न ॥६॥

## સમશ્લોક

**ભોગાશી ન શકે બૂઝી, વાણી ન વર્ણવી શકે,**
**પરબ્રહ્મ-તૃપ્તિનો બોધ, જેને તેને થતો નથી.**

## સ્પષ્ટાર્થ

રાજ અને ભોગોની આશા રાખતા પામરો, જેનું વર્ણન પણ વાણીની શક્તિથી પરે છે એ પરબ્રહ્મ-તૃપ્તિ પામી તો નથી જ શકતા પણ જાણી પણ શકતા નથી.

પરબ્રહ્મ-તૃપ્તિનો બોધ જેને તેને થતો નથી.

विषयोर्मि - विषोद्‌गारः स्यादतृप्तस्य पुद्‌गलैः ।
ज्ञानतृप्तस्य तु ध्यान - सुधोद्‌गारपरम्परा ॥७॥

## સમશ્લોક

ભોગ-અતૃપ્ત સંસારી, ડકાર ખાય ઝેરીલા;
જ્ઞાનીને ધ્યાન-પીયૂષી, ઓડકાર પરમ્પરા.

## સ્પષ્ટાર્થ

ભોગોથી કદી તૃપ્તિ થતી જ નથી એટલે સંસારી અકરાંતિયો થઈને ભોગ ઉપર ભોગ ભોગવે જ જાય છે અને પછી ઝેરીલા ઓડકાર ખાય છે. જ્યારે જ્ઞાનથી તૃપ્ત થયેલા. જ્ઞાનીઓને અમૃતના ઓડકાર આવે છે.

ભોગોનું અજીર્ણ થાય છે જ્યારે જ્ઞાનામૃત નિરન્તર સુપાચ્ય છે.

सुखिनो विषयातृप्ता, नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ।
भिक्षुरेकः सुखी लोके, ज्ञानतृप्तो निरञ्जनः ॥८॥

## સમશ્લોક

ભોગ લોલુપ દેવેન્દ્રો, તૃપ્તિહીન સુખી નથી;
એક માત્ર સુખી ભિક્ષુ, જ્ઞાનતૃપ્ત નિરંજન.

## સ્પષ્ટાર્થ

- વિષયોથી અતૃપ્ત ઈન્દ્રો અને ઉપેન્દ્રો પણ સુખી નથી. સુખી તો કર્મ-મળ રહિત અને જ્ઞાનથી તૃપ્ત થયેલો એક માત્ર ભિક્ષુ એટલે કે મુનિ છે.

संसारे निवसन् स्वार्थ-सज्जः कज्जलवेश्मनि ।
लिप्यते निखिलो लोकः, ज्ञानसिद्धो न लिप्यते ॥१॥

## સમશ્લોક

**કાજળની કોટડી જેવા, સંસારે સ્વાર્થીઓ વસે;**
**લેપાય સઘળા લોકો, જ્ઞાનસિદ્ધ અલિપ્ત રહે.**

## સ્પષ્ટાર્થ

સ્વાર્થમાં જ રચ્યા-પચ્યા, સંસારરૂપી કાજળની કોટડીમાં વસતા લોકો મેશથી અવશ્ય ખરડાય છે પણ એ જ સંસારમાં વસતો જ્ઞાનસિધ્ધ યોગી સહેજ પણ ખરડાતો નથી.

જ્ઞાન સંસારથી અલિપ્ત રહેવાનું અભેદ્ય કવચ છે.

नाहं पुद्गलभावानां, कर्ता कारयिताऽपि च ।
नानुमन्ताऽपि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥२॥

## સમશ્લોક

**જે જાણેઃ 'હું નથી કર્તા, કારયિતા, અનુમોદક**
**પુદ્ગલ-ભાવનોઃ એને કર્મો લેપી શકે નહીં.'**

## સ્પષ્ટાર્થ

હું પુદ્ગલભાવોનો કર્તા નથી, કરાવનારો નથી, અને અનુમોદનારો પણ નથી એવું જ્ઞાન ધરાવનાર ને કર્મો લેપી શકે જ કેવી રીતે ?

लिप्यते पुद्गलस्कन्धो, न लिप्ये पुद्गलैरहम् ।
चित्रव्योमाञ्जनेनेव, ध्यायन्निति न लिप्यते ॥३॥

## સમશ્લોક

**પુદ્ગલો પુદ્ગલો લેપે, હું ન લેપાઉં પુદ્ગલે;**
**મેશ ના આભને લાગે-ધ્યાવે લેપાય તે નહીં.**

## સ્પષ્ટાર્થ

જે લેપે છે તે પુદ્ગલો છે, જે લેપાય છે તે પુદ્ગલો છે, હું તો આત્મા છું, પુદ્ગલોથી લેપાઈ જ કેવી રીતે શકું ? એવું ધ્યાન કરનારને જેમ આકાશને મેશ ચોંટતી નથી - તેમ કર્મ લાગતા નથી.

लिप्तता ज्ञानसम्पात-प्रतिघाताय केवलम् ।
निर्लेपज्ञानमग्नस्य क्रिया सर्वोपयुज्यते ॥४॥

## સમશ્લોક

**'નિર્લેપભાવ મગ્નોને, હું લિપ્ત' ભ્રાન્તિ રોકવા;**
**ધ્યાનીનેય ક્રિયા સર્વ, કરવી તે ઉપયોગી છે.**

## સ્પષ્ટાર્થ

'નિર્લેપ' માં મગ્ન આત્મામાં હું 'લિપ્ત' છું એવી ભ્રાન્તિ ફરી આવી ન પડે એટલા હેતુથી પણ ક્રિયા ઉપયોગી છે. ધ્યાનારૂઢ યોગીને પણ ધ્યાન-ધારાથી પડતા રોકવા માટે ક્રિયા આલમ્બન રૂપ નીવડી શકે છે. અન્તે તો જ્ઞાન જ મુખ્ય છે એ વીસરવું નહીં.

तप:श्रुतादिना मत्त: क्रियावानपि लिप्यते ।
भावनाज्ञानसंपन्नो निष्क्रियोऽपि न लिप्यते ।।५।।

## સમશ્લોક

**ક્રિયાવાન્ પણ લેપાય, જો ક્રિયાનો કરે મદ;**
**ભાવ-જ્ઞાની ન લેપાય, નિષ્ક્રિય હોય તો પણ.**

## સ્પષ્ટાર્થ

તપ અને શ્રુતથી મત્ત ક્રિયાવાન પણ કર્મથી લેપાય છે જ્યારે ભાવના અને તત્ત્વજ્ઞાનથી યુક્ત આત્મા ક્રિયા ન કરતો હોય તો પણ કર્મથી લેપાતો નથી.

કર્મના બન્ધન ખાળવા માટે જ્ઞાન જ પ્રબળ પ્રતિરોધ છે.

अलिप्तो निश्चयेनात्मा, लिप्तश्च व्यवहारतः ।
शुद्ध्यत्यलिप्तया ज्ञानी, क्रियावान् लिप्तया दृशा ।।६।।

## સમશ્લોક

**અલિપ્ત 'નિશ્ચયે' આત્મા, છે લિપ્ત 'વ્યવહારથી';**
**અલિપ્તતાથી શુધ્ધે જ્ઞાની, લિપ્તતાથી ક્રિયાશીલ.**

## સ્પષ્ટાર્થ

નિશ્ચયનયથી આત્મા કર્મથી બન્ધાયેલો નથી. વ્યવહારનયથી બન્ધાયેલો છે. જ્ઞાનયોગી અલિપ્ત-બુધ્ધિ આવવાથી શુધ્ધ થાય છે અને ક્રિયાવાન લિપ્તતા અટકવા-ઘટવાથી શુધ્ધ થાય છે. આમ જ્ઞાની અને ક્રિયાવાન બન્ને શુધ્ધ થાય છે.

ज्ञानक्रियासमावेशः, सहैवोन्मीलने द्वयोः ।
भूमिकाभेदतस्त्वत्र, भवेदेकैकमुख्यता ॥७॥

## સમશ્લોક

**જ્ઞાન દષ્ટિ, ક્રિયાદષ્ટિ, વધે સાથે જ, એક છે;**
**ધ્યાન, વ્યવહારના ભેદે, મુખ્ય જ્ઞાન, ક્રિયા રહે.**

## સ્પષ્ટાર્થ

જ્ઞાનદષ્ટિ અને ક્રિયાદષ્ટિ આમ તો એક જ છે. બન્ને સાથે જ વધે છે. માત્ર જુદી જુદી ભૂમિકાઓ પર જ્ઞાનની અને ક્રિયાની મુખ્યતા છે. ધ્યાનદશામાં જ્ઞાનની અને વ્યવહાર દશામાં ક્રિયાની મુખ્યતા રહે છે. વાસ્તવમાં બન્ને એક જ છે.

सज्ज्ञानं यदनुष्ठानं, न लिप्तं दोषपङ्कतः ।
शुद्ध बुद्ध स्वभावाय, तस्मै भगवते नमः ॥८॥

## સમશ્લોક

**જ્ઞાનયુક્ત અનુષ્ઠાન, ન લિપ્ત દોષ પંક થી;**
**શુદ્ધ બુદ્ધ, સ્વભાવી એ પરમાત્માને પ્રણામ હો.**

## સ્પષ્ટાર્થ

જેનું અનુષ્ઠાન જ્ઞાનયુક્ત હોવાના કારણે દોષરૂપી કાદવ-કચરાથી ખરડાયેલું નથી તેવા શુધ્ધ, બુધ્ધ-એટલે અમિટ જ્ઞાનરૂપ સ્વભાવવાળા યોગી-ભગવન્તને નમસ્કાર થાઓ.

स्वभावलाभात्किमपि प्राप्तव्यं नावशिष्यते ।
इत्यात्मैश्वर्यसम्पन्नो निःस्पृहो जायते मुनिः ॥१॥

## સમશ્લોક

**મોટું 'સ્વભાવ' થી કાંઈ, પામવાનું રહે નહીં;**
**આત્મ ઐશ્વર્ય પામેલા, મુનિ નિઃસ્પૃહી થાય છે.**

## સ્પષ્ટાર્થ

જગતનું મોટામાં મોટું ઐશ્વર્ય 'સ્વભાવ' છે. એ પામ્યા પછી એથી વિશેષ કશું પામવાનું બાકી રહેતું નથી. એટલે આ સ્વભવ રૂપ ઐશ્વર્ય પામીને મુનિને કોઈ સ્પૃહા રહેતી નથી. સ્પૃહા રહિત મુનિને કશું પામવાની ખેવના નથી રહેતી એ તો ખરું જ પણ કોઈ સામેથી ધરે તો તે પણ સ્વીકારતા નથી.

संयोजितकरैः के के प्रार्थ्यन्ते न स्पृहावहैः ।
अमात्र-ज्ञानपात्रस्य निःस्पृहस्य तृणं जगत् ॥२॥

## સમશ્લોક

**સ્પૃહાળુ હાથ જોડીને, ક્યાં ક્યાં ન માગતો ફરે!**
**નિઃસ્પૃહી સન્તને વિશ્વ, ઘાસના તરણા સમું.**

## સ્પષ્ટાર્થ

સ્પૃહાળુઓ હાથ જોડીને ક્યાં ક્યાં માંગતા ફરતા નથી જ્યારે પાર વિનાના જ્ઞાનથી ભરેલા પાત્ર વાળા નિઃસ્પૃહ મુનિને મન આ જગત ઘાસના તણખલાની પણ તોલે નથી. તો પછી એની સ્પૃહા શું કરે ! એંઠવાડની તે અબળખા હોતી હશે !

छिन्दन्ति ज्ञानदात्रेण, स्पृहाविषलतां बुधाः ।
मुखशोषं च मूर्च्छां च, दैन्यं यच्छति यत्फलम् ॥३॥

## સમશ્લોક

**મૂર્છા, મુખશોષ ને દૈન્ય, સ્પૃહા વિષ વેલીનાં ફળો;**
**માટે જ્ઞાનાસ્ત્રથી જ્ઞાની, સ્પૃહાની વેલ છેદતો.**

## સ્પષ્ટાર્થ

સ્પૃહા વિષવેલડી છે એનાં ફળો મુખશોષ, મૂર્ચ્છા અને દીનતારૂપે મળે છે માટે પંડિત પુરૂષો આ વિષલતાને જ્ઞાનરૂપી દાતરડા વડે છેદી નાંખે છે.

निष्कासनीया विदुषा, स्पृहा चित्तगृहाद् बहिः ।
अनात्मरतिचाण्डाली-सङ्गमङ्गीकरोति या ।।४।।

## સમશ્લોક

**પુદ્ગલાનન્દ-ચાંડાલી, સાથે સંગ કરે સ્પૃહા;**
**પંડિતે ચિત્તવાસેથી, સ્પૃહાને હાંકી કાઢવી.**

## સ્પષ્ટાર્થ

વિદ્વાન પુરૂષોએ આ સ્પૃહાને મન ઘરમાંથી બહાર કાઢી મૂકવી કારણ કે 'પુદ્ગલ-રતિ' ચાંડાલી સાથે એના સખીપણાં છે. (જે આત્માની કુલવટને પોસાય નહીં.)

स्पृहावन्तो विलोक्यन्ते, लघवस्तृणतूलवत् ।
महाश्चर्यं तथाऽप्येते, मज्जन्ति भववारिधौ ॥५॥

## સમશ્લોક

**તૃણને તૂલથી હલકા, સ્પૃહાયુક્ત જીવો દીસે;**
**આશ્ચર્ય તોય સંસારે, તરવાને બદલે ડૂબે.**

## સ્પષ્ટાર્થ

સ્પૃહાળુઓ તણખલા અને રૂ થી પણ હલકા છે. છતાં આશ્ચર્યની વાત એ છે કે તેઓ તરવાને બદલે સંસાર સાગરમાં ડૂબી જાય છે. (ગુણમાં હલકા પણ કર્મથી ભારે હોવાના કારણે)

गौरवं पौरवन्द्यत्वात्, प्रकृष्टत्वं प्रतिष्ठया ।
ख्यातिं जातिगुणात् स्वस्य, प्रादुष्कुर्यान्न निःस्पृहः ॥६॥

## સમશ્લોક

**લોકવન્દ્ય પ્રતિષ્ઠાવાન્, સર્વોત્તમ સગૌરવ;**
**વડાઈ આપની આપ-મુખે ન નિઃસ્પૃહી કરે.**

## સ્પષ્ટાર્થ

નિઃસ્પૃહ મુનિ લોકવન્દનીય હોય છે, ઉત્કૃષ્ટ ગૌરવવન્ત હોય છે, લોકમાં સર્વોત્તમ લેખાય છે અને જાતિ-કુલ-ગુણના કારણે અત્યન્ત વિખ્યાત હોય છે તો પણ તે કદીય પોતાના મુખે આપવડાઈ કરતા નથી.

भूशय्या भैक्षमशनं, जीर्णं वासो गृहं वनं ।
तथाऽपि निःस्पृहस्याहो, चक्रिणोऽप्यधिकं सुखम् ।।७।।

## સમશ્લોક

ભિક્ષાભોજ, ભૂમિશય્યા, જીર્ણવસ્ત્રો, વસે વને;
સુખી છે તોય નિઃસ્પૃહી, ઝાઝેરો ચક્રવર્તીથી.

## સ્પષ્ટાર્થ

ભૂમિ એ જ શયન, ભિક્ષામાં મળ્યું એ જ ભોજન, વનમાં વાસ એ જ ઘર છતાં કોઈ પણ જાતની સ્પૃહા ન હોવાના કારણે મુનિ તો ચક્રવર્તી કરતાં પણ અધિક સુખી છે.

ઈચ્છાનો દાસ ચક્રવર્તી પણ ભિખારી છે જ્યારે ઈચ્છા રહિત મુનિ ચક્રવર્તીથીય ચઢિયાતા છે.

परस्पृहा महादुःखं निःस्पृहत्वं महासुखम् ।
एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥८॥

## સમશ્લોક

**પરસ્પૃહા મહાદુઃખ, નિઃસ્પૃહત્વ મહાસુખ;**
**આમ સંક્ષેપમાં ભાખ્યું, લક્ષણ સુખ દુઃખનું.**

## સ્પષ્ટાર્થ

પર વસ્તુની સ્પૃહા એ મહા દુઃખ છે જ્યારે નિઃસ્પૃહત્વ મહાસુખ છે, આમ સંક્ષેપમાં સુખનું તથા દુઃખનું લક્ષણ કહ્યું છે.

मन्यते यो जगत्तत्वं, स मुनिः परिकीर्तितः ।
सम्यक्त्वमेव तन्मौनं, मौनं सम्यक्त्वमेव वा ॥१॥

## સમશ્લોક

**જાણે જે વિશ્વનો મર્મ, તે સાચા મુનિ જાણવા;**
**સમ્યક્ત્વ મૌન છે એનું, મૌન સમ્યક્ત્વ એહનું.**

## સ્પષ્ટાર્થ

જગતના તત્ત્વને જાણ છે તે જ મુનિ છે. જે સમ્યક્ત્વ છે તેજ મુનિપણું છે અને જે મુનિપણું છે એ જ સમ્યક્ત્વ છે. (આવું મુનિપણું પ્રમાદી, મન્દવીર્ય અને રાગીઓથી પાલન થવું શક્ય નથી.)

आत्माऽऽत्मन्येव यच्छुद्धं, जानात्यात्मानमात्मना ।
सेयं रत्नत्रये ज्ञप्ति-रुच्याचारैकता मुनेः ॥२॥

## સમશ્લોક

**આત્મા છે આપમાં શુદ્ધ, જાણે જે આત્મ આત્મથી;**
**જ્ઞાન-દર્શન-ચારિત્ર, તે મુનિને અભેદ છે.**

## સ્પષ્ટાર્થ

જ્ઞાતા સ્વરૂપ આત્મા સ્વયં શુધ્દ છે જેથી તે આત્મા, આત્મા વડે પોતાને જાણે છે. તે જ રીતે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ રત્નત્રયીમાં જ્ઞાન, શ્રધ્ધા અને આચરણની અભેદ પરિણતિ હોય છે. વાસ્તવમાં ત્રણે એકરસ છે.

चारित्रमात्मचरणाद्, ज्ञानं वा दर्शनं मुनेः ।
शुद्धज्ञाननये साध्यं, क्रियालाभात् क्रियानये ।।३।।

## સમશ્લોક

**આપ રમણાથી સાધુને ચારિત્ર - જ્ઞાન - દર્શન;**
**શુદ્ધ જ્ઞાન નયે સાધ્ય, ક્રિયાસાધ્ય ક્રિયાનયે.**

## સ્પષ્ટાર્થ

આત્મામાં જ રમણ કરવાથી શુધ્દ જ્ઞાનનયથી જ્ઞાન તથા દર્શન સધાય છે. અને ક્રિયાનયના અભિપ્રાયથી જ્ઞાનના ફળરૂપ ક્રિયાલાભથી ચારિત્ર સધાય છે. આમ વ્યાપાર ભેદથી એક જ્ઞાન ત્રિરૂપ બની રહે છે એટલે જ્ઞાનરૂપ જ્ઞાન, દર્શનરૂપ જ્ઞાન અને ચારિત્રરૂપ જ્ઞાન. ત્રિરૂપનું એકરૂપ અને એકરૂપનું ત્રિરૂપ.

यतः प्रवृत्तिर्न मणौ, लभ्यते वा न तत्फलम् ।
अतात्त्विकीमणिज्ञप्तिर्मणिश्रद्धा च सा यथा ॥४॥

## સમશ્લોક

**મણિ થી મણિનું કાર્ય, ન થાય, ન મળે ફળ;**
**મણિનાં જ્ઞાન કે શ્રદ્ધા, તો જાણો તત્ત્વહીન છે.**

## સ્પષ્ટાર્થ

મણિનું કાર્ય મણિરૂપ ન થાય, અલંકારમાં વિનિયોગ કરવાનું ફળ પણ ન મળે તો આ મણિ છે એવું જ્ઞાન અવાસ્તવિક છે; આ મણિ છે એવી શ્રધ્ધા પણ અવાસ્તવિક છે.

तथा यतो न शुद्धात्म-स्वभावाचरणं भवेत् ।
फलं दोषनिवृत्तिर्वा, न तज्ज्ञानं न दर्शनम् ॥५॥

## સમશ્લોક

**જેનાથી ન મળે આત્મા, શુદ્ધાચાર મળે નહીં;**
**ઘટે ન રાગ કે રોષ, તે વૃથા જ્ઞાન-દર્શન.**

## સ્પષ્ટાર્થ

જેનાથી આત્મ સ્વભાવની શુધ્ધ્તા ન પ્રગટે, રાગ-દ્વેષથી નિવૃત્તિ ન થાય, મોહ ન ઘટે તો તે જ્ઞાન નથી અને દર્શન (સમ્યક્ત્વ) પણ નથી.

यथा शोफस्य पुष्टत्वं, यथा वा वध्यमण्डनम् ।
तथा जानन् भवोन्माद-मात्मतृप्तो मुनिर्भवेत् ॥६॥

## સમશ્લોક

**સોજા-પુષ્ટિ સમી પુષ્ટિ, બલિપૂજા સમી પૂજા;**
**સુખ સંસારનું એવું, જાણી રહે મુનિ તોષમાં.**

## સ્પષ્ટાર્થ

સોજાની પુષ્ટિ એ પુષ્ટિ નથી રોગ છે, બલિના બકરાની પૂજા એ પૂજા નથી વધની પૂર્વ તૈયારી છે, એવું જાણતા મુનિ પૌદ્ગલિક મૂર્ચ્છા અને ઘેલછા ત્યજીને આત્મામાં જ સન્તુષ્ટ રહે છે. કારણ કે આ મૂર્ચ્છા અને ઘેલછા અનન્ત સંસારના પૂર્વકારણરૂપ છે.

सुलभं वागनुच्चारं - मौनमेकेन्द्रियेष्वपि ।
पुद्गलेष्वप्रवृत्तिस्तु, योगानां मौनमुत्तमम् ॥७॥

## સમશ્લોક

**'અવાણી' મૌન સ્હેલું છે, એકેન્દ્રિયાદિમાં ય છે.**
**પુદ્ગલોમાં ન યોગોની પ્રવૃત્તિ એ જ મૌન છે.**

## સ્પષ્ટાર્થ

વાણીનો અવ્યવહાર એ જ મૌન હોય તો એ તો સાવ સહેલું છે. એકેન્દ્રિયાદિથી પણ એવું મૌન પળાય છે. ખરું મૌન તો પુદ્ગલોમાંથી મન, વચન અને કાયાથી નિવૃત્ત થવું એ જ છે. એ જ ઉત્કૃષ્ટ મૌન છે. એ જ મુનિનું મૌન છે.

ज्योतिर्मयीव दीपस्य, क्रिया सर्वाऽपि चिन्मयी ।
यस्यानन्यस्वभावस्य, तस्य मौनमनुत्तरम् ॥८॥

## સમશ્લોક

**દીપજ્યોતિ સમી જેની, જ્ઞાનયુક્ત બધી ક્રિયા;**
**ન વિભાવો અડે જેને, તેનું મૌન અનુત્તર.**

## સ્પષ્ટાર્થ

દીવાની જ્યોત ઊંચે જાય કે નીચે જાય, સ્થિર રહે કે હાલક ડોલક થાય પણ એ બધી ક્રિયા અન્તે તો પ્રકાશ પાથરવાનું જ કામ કરે છે. એમ પુદ્‌ગલભાવથી પર થયેલા મુનિની આહાર વ્યવહાર આદિ બધી જ ક્રિયાઓ જ્ઞાનમય છે; અને તેજ તેમનું અનન્ય શ્રેષ્ઠ મૌન છે.

વિભાવોમાંથી મન, વચન તથા કાયાને પાછા વાળવા એ જ મૌન છે.

नित्यशुच्यात्मताख्याति - रनित्याशुच्यनात्मसु ।
अविद्या तत्वधीर्विद्या योगाचार्यैः प्रकीर्तिता ॥१॥

## સમશ્લોક

**વિપર્યાસ અવિદ્યા છે, અનિત્ય અશુચિ જડે;**
**યથાર્થ જ્ઞાન છે વિદ્યા, એમ યોગીશ્વરો કહે.**

## સ્પષ્ટાર્થ

અનિત્ય - પરસંયોગને નિત્ય માનવા, અશુચિથી ભરેલ દેહાદિ પુદ્‌ગલોને પવિત્ર માનવા અને એમાં આત્મપણાની બુધ્ધિ કરવી એ અવિદ્યા છે જ્યારે શુધ્ધ આત્મદ્રવ્યને નિત્ય, શુચિ અને આત્મદ્રવ્ય સ્વરૂપે જાણવું એ જ વિદ્યા છે, એમ યોગીશ્વરો કહે છે.

यःपश्येन्नित्यमात्मानमनित्यं पर - सङ्गमम् ।
छलं लब्धुं न शक्नोति, तस्य मोहमलिम्लुचः ॥२॥

## સમશ્લોક

**આત્માને નિત્ય જે જાણે, અનિત્ય અન્ય સંગતે;**
**તેને મોહ મહાડાકુ, ન ક્યાંય આંતરી શકે.**

## સ્પષ્ટાર્થ

આત્મા નિત્ય છે પરન્તુ એ અનિત્ય કહેવાય છે તે પરના સંયોગમાત્રથી પર્યાય રૂપે અનિત્ય છે. આ મર્મને જે પામી ચૂક્યા છે તેમને મોહ - મહાડાકુ ક્યાંય આંતરી શકતો નથી.

तरङ्गतरलां लक्ष्मी - मायुर्वायुवदस्थिरम् ।
अदभ्रधीरनुध्याये-दभ्रवद् भङ्गुरं वपुः ॥३॥

## સમશ્લોક

**તીક્ષ્ણબુદ્ધિ વિચારે કે લક્ષ્મી મોજાંશી ચંચલ;**
**આયુ વાયુ સમું વ્હેતું ને દેહ ઘનભંગુર.**

## સ્પષ્ટાર્થ

તીક્ષ્ણ બુધ્ધિવાળો સમજી જાય છે અને વિચારે છે કે લક્ષ્મી સમુદ્રના મોજાં જેવી ચંચલ છે. આયુ વેહતાં વાયુ સમું છે અને દેહ ઘડીકમાં વિખરાઈ જતાં વાદળાં સમો છે.

સમગ્ર સાંયોગિક અસ્તિત્વ ક્ષણભંગુર છે.

शुचीन्यप्यशुचीकर्तुं समर्थेऽशुचिसम्भवे ।
देहे जलादिना शौच-भ्रमो मूढस्य दारुणः ॥४॥

## સમશ્લોક

**અશુચિમાંથી ઉત્પન્ન, દેહ સ્વચ્છ કરી શકે;**
**વારે વારે ધૂપી ધોઈ, મૂઢની ઘોર ભ્રાન્તિ છે.**

## સ્પષ્ટાર્થ

હાડમાંસ આદિ અશુચિ દ્રવ્યોમાંથી ઉત્પન્ન દેહ જે સ્વયં હાડમાંસ આદિ અશુચિથી ભરેલો છે તે વારંવાર ધોવા-ધૂપવાથી શુચિ-પવિત્ર કરવાનો યત્ન મહામૂઢતા છે. વેદપાઠી વિપ્રોની આ મૂઢતા દૂર કરી શકાય એવી નથી. શુચિતાનો આ અભિગમ અજ્ઞાનજન્ય છે.

यः स्नात्वा समताकुण्डे, हित्वा कश्मलजं मलम् ।
पुनर्न याति मालिन्यं, सोऽन्तरात्मा परः शुचिः ॥५॥

## સમશ્લોક

પખાળી પાપના મેલ સમતા કુંડે ઝીલી, શુચિ-
પામેઃ ન ફરી માલિન્ય, એ જ આત્મા પવિત્ર છે.

## સ્પષ્ટાર્થ

સમતા કુંડમાં ભાવ-સ્નાન કરીને પાપનો મેલ ધોઈને આત્મા જે શુચિતા પ્રાપ્ત કરે છે. એને ઉત્કૃષ્ટ કર્મબન્ધનો મેલ ફરી ચોટતો નથી. એ જ ખરી પવિત્રતા છે. આવો સમકિતી આત્મા જ પવિત્ર છે.

आत्मबोधो नवः पाशो देहगेहधनादिषु ।
यः क्षिप्तोऽप्यात्मना तेषु स्वस्य बन्धाय जायते ॥६॥

## સમશ્લોક

**ફેંક્યો જે પાશ આત્માએ, દેહે ગેહે મમત્વનો;**
**વિચિત્ર નીકળ્યો એમાં, સ્વયં આત્મા ફસઈ ગયો.**

## સ્પષ્ટાર્થ

દેહ મારો, ધન મારું, ઘર મારું એ પ્રમાણે પરને સ્વમાં બાંધી લેવાનો મમત્વ પાશ આત્માએ ફેંક્યો. પણ પરિણામ તો જુઓ, કેવું વિચિત્ર આવ્યું ! પરને સ્વમાં બાંધવા જતા સ્વયં આત્મા જ પરમાં બંધાઈ ગયો. શિકારી ખુદ શિકાર થઈ ગયો.

मिथोयुक्तपदार्थाना - मसंक्रमचमत्क्रिया ।
चिन्मात्रपरिणामेन, विदुषैवानुभूयते ॥७॥

## સમશ્લોક

ભળેલાં જડ આત્માની, ભિન્નતાની ચમત્ ક્રિયા;
જ્ઞાન-ફળ રૂપે પામી, જ્ઞાની માણી શકે મુનિ.

## સ્પષ્ટાર્થ

એકરૂપ થઈ ગયેલાં જડ અને ચેતનને ભિન્ન-ભિન્ન અનુભવવાની ચમત્કારિક ક્રિયા માત્ર ભેદ-વિજ્ઞાનીઓ જ જ્ઞાનના ફળ રૂપે માણી શકે છે.

જડ-ચેતન ભિન્ન છે એ જાણવા - માણવાનું કામ જેવા તેવાનું નથી.

अविद्यातिमिरध्वंसे, दृशा विद्याञ्जनस्पृशा ।
पश्यन्ति परमात्मान - मात्मन्येव हि योगिनः ॥८॥

## સમશ્લોક

**વીત્યે અજ્ઞાન અન્ધારું, આંખમાં જ્ઞાન આંજીને;**
**સાક્ષાત્કાર કરે યોગી, આત્મામાં પરમાત્મનો.**

## સ્પષ્ટાર્થ

મિથ્યા જ્ઞાનનો અંધકાર નાશ પામ્યા પછી અને દૃષ્ટિમાં જ્ઞાનનો પ્રકાશ આંજયા પછી યોગીઓ સમાધિ દશામાં પોતાના આત્માને જ પરમાત્મા સ્વરૂપે નિહાળે છે.

આત્માને પરમાત્મા સ્વરૂપે જોવો એ જ સાચો સાક્ષાત્કાર છે.

कर्म जीवं च संश्लिष्टं सर्वदा क्षीरनीरवत् ।
विभिन्नीकुरुते योऽसौ, मुनिहंसो विवेकवान् ॥१॥

## સમશ્લોક

**કર્મ જીવ અનાદિથી, મિશ્રિત ક્ષીર-નીરવત્;**
**કરી જાણે જુદાં જ્ઞાની-મુનિ-હંસ વિવેકવાન.**

## સ્પષ્ટાર્થ

અનાદિકાળથી આત્મા અને કર્મ દૂધ-પાણીની જેમ ભળેલાં છે. તેને રાજહંસ સમા મહાવિવેકી મુનિઓ લક્ષણ આદિ ભેદે જુદાં કરી જાણે છે.

જીવ તથા અજીવનું ભેદજ્ઞાન તે જ વિવેક.

देहात्माद्यविवेकोऽयं सर्वदा सुलभो भवे ।
भवकोट्याऽपि तद्भेद-विवेकस्त्वति-दुर्लभः ॥२॥

## સમશ્લોક

દેહને આતમા એક, 'અવિવેક' સદા રહ્યો;
વિવેકે ભેદ-વિજ્ઞાન દુર્લભ ભવ કોટિમાં.

## સ્પષ્ટાર્થ

દેહ અને આત્મા એક છે એવું અવિવેકી જ્ઞાન એટલે કે અજ્ઞાન તો અનાદિકાળથી ચાલ્યું આવે છે. જ્યારે દેહ અને આત્માનું ભેદ-પરિજ્ઞાન તો કોટિ-કોટિ ભવો પછી લાભે છે. ભેદ-પરિજ્ઞાન કાંઈ રસ્તામાં પડેલું રમકડું નથી કે જેને તેને મળી જાય.

शुद्धेऽपि व्योम्नि तिमिराद् रेखाभिर्मिश्रिता यथा ।
विकारै र्मिश्रिता भाति तथाऽऽत्मन्यविवेकतः ॥३॥

## સમશ્લોક

નેત્ર રોગે લીલા પીળા, પટ્ટા સ્વચ્છ નભે દીસે;
એમ આત્મા સવિકારી, ભાસતો અવિવેકીને.

## સ્પષ્ટાર્થ

આકાશ સ્વચ્છ હોય ત્યારે પણ નેત્રરોગના કારણે જાત જાતના રંગના પટ્ટા દેખાય છે તેમ જેની દૃષ્ટિ રોગિષ્ઠ છે, અવિવેકી છે તેને પણ આત્મા શુધ્ધ હોવા છતાં વિષય - કષાયના વિકારોથી વિચિત્ર ભાસે છે.

यथा योधैः कृतं युद्धं, स्वामिन्येवोपचर्यते ।
शुद्धात्मन्यविवेकेन, कर्मस्कन्धोर्जितं तथा ॥४॥

## સમશ્લોક

**જેમ સેના જૂઝે તોય, રાજા જૂઝે કહે ત્યમ;**
**કર્મ ફળ્ અવિવેકે, આરોપે શુદ્ધ આત્મમાં.**

## સ્પષ્ટાર્થ

યુધ્ધ તો સેના કરતી હોય છે પણ રાજા યુધ્ધ કરે છે એમ ઉપચારથી કહેવાય છે તે જ રીતે અવિવેકથી ઉપાર્જિત કર્મ આત્માએ બાંધ્યા (અને ભોગવ્યાં) એમ ઉપચારથી જ કહેવાય છે.

આત્મા કર્તા કે ભોકતા નથી જ્ઞાતા અને દૃષ્ટા જ છે.

इष्टकाद्यपि हि स्वर्णं, पीतोन्मत्तो यथेक्षते ।
आत्माऽभेदभ्रमस्तद्वद्, देहादावविवेकिनः ।।५।।

## સમશ્લોક

**ઈંટે સ્વર્ણ જૂએ મત્ત, એ રીતે અવિવેકીઓ;**
**આત્મામાં દેહ આદિની, અભેદ ભ્રાન્તિ સેવતા.**

## સ્પષ્ટાર્થ

ઉન્માદમાં ભાન વિનાનો જેમાં ઈંટને સુવર્ણ સમજે છે. તેમ અવિવેકથી મત્ત ભ્રાન્ત આત્મા દેહ અને આત્માને એક જ અભિન્ન  માને છે.

આત્મા અને દેહ વાસ્તવમાં ભિન્ન છે.

इच्छन् न परमान् भावान्, विवेकाद्रेः पतत्यधः ।
परमं भावमन्विष्यन्, अविवेके न मज्जति ॥६॥

## સમશ્લોક

**જે ન ઇચ્છે શુદ્ધ ચૈતન્ય, વિવેક ગિરિથી પડે;**
**ચૈતન્ય પામવા ઇચ્છે, અવિવેકે ડૂબે નહીં.**

## સ્પષ્ટાર્થ

શુદ્ધ ચૈતન્યભાવ પામવાની ઈચ્છા ન રાખે અને સત્ત્વ, રજસ્, અને તમસ્‌માં જ પ્રવૃત્ત રહે તે વિવેક રૂપી પર્વતના 'અપ્રમાદ' શિખર પરથી નીચે ગબડી પડે છે. જ્યારે ચૈતન્ય ભાવનો અભિલાષી અવિવેકમાં ડૂબતો નથી.

आत्मन्येवात्मनः कुर्यात्, यः षट्कारकसङ्गतम् ।
क्वविवेकज्वरस्यास्य, वैषम्यं जडमज्जनात् ॥७॥

## સમશ્લોક

**સાધે છ કારક - આત્માનાં આત્મામાંઃ જડમગ્નને;**
**અવિવેક જ્વરનું કષ્ટ, તોય પીડી શકે નહીં.**

## સ્પષ્ટાર્થ

આત્માના છ કારકોનો સમ્બન્ધ સમન્વય જે આત્મામાં કરી શકે છે તે વિવેકસિધ્ધ યોગીને જડ-પુદ્ગલના સંગથી - બન્ને એક છે - એવો અવિવેક જ્વર પીડી શકતો નથી.

વિવેકસિધ્ધને અવિવેક - જ્વર કેવો !

संयमास्त्र विवेकेन, शाणेनोत्तेजितं मुनेः ।
धृति - धारोल्बणं कर्म - शत्रुच्छेदक्षमं भवेत् ॥८॥

## સમશ્લોક

સંયમાસ્ત્ર ધૃતિ-ધાર, કાઢીને સદ્‌વિવેકની
સરાણે: કર્મશત્રુને, સમર્થ છેદવા મુનિ.

## સ્પષ્ટાર્થ

વિવેકની સરાણ પર ધીરજ અને સંતોષની તીક્ષ્ણ ધાર કાઢેલા સંયમરૂપી અસ્ત્ર વડે મુનિ કર્મરૂપી શત્રુઓનો છેદ કરવા માટે સમર્થ છે.

વિવેકથી સંયમ પાણીદાર બને છે.

स्थीयतामनुपालम्भं, मध्यस्थेनान्तरात्मना ।
कुतर्ककर्कर क्षेपै. - स्त्यज्यतां बालचापलम् ॥१॥

## સમશ્લોક

**કુતર્ક કાંકરી ચાળો, બાળ ચાપલ્ય ત્યાગી દે;**
**ન આવે વાંકમાં કયાંયે, મધ્યસ્થ અન્તરાતમા.**

## સ્પષ્ટાર્થ

રાગદ્વેષને અડખે - પડખે કરી દઈને શુધ્ધ અંતરંગ પરિણામના બળે યોગીએ મધ્યસ્થ થવું. અને કુતર્કનો કાંકરી ચાળો કરવો નહીં, બાળ ચાપલ્ય કરવું નહીં. જેથી ઠપકો ખાવાનો વખત આવે !

मनोवत्सो युक्तिगवीं, मध्यस्थस्यानुधावति ।
तामाकर्षति पुच्छेन, तुच्छाग्रह मनःकपिः ॥२॥

## સમશ્લોક

**મધ્યસ્થોનું મનોવત્સ, ગો - યુક્તિભણી દોડતું;**
**ખેંચે કદાગ્રહી પુચ્છ, તુચ્છ પામર વાનર.**

## સ્પષ્ટાર્થ

માધ્યસ્થ્યને વરેલા મહાનુભાવોનું મન યુક્તિ તરફ વળે છે. જેમ વાછરડું ગાય ભણી વળે છે તેમ. જ્યારે કદાગ્રહીનું મન યુક્તિને મારી મચડીને પોતાની બાજુ ખેંચે છે. વાંદરો જેમ પૂંછડું ખેંચીને (બીજા-વાંદરાને) પોતાની બાજુ ખેંચે છે તેમ.

नयेषु स्वार्थसत्येषु, मोघेषु परचालने ।
समशीलं मनो यस्य, स मध्यस्थो महामुनिः ॥३॥

## સમશ્લોક

નયો સ્વ દષ્ટિમાં સાચા, નિષ્ફળ નય અન્યમાં;
સમશીલ રહે તેમાં, તે મધ્યસ્થ મહામુનિ.

## સ્પષ્ટાર્થ

નયો કે જે પોત-પોતાના દૃષ્ટિબિન્દુથી સાચા છે જ્યારે બીજા નયની દૃષ્ટિએ નિષ્ફળ-નિરર્થક છે. તે બધા જ નયોના અભિપ્રાયનો સમદૃષ્ટિથી સમન્વય સાધે છે તે જ મધ્યસ્થ મહામુનિ છે.

स्वस्वकर्मकृतावेशाः, स्वस्वकर्मभुजो नराः ।
न रागं नापि च द्वेषं, मध्यस्थस्तेषु गच्छति ॥४॥

## સમશ્લોક

**કર્મવશ પડયા જે જે, પોતાનાં કર્મ ભોગવે;**
**મધ્યસ્થ રાગ કે દ્વેષ, લેશ તેમાં ન પામતા.**

## સ્પષ્ટાર્થ

બધા જ આત્માઓ પોતાના આવેશથી કર્મ બાંધે છે અને તે તે પ્રમાણે તેનાં ફળો ભોગવે છે. તેમાં કોઈના પર પણ મધ્યસ્થ-આત્મા રાગ પણ નથી કરતો કે દ્વેષ પણ નથી કરતો.

જે બાંધે છે તે ભોગવે છે. તેને જોઈને મધ્યસ્થ વિચલિત થતો નથી.

मनः स्याद् व्यापृतं यावत् परदोषगुणग्रहे ।
कार्यं व्यग्रं वरं तावन्मध्यस्थेनात्मभावने ॥५॥

## સમશ્લોક

**પ્રવર્તે જ્યાં સુધી ચિત્ત, બીજાના ગુણદોષમાં;**
**મધ્યસ્થે ત્યાં સુધી રે'વું, પરોવાયેલ આપમાં.**

## સ્પષ્ટાર્થ

જ્યાં સુધી પારકાના ગુણ-દોષ જોવામાં પ્રવૃત્તિ રહેતી હોય ત્યાં સુધી મધ્યસ્થ પુરુષે આત્મધ્યાન માં જ આસક્તિ રાખવી. (બીજાનાં દોષ જોવાથી દૂર રહેવા માટે).

પરનો વિચાર ચિન્તા છે. સ્વનો વિચાર સમાધિ છે.

विभिन्ना अपि पन्थानः समुद्रं सरितामिव ।
मध्यस्थानां परं ब्रह्म प्राप्नुवन्त्येकमक्षयम् ॥६॥

## સમશ્લોક

માર્ગો ભિન્ન નદી તો'ય, પ્હોંચે એક સમુદ્રમાં;
મધ્યસ્થો એમ પામે છે, એક જ બ્રહ્મ અક્ષય.

## સ્પષ્ટાર્થ

ભિન્ન ભિન્ન માર્ગે વહેતી નદીઓ અન્તે તો સમુદ્રમાં જઈને જ ભળી જાય છે. તેમ મધ્યસ્થો પણ ભિન્ન ભિન્ન અપુનર્બન્ધક, સમ્યગ્દૃષ્ટિ, સ્થવિરકલ્પ, જિનકલ્પ આદિ માર્ગે પણ અક્ષય-ઉત્કૃષ્ટ બ્રહ્મને એટલે સર્વ- પ્રપંચ-બોધ વિશિષ્ટ કેવળ જ્ઞાન પ્રાપ્ત કરે છે. એટલે પરમાત્મપદ પ્રાપ્ત કરે છે.

स्वागमं रागमात्रेण, द्वेषमात्रात्परागमम् ।
न श्रयामस्त्यजामो वा, किन्तु मध्यस्थया दृशा ॥७॥

## સમશ્લોક

**સ્વશાસ્ત્ર રાગથી માનું, બીજાનું દ્વેષથી ત્યજું;**
**ન એવું ત્યાગું કે માનું, મધ્યસ્થ ભાવ દૃષ્ટિથી.**

## સ્પષ્ટાર્થ

મારા ધર્મનું શાસ્ત્ર છે માટે રાગભાવથી સ્વીકારી લઉં અને બીજાનું શાસ્ત્ર છે માટે દ્વેષભાવથી એનો અસ્વીકાર કરું એવું મધ્યસ્થભાવને વરેલો આત્મા ન કરે. એ તો તર્કસંગત, વિચારપૂર્ણ અને તથ્યને સ્વીકારે.

मध्यस्थया दृशा सर्वेष्वपुनबन्धकादिषु ।
चारिसंजीवनीचार - न्यायादाशास्महे हितम् ॥८॥

## સમશ્લોક

**અપુનર્બન્ધકાદિ છે, સેવ્ય મધ્યસ્થદષ્ટિથી;**
**ચારિ સંજીવની ચાર, ન્યાયે કલ્યાણ કામના.**

## સ્પષ્ટાર્થ

બધા જ અપુનર્બન્ધકાદિને કલ્યાણની કામનાથી, મધ્યસ્થ ભાવે, ચારિ-સંજીવની ન્યાયથી ધર્મ સેવવા યોગ્ય છે. અને એનાથી આત્મહિત સધાશે એવી આશા રાખીએ છીએ.

यस्य नास्ति परापेक्षा, स्वभावाद्वैतगामिनः ।
तस्य किं न भयभ्रान्ति - क्लान्तिसन्तानतानवम् ॥१॥

## સમશ્લોક

પામ્યો સ્વભાવ અદ્વૈત, પરાપેક્ષા રહી નહીં;
ઘટે તેની ભયભ્રાન્તિ - જન્ય ખેદ પરમ્પરા.

## સ્પષ્ટાર્થ

જેણે સ્વભાવમાં એકાત્મતા સાધી છે અને જેને પરની અપેક્ષા રહી નથી તેને ભયની ભ્રાન્તિ રહેતી નથી તેમ જ તજ્જન્ય ખેદની પરમ્પરા પણ રહેતી નથી.

સ્વભાવ આવે એટલે ભય જાય, ભય જાય એટલે ખેદ જાય. પછી આનન્દ જ આનન્દ છે.

भवसौख्येन किं भूरि - भयज्वलनभस्मना ।
सदा भयोज्झित - ज्ञान - सुखमेव विशिष्यते ॥२॥

## સમશ્લોક

**ભયાદિ અગ્નિ ભારેલાં, મોટાં સૌખ્ય શું કામનાં?**
**જ્ઞાન એ જ મહા સૌખ્ય, જ્યાં ભીતિ નવ લેશ છે.**

## સ્પષ્ટાર્થ

ભયનાં અગ્નિથી ભારેલાં સુખમાં સુખનો સાચો અનુભવ થતો નથી માટે ભય જેમાંથી નાશ પામ્યો છે એવા જ્ઞાનથી ઊપજતું સુખ જ વાસ્તવિક સુખ છે.

न गोप्यं क्वापि नारोप्यं, हेयं देयं च न क्वचित् ।
क्व भयेन मुनेः स्थेयं, ज्ञेयं ज्ञानेन पश्यतः ॥३॥

## સમશ્લોક

**જ્ઞાનથી જ્ઞેયને જોતાં, મુનિને ભય છે જ ક્યાં?**
**ન કાંઈ તેમને ગોપ્ય, આરોપ્ય, હેય દેય કે.**

## સ્પષ્ટાર્થ

જ્ઞાન વડે જ્ઞેયને નિહાળતા મુનિને કશું છુપાવવા યોગ્ય નથી, થાપવા યોગ્ય નથી કે છોડવા યોગ્ય નથી કે દેવા યોગ્ય નથી તો પછી એમને વળી ભય કેવો ?

જેની પાસે માત્ર જ્ઞાન જ છે અને બીજું કાંઈ જ નથી એને ભય કેવો ?

एकं ब्रह्मास्त्रमादाय, निघ्नन्मोहचमूं मुनिः ।
बिभेति नैव संग्राम - शीर्षस्थ इव नागराट् ॥४॥

## સમશ્લોક

**જ્ઞાન બ્રહ્માસ્ત્રથી કાઢે, કચ્ચરઘાણ મોહની-**
**સેનાનો, રણમેદાને, ભય પામ્યા વિના મુનિ.**

## સ્પષ્ટાર્થ

ધર્મયુધ્ધના રણમેદાનમાં જ્ઞાનરૂપી બ્રહ્માસ્ત્ર વડે મુનિ જરાય ભય પામ્યા વિના મોહની સેનાનો કચ્ચરઘાણ કાઢે છે.

मयूरी ज्ञानदृष्टिश्चेत्, प्रसर्पति मनोवने ।
वेष्टनं भयसर्पाणां, न तदाऽऽनन्दचन्दने ।।५।।

## સમશ્લોક

જ્ઞાનદષ્ટિ રૂપી ઢેલ ફરે ચિત્તવને, ન રે',
ભય સર્પ વીંટાવાનો, કદી આનન્દ-ચન્દને.

## સ્પષ્ટાર્થ

જો આત્મજ્ઞાન દષ્ટિરૂપી મયૂરી ચિત્તવનમાં ફરતી હોય તો આનન્દ-ચન્દનને ભયરૂપી વિષધર વીંટાળાવાની કોઈ જ સંભાવના નથી.

कृतमोहास्त्रवैफल्यं, ज्ञानवर्म बिभर्ति यः ।
क्व भीस्तस्य क्व वा भङ्गः, कर्मसङ्गर केलिषु ? ।।६।।

## સમશ્લોક

**જ્ઞાન બખ્તર પહેરીને, કર્મ સંગ્રામ-ખેલમાં;**
**ચૂકવે મોહના ઘાવ, ન ભીતિ, ન પરાજય.**

## સ્પષ્ટાર્થ

કર્મ સાથેના સંગ્રામમમાં જ્ઞાનરૂપી બખ્તર-કવચ પહેરીને મુનિ કર્મના ઘા ચૂકવે છે, નિષ્ફળ કરે છે. જ્ઞાન - કવચ ધારણ કરનારને ભય કેવો કે પરાજય કેવો ?

तूलवल्लघवो मूढा, भ्रमन्त्यभ्रे भयानिलैः ।
नैकं रोमापि तैर्ज्ञान - गरिष्ठानां तु कम्पते ॥७॥

## સમશ્લોક

**રૂ સમા હલકા મૂઢો, ભય-વાતે ઊડે નભે;**
**નિર્ભયી જ્ઞાન-ભારેનું, રૂંવાડું ફરકે નહીં.**

## સ્પષ્ટાર્થ

મૂઢો આકડાના રૂ જેવા હલકા હોય છે એટલે ભયના વંટોળિયામાં આકાશમાં ઊડવા માંડે છે જ્યારે જ્ઞાનના ભારથી સ્થિર નિર્મોહીઓનું તો એક રૂંવાડું પણ ફરકતું નથી.

મૂઢોનું કાંઈ જ વજૂદ હોતું નથી, ગરિમા તો જ્ઞાનીઓની જ હોય છે.

चित्ते परिणतं यस्य, चारित्रमकुतोभयम् ।
अरवण्डज्ञानराज्यस्य, तस्य साधोः कुतोभयम् ॥८॥

## સમશ્લોક

**ક્યાંયથી ભય નથી એવું, ચારિત્ર ચિત્તમાં વસ્યું;**
**અખંડ જ્ઞાન સમ્રાટ, સાધુને ભય ક્યાં રહ્યો!?**

## સ્પષ્ટાર્થ

'ચારિત્ર' ને ક્યાંયથી ભય હોતો નથી. એવું ચારિત્ર જેના ચિત્તમાં વસ્યું હોય એવા અખંડ-જ્ઞાનના રાજ રાજેશ્વર મુનિને પણ ભય ક્યાંથી હોય ?

ચારિત્રી અભયને વરેલા હોય છે.

गुणैर्यदि न पूर्णोऽसि, कृतमात्मप्रशंसया ।
गुणैरेवासि पूर्णश्चेत् कृतमात्मप्रशंसया ॥१॥

## સમશ્લોક

**ગુણોથી પૂર્ણ ના હોય, તો શું જાત વખાણવી!**
**ગુણોથી પૂર્ણ જો હોય, તો શું જાત વખાણવી!**

## સ્પષ્ટાર્થ

આત્મા ગુણોથી ભરેલો હોય તો એના વખાણ કરવાથી શું વિશેષ ? કારણ કે ગુણો તો સ્વયં પ્રકાશે છે. અને જો આત્મા ગુણથી પૂર્ણ ન હોય તોય વખાણ કરવાથી શું વિશેષ ? જે નથી તે 'નથી' તો દેખાવાનું જ છે. પછી 'છે છે' કર્યે શું વળવાનું છે ?

श्रेयोद्रुमस्य मूलानि, स्वोत्कर्षाम्भः प्रवाहतः ।
पुण्यानि प्रकटीकुर्वन्, फलं किं समवाप्स्यसि ? ॥२॥

## સમશ્લોક

**આત્મશ્લાઘા થકી પુણ્ય - મૂળો કલ્યાણવૃક્ષના;**
**ધોવાઈ જાય છેઃ એનાં સત્ફળો ક્યાંથી પામશો?**

## સ્પષ્ટાર્થ

આત્મશ્લાઘા રૂપી પાણીના પ્રવાહથી આત્માનાં સત્કૃત્યોથી ઊછરેલાં કલ્યાણવૃક્ષનાં મૂળો તો ધોવાઈ જાય છે. પછી એનું ફળ તું પામીશ ક્યાંથી ? માટે પોતાના પુણ્યકાર્યો ગુપ્ત રાખ. જ્યાં ત્યાં કહેતો ન ફર.

આત્મપ્રશંસાથી ધર્મફળ નાશ પામે છે.

आलम्बिता हिताय स्युः, परैः स्वगुणरश्मयः ।
अहो स्वयं गृहीतास्तु, पातयन्ति भवोदधौ ।।३।।

## સમશ્લોક

**ગ્રહે જો અન્યના ગુણની રસ્સી તો તરી જાય છે;**
**પોતાના ગુણની રસ્સી, ગ્રહે તો ડૂબી જાય છે.**

## સ્પષ્ટાર્થ

અન્ય ગુણીજનોના સદ્ગુણરૂપી દોરડાં ગ્રહણ કરનારાં તો તરી જાય છે પણ આત્મા જ્યારે પોતાના ગુણોની રસ્સી ગ્રહણ કરે છે એટલે અન્યો આગળ પોતાના ગુણો ગા ગા કરે છે તો તે સંસાર સાગરમાં ડૂબી જાય છે.

उच्चत्वदृष्टिदोषोत्थ - स्वोत्कर्षज्वरशान्तिकम् ।
पूर्वपुरुषसिंहेभ्यो, भृशं नीचत्व-भावनम् ॥४॥

## સમશ્લોક

આપ-મોટાઈનો વ્યાપ્યો, ઉત્કર્ષ-જવર ઠારવા;
પૂર્વ-પુરુષ-સિંહોથી, આપ-નીચત્વ ભાવવું.

## સ્પષ્ટાર્થ

ઉચ્ચત્વ-ગૌરવની ભાવનામાંથી આપવડાઈનો જ્વર ચઢયો હોય તો તેને ઉતારવા પૂર્વના મહાન પુરુષસિંહો પાસે પોતે કેટલો ઊતરતો છે, હીણો છે, એવી લઘુત્વની ભાવના ભાવવી.

મહાપુરુષોની મહાનતા ચિન્તવીને પોતાનું અહમ્ નાથવું.

शरीररूपलावण्य, ग्रामारामधनादिभिः।
उत्कर्ष परपर्यायै-श्चिदानन्दघनस्य कः? ॥५॥

## સમશ્લોક

**શરીર, રૂપ, લાવણ્ય, બાગ, જાગીર વૈભવ;**
**મોટાઇ, પરપર્યાયો, જ્ઞાનીને શું વિસાતમાં?**

## સ્પષ્ટાર્થ

શરીર, એનું રૂપ - સૌન્દર્ય, લાવણ્ય, ગામ-જાગીર, બાગ-બગીચા, પુત્ર-પૌત્રાદિ સમૃધ્ધિ, મોટાઈ એ તો બધા પર પર્યાય છે; પુદ્‌ગલનો ઉત્કર્ષ છે. જ્ઞાન - આનન્દથી ભરપૂર આત્મા પર દ્રવ્યના આ ઉત્કર્ષને કાંઈ જ ગણતો નથી. એને તો આ બધું સાવ તુચ્છ લાગે છે. જ્ઞાન-આનન્દને જ એ પોતાની મૂડી ગણે છે.

शुद्धाः प्रत्यात्मसाम्येन, पर्यायाः परिभाविताः ।
अशुद्धाश्चापकृष्टत्वान्नोत्कर्षाय महामुनेः ॥६॥

## સમશ્લોક

**'શુદ્ધ પર્યાય' સમ્પત્તિ સરખી છે સૌ આત્મની;**
**ઓછું વત્તું 'અશુદ્ધે' છે, એનો ગર્વ ન સાધુને.**

## સ્પષ્ટાર્થ

શુધ્ધનયથી વિચારતાં બધા જ આત્માની શુધ્ધ સહજ પર્યાયની સ્થિતિ એક સમાન છે. એટલે અશુધ્ધ વિભાગ પર્યાયો બાહ્ય સમૃધ્ધિના કારણે મધ્યસ્થ પરિણતિવાળા મુનિને કોઈ ઊંચા કે નીચા લાગતા નથી.

શુધ્ધનયથી સર્વ આત્મા સમાન છે.

क्षोभं गच्छन् समुद्रोऽपि स्वोत्कर्षपवनेरितः ।
गुणौघान् बुद्बुदीकृत्य, विनाशयसि किं मुधा ? ॥७॥

## સમશ્લોક

**સ્વોત્કર્ષ વાયુ પ્રેરાઈ, 'સમુદ્ર' ક્ષોભ પામતો;**
**પરપોટા ઉડાડીને વેડફે ગુણ - રાશિ કાં ?**

## સ્પષ્ટાર્થ

સ્વ ઉત્કર્ષ એટલે અભિમાન રૂપી વાયુ વાય છે ત્યારે સમુદ્ર પણ ક્ષોભ પામે છે - મોજાં ઊછળે છે અને પરપોટા સ્વરૂપે પોતાનો જળ-રાશિ વેડફી દે છે. તેમ આપ વડાઈથી સમુદ્ર એટલે મુદ્રાયુક્ત-વેષયુક્ત મુનિજનોનો ગુણ રાશિ વેડફાય છે.

निरपेक्षानवच्छिन्नानन्तचिन्मात्रमूर्त्तय: ।
योगिनो गलितोत्कर्षा-पकर्षानल्पकल्पना: ॥८॥

## સમશ્લોક

**નાપેક્ષ, અનવચ્છિન્ન, નાન્તચિન્માત્ર મૂર્તિ જે;**
**ઊંચ ને નીચનો ખ્યાલ, યોગીનો જાય ઓગળી.**

## સ્પષ્ટાર્થ

અપેક્ષાથી પર, દેશમાનથી પર, કાલમાનથી પર અને જ્ઞાન એ જ ચારિત્રરૂપી શરીરવાળા યોગીઓના પોતાના ઉત્કર્ષ અને પર ના અપકર્ષ ના ઘણા-બધા સંકલ્પ-વિકલ્પ ઓગળી ગયા હોય છે.

યોગીઓ પોતાના ઉત્કર્ષ અને અન્યના અપકર્ષની કલ્પનાથી રહિત હોય છે.

रूपे रूपवतीदृष्टिः दृष्ट्वा रूपं विमुह्यति ।
मज्जत्यात्मनि नीरुपे, तत्त्वदृष्टिस्त्वरूपिणी ।।१।।

## સમશ્લોક

**રૂપ દૃષ્ટિ વડે રૂપ, જોઈ રૂપે મુઝાય છે.**
**તત્ત્વદૃષ્ટિ અરૂપી છે, અરૂપે મગ્ન થાય છે.**

## સ્પષ્ટાર્થ

[illegible]ક દૃષ્ટિ રૂપ-દૃષ્ટિ છે, રૂપદૃષ્ટિવાળા રૂપી પદાર્થો જોઈને રૂપમાં મુંઝાય છે. જ્યારે તત્ત્વદૃષ્ટિ અરૂપી છે તેથી એ અરૂપી આત્મામાં મગ્ન થાય છે-લીન થાય છે.

રૂપદૃષ્ટિને રૂપ મુઝવે છે.

અરૂપદૃષ્ટિને અરૂપ આનન્દ આપે છે.

भ्रमवाटी बहिर्दृष्टिर्भ्रमच्छाया तदीक्षणम् ।
अभ्रान्तस्तत्त्वदृष्टिस्तु, नास्यां शेते सुखाशया ॥२॥

## સમશ્લોક

**ભ્રમ-વાડી બહિર્દૃષ્ટિ, ભ્રમ-છાયા ઉજાસ છે;**
**નિર્ભ્રાન્ત તત્ત્વદૃષ્ટિ ત્યાં, સુખાશાથી સૂએ નહીં.**

## સ્પષ્ટાર્થ

બાહ્યદૃષ્ટિ ભ્રમોથી ભરેલી વાડી છે અને બાહ્યદૃષ્ટિનો પ્રકાશ ભ્રમનો પડછાયો છે માટે અભ્રાન્ત એવા તત્ત્વદૃષ્ટિએ આ ભ્રમ વાડીના પ્રકાશ-પડછાયામાં આરામ કરવો નહીં કે આ છાંયડામાં સુખની આશા રાખવી નહીં.

ग्रामारामादि मोहाय यद् दृष्टं बाह्यया दृशा ।
तत्त्वदृष्ट्या तदेवान्तर् - नीतं वैराग्यसंपदे ॥३॥

## સમશ્લોક

ગ્રામા-રામાદિ મોહે છે, જો પેખે બાહ્યદૃષ્ટિથી;
તત્ત્વદૃષ્ટિ જગાડે છે, અન્તર્વૈરાગ્ય સંપદા.

## સ્પષ્ટાર્થ

ગ્રામ, ઉદ્યાન આદિ ભૌતિક પદાર્થોને બાહ્યદૃષ્ટિ થી નિહાળવાથી મોહ ઉત્પન્ન થાય છે જ્યારે એ જ વસ્તુઓને તત્ત્વદૃષ્ટિથી નિહાળવાથી તે અન્તર્વૈરાગ્યની સંપદા ભણી દોરી જાય છે.

વસ્તુ તો વસ્તુ છે. દૃષ્ટિ જ એનો મર્મ પામે છે.

बाह्यदृष्टेः सुधासार-घटिता भाति सुन्दरी।
तत्त्वदृष्टेस्तु साक्षात्सा, विण्मूत्र पिठरोदरी ॥४॥

## સમશ્લોક

**સુન્દરી બાહ્યદૃષ્ટિને, ભાસે અમૃતવેલડી;**
**તત્ત્વદૃષ્ટિ નિહાળે ત્યાં, અશુચિ પૂર્ણ કોટડી.**

## સ્પષ્ટાર્થ

બાહ્યદૃષ્ટિ આત્માને રૂપવતી સ્ત્રી અમૃતવેલીના રસમાંથી ઘડેલી લાગે જે જ્યારે તત્ત્વદૃષ્ટિને એમાં વાસ્તવિકતાનું દર્શન થાય છે. આ દેહ મળ-મૂત્ર આદિ અશુચિ પદાર્થોથી ભરેલો છે.

જગતના બધા જ ખાળો માનવી આદિ પ્રાણીઓના દેહમાંથી જ વહે છે.

लावण्यलहरीपुण्यं, वपुः पश्यति बाह्यदृग् ।
तत्वदृष्टिः श्वकाकानां भक्ष्यं कृमिकुलाकुलम् ॥५॥

## સમશ્લોક

**કાયા લાવણ્ય લહરીથી, પવિત્ર બાહ્ય દૃષ્ટિને;**
**દેખાય તાત્ત્વિકોને એ, કોથળો હાડ-માંસનો.**

## સ્પષ્ટાર્થ

બાહ્યદૃષ્ટિને સ્ત્રીની કાયામાં લાવણ્ય-લહરી વળ ખાતી દેખાય છે જ્યારે તત્ત્વદૃષ્ટિને હાડમાંસનો કોથળો અને અસંખ્ય કીડાથી ખદબદતું કૂતરા-કાગડાનું ભક્ષ્ય દેખાય છે.

गजाश्वैर्भूपभवनं स्याद्, विस्मयाय बहिर्दृशः ।
तत्राश्वेभवनात्कोऽपि, भेदस्तत्त्वदृशस्तु न ॥६॥

## સમશ્લોક

ભવ્ય મહાલયો જોઈ, અંજાય બાહ્યદૃષ્ટિઓ;
વનોમાં કે મહેલોમાં, ન ભેદ તત્ત્વદૃષ્ટિને.

## સ્પષ્ટાર્થ

હાથી ઘોડાથી ઘેરાયેલું રાજભવન જોઈને બાહ્યદૃષ્ટિઓ અંજાઈ જાય છે જ્યારે તત્ત્વદૃષ્ટિને હાથી-ઘોડાથી ઘેરાયેલા રાજભવન કે હાથી-ઘોડાથી ખૂંદાતા વનમાં કાંઈ જ ભેદ લાગતો નથી. એ તો સર્વત્ર પુદ્ગલની લીલા જ નિહાળે છે.

भस्मना केशलोचेन, वपुर्धृतमलेन वा ।
महान्तं बाह्यदृग्वेत्ति, चित्साम्राज्येन तत्त्ववित् ॥७॥

## સમશ્લોક

**ભસ્મ કેશ અને વેષ, જોઈ સૌ મા'તમા ગણે;**
**તત્ત્વના જાણ તો જાણે, જ્ઞાની જ મા'તમા ખરા.**

## સ્પષ્ટાર્થ

બાહ્યદૃષ્ટિઓ શરીરે રાખ ચોળનારા, કેશ વધારનારા કે લોચનારા અને મેલા-ઘેલા રહેનારાને મહાત્મા ગણે છે જ્યારે તત્ત્વના જાણ તો જાણે છે કે જે જ્ઞાની છે તે જ ખરા મહાત્મા છે.

વેષ પરથી વ્યક્તિત્વ આંકવું નહીં, મહાત્મા તો ગુણથી પરખાય.

न विकाराय विश्वस्यो-पकारायैव निर्मिताः ।
स्फुरत् कारुण्यपीयूष-वृष्टयस्तत्त्वदृष्टयः ॥८॥

## સમશ્લોક

**સર્જાયા સૃષ્ટિ શ્રેયોર્થે, તત્ત્વદૃષ્ટિ મહામના;**
**વર્ષે કારુણ્ય-પીયૂષ, ન વિકારો વધારવા.**

## સ્પષ્ટાર્થ

તત્ત્વદૃષ્ટિ મહાત્માઓ કરુણા અમૃતની નિરન્તર વૃષ્ટિ કર્યા કરે છે તે વિશ્વનું કલ્યાણ કરવા માટે કરે છે. નહીં કે વિશ્વમાં વિકારો વધારવા કરે છે.

बाह्यदृष्टि-प्रचारेषु, मुद्रितेषु महात्मनः ।
अंतरेवावभासन्ते, स्फुटाः सर्वाः समृद्धयः ॥१॥

## સમશ્લોક

**'બાહ્ય' સંચારબન્ધીથી, આન્તરિક મહાત્મની;**
**આત્મ-સમૃદ્ધિની છોળો, ઝાકમઝોળ ઉછળે.**

## સ્પષ્ટાર્થ

બાહ્યદૃષ્ટિનો વિષય સંચાર અન્દર આવતો રોકવાથી જ્ઞાની મહાત્માઓને અન્તરમાં જ પ્રગટ થયેલી સર્વસમૃદ્ધિઓ ઝાકમઝોળ અનુભવાય છે.

समाधिर्नन्दनं धैर्यं, दम्भोलिः समता शची ।
ज्ञानं महाविमानं च, वासवश्रीरियं मुनेः ॥२॥

## સમશ્લોક

ધૈર્ય વજ્ર, શચી સમતા, સમાધિ વન-નન્દન;
વિમાન જ્ઞાન, સમૃદ્ધિ, ઇન્દ્રની મુનિને વરી

## સ્પષ્ટાર્થ

ધૈર્ય રૂપી વજ, સમતારૂપી શચી, અને સમાધિરૂપ નન્દન વન, જ્ઞાન રૂપી વિમાન એ રીતે મુનિને ઈન્દ્રની બધી જ - બધા જ પ્રકારની સમૃધ્દિ વરેલી છે. ઈન્દ્રની સરખામણીમાં મુનિ કયાંય ઊતરતા નથી.

विस्तारितक्रियाज्ञान - चर्मच्छत्रो निवारयन् ।
मोहम्लेच्छमहावृष्टिं, चक्रवर्ती न किं मुनिः? ॥३॥

## સમશ્લોક

**ઉઘાડી ચર્મ ને છત્ર, રત્નો જ્ઞાન - ક્રિયા રૂપી**
**મોહ - મ્લેચ્છ - મહાવૃષ્ટિ, રોકે ચક્રી સમા મુનિ.**

## સ્પષ્ટાર્થ

ચક્રવર્તીને ચર્મરત્ન અને છત્રરત્ન હોય છે. એમ મુનિને પણ ક્રિયા અને જ્ઞાન રૂપી ચર્મરત્ન અને છત્રરત્ન હોય છે. જેની સહાયથી મોહમ્લેચ્છની મહાવૃષ્ટિ રોકે છે એવા મુનિ ચક્રવર્તી સમા જ છે.

नवब्रह्मसुधाकुण्ड-निष्ठाधिष्ठायको मुनिः ।
नागलोकेशवद्भाति, क्षमां रक्षन् प्रयत्नतः ॥४॥

## સમશ્લોક

**નવવાડ સુધા કુંડે, ઝીલે સ્વામિત્વથી મુનિ;**
**ક્ષમા સામર્થ્યથી ધારે, શેષનાગ સમા દીપે.**

## સ્પષ્ટાર્થ

જેમ શેષનાગ ક્ષમા એટલે પૃથ્વી ધારણ કરે છે. તેમ બ્રહ્મચર્યની નવ વાડ રૂપી સુધા કુંડમાં પોતાની સન્નિષ્ઠ સ્થિતિના અધિષ્ઠાયક મુનિ પ્રયત્નપૂર્વક ક્ષમા અટલે સહિષ્ણુતા ધારણ કરે છે અને શેષનાગ સમા દીપે છે.

मुनिरध्यात्मकैलाशे, विवेकवृषभास्थितः ।
शोभते विरतिज्ञप्ति - गङ्गागौरीयुतः शिवः ॥५॥

## સમશ્લોક

**મુનિ અધ્યાત્મ કૈલાસે, વિરતિ વિદ્યા વિવેકથી**
**શોભે શિવ સમાઃ ગંગા - ગૌરી યુક્ત વૃષે સ્થિત.**

## સ્પષ્ટાર્થ

જેમ કૈલાસ પર્વત ઉપર શિવ, ગંગા અને ગૌરી થી યુક્ત વૃષભ ઉપર બેઠેલા શોભે છે તેમ મુનિ પણ અધ્યાત્મરૂપી કૈલાસ પર્વત પર વિરતિ અને વિદ્યા સાથે અધ્યાત્મના વૃષભ પર બેઠેલા શોભે છે.

ज्ञानदर्शनचन्द्रार्क - नेत्रस्य नरकच्छिदः ।
सुखसागरमग्नस्य, किं न्यूनं योगिनो हरेः ॥६॥

## સમશ્લોક

સૂર્ય ચન્દ્ર સમા ચક્ષુ, જ્ઞાન-દર્શન, દુર્ગતિ-
નાશી: સુખ સાગરે મગ્ન, મુનિ ક્યાં વિષ્ણુથી ઊણા?

## સ્પષ્ટાર્થ

જ્ઞાન એટલે વિશેષ બોધ અને દર્શન એટલે સામાન્ય બોધ રૂપ સૂર્ય અને ચન્દ્ર એવા બે નેત્ર જે નરકગતિનો નાશ કરનારા છે. આ બે નેત્રથી યુક્ત અને સુખ રૂપી સાગરમાં મગ્ન છે એવા મુનિને હરિ શ્રી કૃષ્ણ કરતાં શું ઓછું છે ?

या सृष्टिर्ब्रह्मणो बाह्या, बाह्यापेक्षावलम्बिनी ।
मुनेः परानपेक्षाऽन्तर्गुणसृष्टिस्ततोऽधिका ॥७॥

## સમશ્લોક

**પરાવલમ્બીને બાહ્ય, બ્રહ્માની બાહ્ય સૃષ્ટિથી;**
**અન્તર્ગુણી નિજાધીન - સૃષ્ટિ તો સાધુની ચઢે.**

## સ્પષ્ટાર્થ

બ્રહ્માની સૃષ્ટિ બાહ્ય છે તેમ જ પરાવલમ્બી છે જ્યારે મુનિની સૃષ્ટિ અન્તર્ગુણી છે અને પરની અપેક્ષા રાખનારી નથી એટલે બ્રહ્માની સૃષ્ટિ કરતાં મુનિની અન્તર્ગુણની સૃષ્ટિ ચઢિયાતી છે.

रत्नैस्त्रिभिः पवित्रा या, स्रोतोभिरिव जाह्नवी ।
सिद्धयोगस्य साऽप्यर्हत्पदवी न दवीयसी ॥८॥

## સમશ્લોક

**ત્રિવેણી પાવની ગંગા રત્નત્રય ગ્રહી: પદ**
**'અર્હન્'નું પામશે : સિધ્ધ - યોગી, ના દૂર તે દિન.**

## સ્પષ્ટાર્થ

ત્રણ પ્રવાહ વડે ગંગા પવિત્ર છે એમ ત્રણ રત્ન (જ્ઞાન-દર્શન-ચારિત્ર) ની ત્રિવેણીથી પવિત્ર એવી અરિહન્તની પદવી પણ સિધ્ધ્યોગવાળા મુનિને પ્રાપ્ત થાય તે દિવસ સહેજે દૂર નથી.

दुःखं प्राप्य न दीनः स्यात्, सुखं प्राप्य न विस्मितः ।
मुनिः कर्मविपाकस्य, जानन् परवशं जगत् ॥१॥

## સમશ્લોક

દુઃખમાં દીન ના થાય, ન છકે સુખમાં મુનિ;
કર્મ-વિપાક છે, જાણે, પરાધીન શિકાર છે.

## સ્પષ્ટાર્થ

મુનિ જાણે છે કે જગતના સર્વ જીવો પોતાના જ કર્મ વિપાકથી સુખ અને દુઃખ પામે છે એટલે જ્યારે દુઃખ આવે છે ત્યારે મુનિ દીન થતા નથી અને સુખ આવે ત્યારે છકી જતા નથી. તેઓ જાણે છે કે જગત એ કર્મનો પરાધીન શિકાર છે.

येषां भ्रूभङ्गमात्रेण, भज्यन्ते पर्वता अपि ।
तैरहो कर्मवैषम्यं, भूपैर्भिक्षाऽपि नाप्यते ॥२॥

## સમશ્લોક

ભમ્મરો ખેંચવા માત્રે, પહાડો ય તૂટી પડે;
કર્મ વૈષમ્ય! જો એવા ભૂપો ભીખ ન પામતા.

## સ્પષ્ટાર્થ

જેની ભ્રમર ખેંચવા માત્રથી પહાડો તૂટી પડતા તેવા રાજાઓ શેરીઓમાં ભીખ માંગતા ફરે છે ને કોઈ ભીખ પણ નથી આપતું. અહો કર્મનું વૈષમ્ય તો જુઓ !

કર્મ સત્તાથી બળવાન કોઈ સત્તા નથી.

जातिचातुर्यहीनोऽपि, कर्मण्यभ्युदयावहे ।
क्षणाद्रङ्कोऽपि राजा स्यात्, छत्रच्छन्नदिगंतरः ॥३॥

## સમશ્લોક

ન જાતિ કે ન ચાતુર્ય, ક્ષણેકે તોય ભાગ્યથી;
રંક રાજા બને, જેની વર્તે આણ દિગંતરે.

## સ્પષ્ટાર્થ

ન ઊંચી જાતનો હોય કે ન જેનામાં ચાતુરી હોય એવો સામાન્ય - રંક માનવી ક્ષણમાત્રમાં શુભકર્મ ના ઉદયથી દશે દિશામાં આણ વર્તાવનાર રાજા બની જાય છે !

विषमा कर्मणः सृष्टिर्दृष्टा करभपृष्ठवत् ।
जात्यादिभूतिवैषम्यात्, का रतिस्तत्र योगिनः? ॥४॥

## સમશ્લોક

જાત્યાદિ ભેદથી લીલા, કર્મની વાંકી ચૂંકી છે;
ઊંટની પીઠ જેવી ત્યાં, યોગીને શી રતિ-પ્રીતિ?

## સ્પષ્ટાર્થ

જાતિના ઊંચ-નીચના ભેદથી કર્મની લીલા ઊંટની પીઠ જેવી વાંકીચૂંકી અને ઊંચીનીચી છે. એવી કર્મની સૃષ્ટિમાં યોગીને પ્રીતિ ક્યાંથી થાય! એમાં આનન્દ ક્યાંથી આવે?

आरूढाः प्रशमश्रेणिं, श्रुतकेवलिनोऽपि च ।
भ्राम्यन्तेऽनन्तसंसारमहो दुष्टेन कर्मणा ॥५॥

## સમશ્લોક

પ્રશમ શ્રેણી આરૂઢ, શ્રુતકેવલીને પણ;
અનન્તાનન્ત સંસારે, દુષ્ટ કર્મ ભમાવતા.

## સ્પષ્ટાર્થ

ઉપશમ શ્રેણી પર ચઢેલા અને અગિયારમાં ગુણસ્થાનક સુધી પહોંચેલા શ્રુત કેવલીને પણ, ચૌદ પૂર્વધરોને પણ દુષ્ટ કર્મ સત્તા નીચે ફેંકી દે છે અને અહો ! સંસારમાં ભમાડે છે ! (તો બીજાનું તો ગજું જ શું ?)

अर्वाक् सर्वाऽपि सामग्री, श्रान्तेव परितिष्ठति ।
विपाकः कर्मणः कार्य-पर्यन्तमनुधावति ॥६॥

## સમશ્લોક

**બીજી બધીય સામગ્રી, થાકીને થમ્ભતી રહે;**
**અન્તપર્યન્ત ના છોડે, છેડો કર્મ વિપાક આ.**

## સ્પષ્ટાર્થ

બીજી બધી સામગ્રી પાછળ દોડતાં દોડતાં છેવટે થાકીને ક્યાંક અટકી પડે છે. પણ આ કર્મનો વિપાક તો અન્તસુધી કયાંય છાલ છોડે એમ નથી. કર્મ વિપાક છેલ્લું કારણ હોવાથી કાર્યના છેડા સુધી સાથે રહે છે.

असावचरमावर्ते, धर्मं हरति पश्यतः ।
चरमावर्ति-साधोस्तु, छलमन्विष्य हृष्यति ॥७॥

## સમશ્લોક

ચરમાવર્ત પહેલા આ, છ'ચોક ધર્મ લૂંટતો
હર્ષે: શોધી પછી છિદ્રો, ચરમાવર્તી સાધુનાં.

## સ્પષ્ટાર્થ

ચરમ પુદ્‌ગલ પરાવર્ત પામતા પેહલાં આ કર્મવિપાક જોત-જોતામાં સાધકનો ધર્મ હરી લે છે જ્યારે ચરમ પુદ્‌ગલ પરાવર્ત પામેલા સાધકની સાધનામાં પ્રમાદ આદિનું છિદ્રાન્વેષણ કરે છે અને છિદ્રો જોઈ જોઈને હર્ષ પામે છે.

सात्म्यं बिभर्ति यः कर्म-विपाकं हृदि चिंतयन् ।
स एव स्याच्चिदानन्द - मकरन्दमधुव्रतः ।।८।।

## સમશ્લોક

વિપાકો કર્મના ચિન્તે, સમત્વ હૃદયે ધરે;
જ્ઞાન - આનન્દ - મકરન્દ, માણે મુનિ - મધુવ્રત.

## સ્પષ્ટાર્થ

હૃદયમાં કર્મના શુભાશુભ પરિણામોનો વિચાર કરતાં કરતાં જે સમભાવમાં સ્થિર થાય છે તે મુનિ જ્ઞાનાનન્દ રૂપ મકરન્દ એટલે પુષ્પ પરાગનો ભોગી ભ્રમર થાય છે; સમભાવનો રસ-જ્ઞાતા થાય છે.

यस्य गम्भीरमध्यस्याज्ञानवज्रमयं तलम् ।
रुद्धाव्यसनशैलोघैः, पन्थानो यत्र दुर्गमाः ॥१॥

## સમશ્લોક

મઝધાર ઊંડી જેની, તળિયું અજ્ઞાન વજ્રનું;
ચોપાસ કષ્ટના પ્હાડો, રસ્તાઓ પણ દુર્ગમ.

## સ્પષ્ટાર્થ

જેની મઝધાર ઊંડી છે અને તળિયું અજ્ઞાન-વજ્રનું છે અને ચારે બાજુ કર્મના પહાડો ઝળુંબી રહ્યા છે અને રસ્તાઓ પણ દુર્ગમ છે. જ્યાં ચાલવું કઠણ છે.

એવા ભવસાગરથી જ્ઞાની ઉદ્વિગ્ન રહે છે.

पाताल-कलशा यत्र भृतास्तृष्णामहानिलैः ।
कषायाश्चित्तसंकल्प-वेलावृद्धं वितन्वते ॥२॥

## સમશ્લોક

પાતાળ-કળશો તૃષ્ણા-મહાવાયુભર્યા વહે;
સંકલ્પો ને કષાયોની, ભરતી વિસ્તાર્યા કરે.

## સ્પષ્ટાર્થ

જ્યાં તૃષ્ણારૂપ, વિષયાભિલાષરૂપી મહાવાયુથી ભરેલા ક્રોધ, માન, માયા ને લોભ. ચાર કષાયરૂપ પાતાલ કળશો મનના વિકલ્પોની ભરતી કરે છે.

એવા ભવસાગરથી જ્ઞાની ઉદ્વિગ્ન રહે છે.

स्मरौर्वाग्निर्ज्वलत्यन्तर्यत्र स्नेहेन्धनः सदा ।
यो घोररोगशोकादि - मत्स्य - कच्छपसंकुलः ॥३॥

## સમશ્લોક

કામાગ્નિ - વાડવાગ્નિ જ્યાં, સ્નેહ રાગે જળ્યા કરે;
રોગ-શોક રૂપી મત્સ્ય-કાચબા ઉભરાય છે.

## સ્પષ્ટાર્થ

જેની વચ્ચોવચ સ્નેહરાગ એટલે જળના જ બળતણવાળો કામરૂપી વાડવાગ્નિ ભડકે બળે છે; જે સંસાર સાગર આકરા રોગ-શોક આદિરૂપ માછલાંથી ને કાચબાથી ઉભરાય છે.

એવા ભવસાગરથી મુનિ ઉદ્વિગ્ન રહે છે.

दुर्बुद्धिमत्सरद्रोहै विद्युद्दुर्वातगर्जितैः ।
यत्र सांयात्रिका लोकाः, पतन्त्युत्पातसंकटे ॥४॥

## સમશ્લોક

દુર્બુદ્ધિ-વીજ ને ઈર્ષા-વાયરો દ્રોહ-ગર્જના;
સમુદ્રયાત્રીને માટે, સર્જે ઉત્પાત આપદા.

## સ્પષ્ટાર્થ

દુષ્ટબુદ્ધિ, ગુણોનો દ્વેષ કરનારી ઈર્ષ્યા, દ્રોહ - અપકારક ભાવની વીજળી, ભયકારક વાયુ અને દિલ ખળભળાવી મૂકે એવી ગર્જના વડે જ્યાં વહાણના મુસાફરો ઉત્પાત - સંકટમાં પડે છે. એવા ભવસાગરથી મુનિ ઉદ્વિગ્ન રહે છે.

ज्ञानी तस्माद् भवाम्भोधे र्नित्योद्विग्नोऽतिदारुणात् ।
तस्य संतरणोपायं, सर्वयत्नेन कांक्षति ।।५।।

## સમશ્લોક

દારુણ ભવ અબ્ધિથી, જ્ઞાની ઉદ્વિગ્ન રે' સદા;
લાખ યત્નોકરે: ઝંખે ઉપાય પાર પામવા.

## સ્પષ્ટાર્થ

આવા દારુણ ભવસાગરથી સદાય ઉદ્વિગ્ન રહેનાર મુનિ નિત્ય ભયભીત રહે છે. તેથી તે જ્ઞાની સંસાર સમુદ્રને કોઈ પણ ઉપાયે તરી જવાના ઉપાયોમાં સતત પ્રયત્નશીલ રહે છે.

तैलपात्रधरो यद्वद्, राधावेधोद्यतो यथा ।
क्रियास्वनन्यचित्तः स्याद्, भवभीतस्तथा मुनिः ॥६॥

## સમશ્લોક

**તેલ બિન્દુ વિના ઢોળે, રાધાવેધ કરે ત્યમ;**
**ભવભીરુ મુનિ સાધે, ક્રિયામાં એક-અગ્રતા.**

## સ્પષ્ટાર્થ

તેલથી છલોછલ ભરેલા પાત્રને મૃત્યુના ભયથી મનોહર દૃશ્યો જોવાનો લોભ સંવરીને એક પણ ટીપું ઢોળ્યા વિના અત્યંત એકાગ્રભાવે બધા ચૌટા ફેરવી આવે, અને એકાગ્રચિત્તે રાધાવેધ કરે એની જેમ સંસારથી ભય પામેલ મુનિ ચારિત્રમાં એકાગ્ર ચિત્ત રહે છે.

विषं विषस्य वह्नेश्च, वह्निरेव यदौषधम् ।
तत् सत्यं भवभीतानामुपसर्गेऽपि यन्न भीः ॥७॥

## સમશ્લોક

વારણ ઝેરનું ઝેર, અગ્નિનું જેમ અગ્નિ છે;
એમ ઉપસર્ગ ભીતિનું, વારણ ભવભીતિ છે.

## સ્પષ્ટાર્થ

ઝેરનું વારણ જેમ ઝેર છે અને અગ્નિનું વારણ અગ્નિ છે તેમ જ ઉપસર્ગ - ઉપદ્રવ વગેરેના ભયનું વારણ સંસારનો ભય છે. સંસારનો ભય બધા જ ભયનું મારણ છે.

स्थैर्यं भवभयादेव, व्यवहारे मुनिर्व्रजेत् ।
स्वात्मारामसमाधौ तु, तदप्यन्तर्निमज्जति ॥८॥

## સમશ્લોક

વ્યવહારે મુનિ પામે, સ્થૈર્ય સંસારભીતિથી
આત્મારામી સમાધિમાં, એ ભીતિ ડૂબી જાય છે.

## સ્પષ્ટાર્થ

વ્યવહારનયથી મુનિ ભવભીરુતાના કારણે સ્થિરતા પામે છે. અને જ્યારે નિશ્ચયનયે આત્મરતિ રૂપ નિર્વિકલ્પ સમાધિમાં હોય છે ત્યારે એમનો ભવ-ભય સમાધિમાં ડૂબી જાય છે.

प्राप्तः षष्ठं गुणस्थानं, भवदुर्गाद्रिलङ्घनम् ।
लोकसंज्ञारतो न स्यान्मुनिर्लोकोत्तरस्थितिः ॥१॥

## સમશ્લોક

ગુણઠાણું લહ્યું છઠ્ઠું, સંસારગિરિ લાંઘવા
લોક વાતે ન હા એ હા, લોકોત્તર મુનિ કરે.

## સ્પષ્ટાર્થ

ભવ - પર્વતને પાર કરાવનારું છઠ્ઠું ગુણસ્થાનક પ્રાપ્ત કર્યા પછી મુનિ લોકોત્તર સ્થિતિ પ્રાપ્ત કરે છે. એટલે લોકો કહે તે કે કરે તે કરવું એવી લોકસંજ્ઞાથી પર થઈ જાય છે. અને જે કરે તે શાસ્ત્રાર્થ વિચારીને જ કરે છે.

यथा चिंतामणि दत्ते, वठरो बदरी-फलैः ।
हहा जहाति सद्धर्मं, तथैव जनरञ्जनैः ॥२॥

## સમશ્લોક

બોર સાટે દઈ દે છે, મૂર્ખ ચિન્તામણિ યથા;
અરે! સદ્ધર્મ ત્યાગે છે, લોકોને રાજી રાખવા.

## સ્પષ્ટાર્થ

લોકોને રાજી રાખવા જે શાસ્ત્રાનુસારી સદ્ધર્મનો ત્યાગ કરીને લોકો ને અનુસરે છે- તે મહામૂઢ છે. આ રીતે જન રંજન કરનાર ખરેખર તો બોર સાટે ચિન્તમણિ રત્ન ત્યજી દેનાર મૂર્ખની જેમ લોકોને રાજી રાખવા સદ્ધર્મ ત્યજી દે છે.

लोकसंज्ञामहानद्यामनुस्त्रोतोऽनुगा न के ।
प्रतिस्त्रोतोऽनुगस्त्वेको, राजहंसो महामुनिः ॥३॥

## સમશ્લોક

લોકસંજ્ઞા મહાસ્રોતે, કેટલાયે વહી ગયા;
સામે વ્હેણે તર્યા એક, રાજહંસ મહામુનિ.

## સ્પષ્ટાર્થ

લોકસંજ્ઞાની વહેતી નદીમાં ઘાસના તણખલાની જેમ કેટલાય લોકો તણાઈ ગયા પણ લોકસંજ્ઞાના સામે પ્રવાહે તો એક રાજહંસ સમા મહામુનિ જ તરે છે. લોકોપકારક સત્યોનું સ્થાપન કરે છે અને રક્ષા કરે છે.

लोकमालम्ब्य कर्तव्यं, कृतं बहुभिरेव चेत् ।
तदा मिथ्यादृशां धर्मो, न त्याज्यः स्यात्कदाचन ।।४।।

## સમશ્લોક

બહુ લોકે કર્યું જે જે, કરણીય કરાવીએ;
તો તો મિથ્યાત્વીનો ધર્મ, ત્યાજય કયારેય ના કરે.

## સ્પષ્ટાર્થ

લોકોને અનુસરીને - બહુમતીને માનીને ધર્મ આચરવાનો હોય તો પછી મિથ્યાદષ્ટિનો ધર્મ તો કયારેય ત્યજી શકાય નહીં. કારણ કે સંસારમાં મિથ્યાદષ્ટિ લોકોની જ બહુમતી હોય છે. સત્ય બહુમતીમાં નહીં શાસ્ત્ર મતિમાં રહેલું હોય છે.

સત્ય બહુમતીમાં હોતું નથી. બહુમતી તો અન્તે વિનાશ નોંતરે છે. બહુમતીથી બચીને રહો.

श्रयोऽर्थिनो हि भूयांसो, लोके लोकोत्तरे न च ।
स्तोका हि रत्नवणिजः, स्तोकाश्च स्वात्मसाधकाः ॥५॥

## સમશ્લોક

**શ્રેયોર્થી હોય ના ઝાઝા, લોકે લોકોત્તરે કદી**
**ઝવેરી જેમ છે થોડા, થોડા છે આત્મસાધકો.**

## સ્પષ્ટાર્થ

લોકમાર્ગ કે લોકોત્તર માર્ગમાં શ્રેયઃ ના અર્થીઓ બહુ હોતા નથી. રત્નના વેપારીઓ જેમ ઓછા હોય છે તેમ આત્મસાધકો પણ ઓછા હોય છે.

લોકોત્તર માર્ગમાં પણ વેષધારીઓ આત્મસાધક હોય જ એવું માની લેવું નહીં.

लोकसंज्ञाहता हन्त! नीचैर्गमनदर्शनैः ।
शंसयन्ति स्वसत्याङ्ग - मर्मघात - महाव्यथाम् ॥६॥

## સમશ્લોક

ઘા વાગ્યા સત્યના મર્મે, લોકોને રાજી રાખવા;
નીચી દષ્ટિ, ગતિભંગ, ખુલ્લી પાડે મહાવ્યથા.

## સ્પષ્ટાર્થ

લોકસંજ્ઞાને અનુસરનારા ગર્વોન્નત - મસ્તક રહી શકતા નથી. નીચું માથું ઘાલીને ધીમે ધીમે ચાલવાની તેમની રીત એમના સત્યવ્રતમાં વાગેલા ઘાની મહાવ્યથા પ્રગટ કરે છે.

શાસ્ત્રદ્રોહીઓની ચાલ જ દ્રોહ કર્યાની ચાડી ખાય છે.

आत्मसाक्षिकसद्धर्म-सिद्धौ किं लोकयात्रया ? ।
तत्र प्रसन्नचन्द्रस्य, भरतश्च निदर्शने ॥७॥

## સમશ્લોક

આત્મસાખે સીઝે ધર્મ, બાહ્ય આચારથી સર્યું!
પ્રસન્નચન્દ્રનો જોવો, દાખલો ભરતેશનો.

## સ્પષ્ટાર્થ

ધર્મ તો આત્માની સાક્ષીએ જ થાય છે. વેષ - બેષ તો સમજ્યા એનાથી ખાસ કાંઈ સરતું નથી. મુનિવેષમાં પ્રસન્નચન્દ્ર રાજર્ષિએ સાતમી નરક સુધી પહોંચ્યા જ્યારે ભરતચક્રી ગૃહીવેષમાં કેવલ જ્ઞાન પામ્યા. આ ઉદાહરણો વિચારવા.

लोकसंज्ञोज्झितः साधुः, परब्रह्मसमाधिमान् ।
सुखमास्ते गतद्रोह - ममता - मत्सर - ज्वरः ॥८॥

## સમશ્લોક

**લોકસંજ્ઞા ત્યજી સાધુ, પરબ્રહ્મ સમાધિમાં;**
**અહમ્, મમત્વ, માત્સર્ય, જ્વરહીન સુખે રહે.**

## સ્પષ્ટાર્થ

લોકસંજ્ઞાનો ત્યાગ કરીને પરબ્રહ્મ સમાધિમાં લીન સાધુ અહમ્ મમત્વ અને માત્સર્યના જ્વરને ભગાડીને સ્વસ્થ અને સુખી રહે છે.

અહમ્, મમત્વ અને માત્સર્યનો ત્યાગ એ આરોગ્યનું મૂળ છે.

चर्मचक्षुभृतः सर्वे, देवाश्चावधिचिक्षुषः ।
सर्वतश्चक्षुषः सिद्धाः, साधवः शास्त्रचक्षुषः ॥१॥

## સમશ્લોક

ચર્મચક્ષુ બધાને છે, અવધિ-ચક્ષુ દેવ છે;
સિદ્ધો તો આત્મચક્ષુ છે, શાસ્ત્રચક્ષુ સુસાધુઓ.

## સ્પષ્ટાર્થ

પ્રાણીમાત્ર ચર્મચક્ષુ ધરાવે છે. દેવો અવધિ ચક્ષુ હોય છે. સિધ્ધો આત્મચક્ષુ હોય છે જ્યારે સાધુઓ શાસ્ત્ર ચક્ષુ હોય છે.

સાધુ જે કાંઈ નિહાળે છે તે શાસ્ત્રની આંખે જ નિહાળે છે.

पुरः स्थितानिवोर्ध्वाधस्तिर्यग्लोकविवर्तिनः ।
सर्वान्भावानवेक्षन्ते, ज्ञानिनः शास्त्रचक्षुषा ॥२॥

## સમશ્લોક

ઊર્ધ્વ અધો અને તિર્યગ્, સર્વ ભાવો ત્રિલોકના;
શાસ્ત્રચક્ષુ મુનિ પેખે, પ્રત્યક્ષ સ્થલચિત્રવત્.

## સ્પષ્ટાર્થ

શાસ્ત્રચક્ષુ મુનિ શાસ્ત્રના સહારે ઊર્ધ્વલોક, અધોલોક તથા તિર્યગ્લોકના વિવિધ પરિણામ પામતા સર્વભાવને સાક્ષાત ન હોવા છતાં સાક્ષાત્ જૂએ છે - શ્રુતસહચરિત માનસ અચક્ષુ દર્શનથી જૂએ છે.

शासनात् त्राणशक्तेश्च, बुधैः शास्त्र निरुच्यते ।
वचनं वीतरागस्य, तत्तु नान्यस्य कस्यचित् ।।३।।

## સમશ્લોક

શાસને ત્રાણ - સામર્થ્ય, વ્યુત્પત્તિ શાસ્ત્રની કહી;
ઘટે તે વીતરાગીના - વાક્યે અન્યત્ર શક્ય ક્યાં?

## સ્પષ્ટાર્થ

શાસન એટલે હિતશિક્ષાથી જે સંસાર સામે ત્રાણ - રક્ષણ આપે છે એ જ શાસ્ત્ર કહેવાય છે એવી શાસ્ત્રની શાબ્દિક વ્યુત્પત્તિ માત્ર સર્વગુણ સહિત કેવલજ્ઞાની વીતરાગના વચનમાં જ ઘટે છે. અન્યના વચનને શાસ્ત્ર કહી શકાય જ નહીં.

शास्त्रे पुरस्कृते तस्माद्, वीतरागः पुरस्कृतः ।
पुरस्कृते पुनस्तस्मिन्नियमात्सर्वसिद्धयः ॥४॥

## સમશ્લોક

**શાસ્ત્ર આગે ધર્યું એ તો, વીતરાગ ધર્યા સમું;**
**આમ શાસ્ત્ર કર્યે આગે, સાંપડે સર્વ સિદ્ધિઓ.**

## સ્પષ્ટાર્થ

શાસ્ત્ર આગળ કરીને વાત કરી એમ કહીએ ત્યારે વીતરાગ આગળ કરીને વાત કરી એમ જ સમજવું. અને વીતરાગને આગળ કર્યા એટલે સર્વ અર્થો સિધ્ધ થાય છે એમ નિશ્ચય સમજવું.

अदृष्टार्थेऽनुधावन्तः, शास्त्रदीपं विना जडाः ।
प्राप्नुवन्ति परं खेदं, प्रस्खलन्तः पदे पदे ।।५।।

## સમશ્લોક

ન જોયાનો કરે પીછો, શાસ્ત્રદીપ વિના જડ;
ખત્તા ખાય અવિવેકી, ખેદ પામે પદે પદે

## સ્પષ્ટાર્થ

જડ અને અવિવેકીએ શાસ્ત્ર રૂપ દીવાનો આધાર લીધા વિના પરોક્ષ પદાર્થોની પાછળ દોટ મૂકે છે. પરંતુ ડગલે અને પગલે ઠોકર ખાઈને ખેદ પામે છે.

शुद्धौञ्छाद्यपि शास्त्राज्ञा-निरपेक्षस्य नो हितम् ।
भौतहन्तुर्यथा तस्य, पदस्पर्श निवारणम् ।।६।।

## સમશ્લોક

શાસ્ત્રાજ્ઞા હીન જે બાહ્ય, શુદ્ધાચાર ન શુદ્ધ છે;
વાઢીને માથું પહેરાવે, પાઘડી તે ન ગ્રાહ્ય છે

## સ્પષ્ટાર્થ

બેંતાળીસ દોષ રહિત શુધ્દ ગોચરી લાવે, આચાર પાળે પણ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ન વર્તતો હોય તો તે સ્વચ્છન્દમતિનું આચાર પાલન બેકાર છે. આત્મ કલ્યાણકર નથી. કારણ કે આવો આચારી માથું વાઢીને પાઘડી બાંધનાર જેવો છે.

अज्ञानाहिमहामन्त्रं, स्वाच्छन्द्यज्वरलङ्घनम् ।
धर्मारामसुधाकुल्यां, शास्त्रमाहुर्महर्षयः ॥७॥

## સમશ્લોક

અજ્ઞાન ઝેર ઉતારે, ટાળે સ્વચ્છન્દતા જ્વર;
ધર્મ બાગે સુધા સીંચે, મહર્ષિ શાસ્ત્ર તે કહે.

## સ્પષ્ટાર્થ

અજ્ઞાનરૂપી વિષધરનું વિષ હરે, સ્વચ્છન્દ મતિરૂપી જ્વર દૂર કરવા માટે જે લાંઘણ રૂપ છે. અને ધર્મરૂપી ઉદ્યાનને સીંચવા માટે જે અમૃત તુલ્ય છે એ જ સાચું શાસ્ત્ર છે. એમ મહર્ષિ કહે છે.

शास्त्रोक्ताचार कर्ता च, शास्त्रज्ञः शास्त्रदेशकः ।
शास्त्रैकदृग् महायोगी, प्राप्नोति परमं पदम् ॥८॥

## સમશ્લોક

જ્ઞાન, આચાર, વાણી ને દૃષ્ટિ શાસ્ત્રાનુસારી છે;
જેની તે છે મહાયોગી, પામશે પદ અવ્યય.

## સ્પષ્ટાર્થ

શાસ્ત્રોક્ત આચાર પાળનાર, શાસ્ત્રના જાણ, શાસ્ત્રના ઉપદેશક અને શાસ્ત્ર ઉપર જ દૃષ્ટિવાળા મહાયોગી પરમપદ મોક્ષ પામે છે.

न परावर्तते राशेर्वक्रतां जातु नोज्झति ।
परिग्रहग्रहः कोऽयं? विडम्बितजगत्त्रयः ॥१॥

## સમશ્લોક

કદી વક્રી ન જે થાય, ને ત્યજે વક્રતા નહીં;
વિડમ્બે વિશ્વ આખાને, કેવો ગ્રહ પરિગ્રહ!!

## સ્પષ્ટાર્થ

નવ ગ્રહોમાં સૂર્ય-ચન્દ્ર સિવાય બધા ગ્રહો વક્રી થાય છે પણ દશમો ગ્રહ પરિગ્રહ પણ કદી વક્રી થતો નથી. ધનરાશિમાં પરિગ્રહ બેઠો એ બેઠો. ત્રણે જગતની વિડમ્બના કરનાર આ ગ્રહ બધા જ ગ્રહોમાં અનિષ્ટતમ ગ્રહ છે. પરિગ્રહની ગતિ કોઈએ જાણી નથી.

परिग्रहग्रहावेशाद्, दुर्भाषितरजः किराम्ः ।
श्रूयन्ते विकृताः किं न? प्रलापा लिङ्गिनामपि ।।२।।

## સમશ્લોક

## સ્પષ્ટાર્થ

પરિગ્રહ ધારણ કરનારા વેષધારીઓ ઉત્સૂત્ર ભાષણના વંટોળિયામાં ચકરાઈને ધર્મના નામે સેંકડો જૂઠ બોલીને, યદ્વા તદ્વા બક્વાસ કરીને ભદ્રિકોને ઉન્માર્ગે દોરે છે.

આવા જૈન વસ્ત્રધારીઓથી ચેતવું, દૂર રહેવું. એમને પગે લાગવાથી પણ પાપ લાગે છે.

यस्त्यक्त्वा तृणवद् बाह्यमान्तरं च परिग्रहम् ।
उदास्ते तत्पदाम्भोजं, पर्युपास्ते जगत्त्रयी ॥३॥

## સમશ્લોક

## સ્પષ્ટાર્થ

બાહ્ય અને અભ્યન્તર બન્ને પરિગ્રહને ઘાના તણખલા જેવો ગણીને ત્યાગનારા નિર્મોહી-નિષ્પરિગ્રહીને ત્રણે જગતના લોકો પગમાં ઝૂકી ઝૂકીને પૂજે છે, વન્દે છે.

આજના પરિગ્રહી સાધુઓને વેષની શરમ રાખ્યા વિના દૂરથી જ ત્યજો.

चित्तेऽन्तर्ग्रन्थगहने, बहिर्निर्ग्रन्थता वृथा ।
त्यागात्कञ्चुकमात्रस्य, भुजगो न हि निर्विषः ॥४॥

## સમશ્લોક

અન્તર્ગ્રંથી ન છૂટી તો, વળે શું બાહ્ય ત્યાગથી?
કાંચળી ત્યાગવા માત્રે, સર્પ ના થાય નિર્વિષ.

## સ્પષ્ટાર્થ

અન્દર ઊંડી પડેલી પરિગ્રહની મૂર્છાની ગાંઠ ન છૂટે તો બાહ્ય નિર્ગ્રન્થતા-મુનિત્વથી કાંઈ અર્થ સરતો નથી. જેમ સાપ કાંચળી ત્યજી દે એટલે કાંઈ વિષ રહિત થઈ જતા.

પરિગ્રહી વેષધારીઓ તો ડૂબશે પણ તમનેય લઈને ડૂબશે. કાંચળીની જેમ સંસારી વેષ ભલે ત્યજ્યો પણ હજુ એ ઝેરીલા છે.

त्यक्ते परिग्रहे साधोः, प्रयाति सकलं रजः ।
पालित्यागे क्षणादेव, सरसः सलिलं यथा ॥५॥

## સમશ્લોક

પરિગ્રહ ત્યાગથી મેલ, ધોવાઇ જાય સાધુનો
પાણી તૂટયા પછી જેમ, તળાવ વહી જાય છે.

## સ્પષ્ટાર્થ

પરિગ્રહ નો ત્યાગ કરવાથી સાધુનો સર્વ પાપ રૂપ મેલ ધોવાઈ જાય છે. સાધુનું સર્વ પાપ વહી જાય છે જેમ પાળ તૂટવાથી ક્ષણમાત્રમાં સરોવરનું પાણી વહી જાય છે, તેમ.

મેલ માત્રનું મૂળ પરિગ્રહ છે. પરિગ્રહીને વ્રતધારી મનાય જ કેમ, એમને વન્દાય જ કેમ?

त्यक्तपुत्रकलत्रस्य, मूर्च्छामुक्तस्य योगिनः ।
चिन्मात्रप्रतिबद्धस्य, का पुद्गलनियन्त्रणा ॥६॥

## સમશ્લોક

## સ્પષ્ટાર્થ

સ્રી, પુત્ર તથા ઋધ્ધિનો ત્યાગ કરીને જેને મૂર્ચ્છા હૃદયથી વેગળી કરી દીધી છે અને, જ્ઞાનમાં જ રક્ત-આસક્ત રહે છે એવા યોગીને પુદ્ગલો-ભૌતિક સુખો બન્ધનમાં નાંખી શકતા નથી.

चिन्मात्रदीपको गच्छेन्निर्वाततस्थानसन्निभैः ।
निष्परिग्रहतास्थैर्यं, धर्मोपकरणैरपि ॥७॥

## સમશ્લોક

## સ્પષ્ટાર્થ

જ્ઞાનમાત્રમાં જ આસક્ત મુનિને વસ્ત્ર-પાત્રાદિ ચૌદ ઉપકરણો મૂર્ચ્છાના અભાવે પરિગ્રહ રૂપ નીવડતાં નથી. ઊલટું જેમ દીપકને ફાણસ નિર્વાત-સ્થાન પૂરું પાડી દીપકને સ્થિર કરે છે તેમ આ ઉપકરણો ચારિત્રને સ્થિર કરે છે.

मूर्च्छाछन्नधियां सर्व जगदेव परिग्रहः ।
मूर्च्छया रहितानां तु, जगदेवापरिग्रहः ॥८॥

## સમશ્લોક

ભારોભાર ભરી મૂર્છા, એને બધું પરિગ્રહ;
જેને મૂર્છા નથી તેને, ન કાંઇય પરિગ્રહ.

## સ્પષ્ટાર્થ

જેના મનમાં ભારોભાર મૂર્ચ્છા ભરી હોય તેને તો રાખેલી અને ઈચ્છેલી તમામ સામગ્રી પરિગ્રહ છે. જ્યારે મૂર્ચ્છા રહિત યોગીને આખું વિશ્વ અપરિગ્રહ છે.

सन्ध्येव दिनरात्रिभ्यां, केवलश्रुतयोः पृथक् ।
बुधैरनुभवो दृष्टः, केवलार्कारुणोदयः ॥१॥

## સમશ્લોક

રાત દી'થી જુદી સન્ધ્યા, તેમ કૈવલ્ય, શ્રુતથી
અનુભવ જુદો ભાખે, વેદે જ્ઞાની પ્રભાતશો

### સ્પષ્ટાર્થ

સન્ધ્યાનું અસ્તિત્વ જેમ રાત અને દિવસથી ભિન્ન છે તેમ અનુભવ જ્ઞાનનું અસ્તિત્વ કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી ભિન્ન છે. સૂર્યોદય પહેલા જેમ અરુણોદય થાય છે તેમ કેવલ જ્ઞાનરૂપી સૂર્યોદય પહેલા અનુભવજ્ઞાન રૂપી અરુણોદય થાય છે. નિશાન્ત અને સૂર્યોદયથી અરુણોદય ભિન્ન છે. આ અનુભવ જ્ઞાનનું બીજું નામ પ્રાતિભજ્ઞાન છે.

व्यापारः सर्वशास्त्राणां दिक्प्रदर्शन एव हि ।
पारं तु प्रापयत्येकोऽनुभवो भववारिधेः ॥२॥

## સમશ્લોક

## સ્પષ્ટાર્થ

શાસ્ત્રોનું કામ તો સાચી દિશા દર્શાવવાનું છે. પણ સંસાર સાગર પાર પમાડવાનું સામર્થ્ય તો સ્વ-અનુભવમાં જ છે. શાસ્ત્ર દ્વારા જાણો અને અનુભવ દ્વારા પામો.

अतीन्द्रियं परं ब्रह्म, विशुद्धानुभवं विना ।
शास्त्रयुक्तिशतेनापि, न गम्यं यद् बुधा जगुः ।।३।।

## સમશ્લોક

## સ્પષ્ટાર્થ

જ્યાં સુધી અનુભવ જ્ઞાન પ્રાપ્ત નથી થતું ત્યાં સુધી શાસ્ત્રોના સેંકડો યુક્તિ-સિધ્ધ વિશાલ જ્ઞાનથી પણ અતીન્દ્રિય પરબ્રહ્મની પ્રાપ્તિ શક્ય નથી.

દૃષ્ટિ સદાય અનુભવ સન્મુખ રાખવી.

ज्ञायेरन् हेतुवादेन, पदार्था यद्यतीन्द्रियाः ।
कालेनैतावता प्राज्ञैः कृतः स्यात्तेषु निश्चयः ॥४॥

## સમશ્લોક

**યુક્તિથી જો અતીન્દ્રિય, સ્પષ્ટ જ્ઞાતવ્ય હોત તો;**
**અભ્રાન્ત જ્ઞાન પ્રાજ્ઞોને, ક્યારનુંય થઇ જતે!**

## સ્પષ્ટાર્થ

શાસ્ત્રો અને યુક્તિઓ દ્વારા અતીન્દ્રિય પરંબ્રહ્મ એટલે અરૂપી આત્મા સ્પષ્ટ રૂપે જ્ઞાતવ્ય હોત તો શાસ્ત્રના જાણ બુધ્દ્ધિમાનોને આત્મા કયારનોય જણાઈ ગયો હોત! પણ અરૂપી આત્માનું જ્ઞાન વિશુધ્દ્ધ અનુભવ વિના થતું નથી.

केषां न कल्पना - दर्वी, शास्त्रक्षीरान्नगाहिनी ।
विरलास्तद्रसास्वादविदोऽनुभव जिह्वया ॥५॥

## સમશ્લોક

કલ્પના - કડછીથી સૌ, શાસ્ત્ર - ખીર કઢ્યા કર.
વિરલો સ્વાદ માણે છે, ખીરનો અનુભવ જીભે.

## સ્પષ્ટાર્થ

કલ્પના તો કડછી સમી છે. એનાથી ખીર કઢાય ખરી પણ કડછીને ખીરનો સ્વાદ ન આવે એમ બધા શાસ્ત્ર ભણનારને અનુભવરૂપી ખીરનો સ્વાદ મળતો નથી. એ તો કોઈ વિરલ - અનુભવજ્ઞાની જ માણી શકે છે.

पश्यतु ब्रह्म निर्द्वन्द्वं, निर्द्वन्द्वानुभवं विना ।
कथं लिपीमयी दृष्टिर्वाङ्मयी वा मनोमयी ॥६॥

## સમશ્લોક

## સ્પષ્ટાર્થ

અરૂપી અને નિર્દ્વન્દ્વ બ્રહ્મ એટલે આત્મા ન લિપિથી, ન અક્ષરથી કે ન અર્થના પરિજ્ઞાન રૂપ દૃષ્ટિથી પમાય છે. તો ચર્મચક્ષુથી તો પામવાની વાત જ ક્યાં રહી ? લિપિ, અક્ષર કે અર્થ રૂપ શાસ્ત્રથી ન પમાતો આત્મા માત્ર સ્વાનુભવથી જ પામી શકાય છે.

न सुषुप्तिरमोहत्वान्नापि च स्वापजागरौ ।
कल्पना शिल्पविश्रान्तेस्तुर्यैवानुभवो दशा ॥७॥

## સમશ્લોક

## સ્પષ્ટાર્થ

અનુભવ દશા એ સુષુપ્તિ નથી. સુષુપ્તિ નિર્વકલ્પ છે પણ ત્યાં મોહ હોય છે જ્યારે અનુભવ દશા તો મોહરહિત છે. સ્વપ્ન દશા અને જાગ્રત દશા નિર્વકલ્પ નથી. કલ્પના રૂપ છે માટે અનુભવદશા ત્રણેથી અલગ ચોથી દશા છે જે નિર્વિકલ્પ અને નિર્મોહી છે.

अधिगत्याखिलं शब्दब्रह्म - शास्त्रदृशा मुनिः ।
स्वसंवेद्यं परब्रह्मानुभवेनाधिगच्छति ॥८॥

## સમશ્લોક

શાસ્ત્ર દૃષ્ટિ વડે જાણી, સમસ્ત શબ્દબ્રહ્મને
અનુભવે સ્વ - સંવેદી, પરબ્રહ્મ લહે મુનિ.

## સ્પષ્ટાર્થ

શાસ્ત્ર દૃષ્ટિ વડે સમગ્ર શબ્દ-બ્રહ્મનો પાર પામીને સ્વથી જ સ્વને સંવેદી શકાય એવા પરબ્રહ્મને અનુભવ જ્ઞાનથી જાણે છે. પરમબ્રહ્મ પરની અપેક્ષા વિના સ્વપ્રકાશિત છે પણ તે અનુભવ ચક્ષુથી જ જાણી શકાય છે.

मोक्षेण योजनाद्योगः सर्वोऽप्याचार इष्यते ।
विशिष्य स्थानवर्णार्थालम्बनैकाग्र्यगोचरः ॥१॥

## સમશ્લોક

**મોક્ષમાં જોડી આપે તે, સર્વ આચાર યોગ છે;**
**સ્થાન, વર્ણાર્થ, આલમ્બન, એકાગ્ર્ય પાંચ ખાસ છે.**

## સ્પષ્ટાર્થ

આત્માને મોક્ષમાં યોજી આપે તે યોગ કહેવાય. આ યોગ સર્વપ્રકારના આચારને સમાવી લે છે. અને ખાસ કરીને સ્થાન એટલે આસન, મુદ્રા વગેરે; વર્ણ એટલે અક્ષરાદિ; અર્થ જ્ઞાન; કાયોત્સર્ગાદિનું આલમ્બન અને સિધ્ધ સ્મરણની એકાગ્રતા આ પાંચનો સમૂહ યોગ છે.

कर्मयोगद्वयं तत्र, ज्ञानयोगं त्रयं विदुः ।
विरतेष्वेव नियमाद्, बीजमात्रं परेष्वपि ॥२॥

## સમશ્લોક

**પાંચમાં કર્મયોગો બે, જ્ઞાનયોગો કહ્યા ત્રણ;**
**પ્રગટ પાંચે વ્રતીમાં છે, અન્યોમાં બીજ રૂપ છે.**

## સ્પષ્ટાર્થ

પૂર્વોક્ત પાંચ યોગમાં બે કર્મયોગ છે અને ત્રણ જ્ઞાન યોગ છે. આ પાંચે યોગ વ્રતધારીમાં પ્રગટ રૂપે જોવા મળે છે જ્યારે અન્યમાં માર્ગાનુસારી પ્રમુખમાં પાંચે બીજ રૂપે હોય છે.

कृपानिर्वेदसंवेग - प्रशमोत्पत्तिकारिणः ।
भेदाः प्रत्येकमत्रेच्छा - प्रवृत्तिस्थिरसिद्धयः ॥३॥

## સમશ્લોક

ભેદ પ્રત્યેકના: ઇચ્છા, પ્રવૃત્તિ, સિદ્ધિ, સ્થિરતા;
કૃપા, સંવેદ, નિર્વેદ, પ્રશમ પ્રગટાવતા.

## સ્પષ્ટાર્થ

સ્થાન આદિ પૂર્વોક્ત પાંચ યોગના - પ્રત્યેકના ચાર ચાર ભેદ છે. ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિધ્ધિ જે હૃદયમાં કૃપા-અનુકમ્પા; નિર્વેદ-સંસારનો ભય; સંવેદ-મોક્ષની ઇચ્છા અને પ્રશમ - ઉપશમ જગાડે છે.

इच्छा तद्वत्कथाप्रीतिः, प्रवृत्तिः पालनं परम् ।
स्थैर्यं बाधकभीहानिः, सिद्धिरन्यार्थसाधनम् ॥४॥

## સમશ્લોક

**યોગી - કથા - પ્રીતિ ઇચ્છા, પ્રવૃત્તિયોગ પાળવું;**
**અતિચાર વિના સ્થૈર્ય, સિદ્ધિયોગ પમાડવું.**

## સ્પષ્ટાર્થ

યોગીની કથામાં પ્રીતિ થવી એ ઈચ્છાયોગ; જાગ્રત અને પ્રયત્નશીલ રહી શુભ ઉપયોગનું પાલન કરવું એ પ્રવૃત્તિયોગ; અતિચાર આદિ લાગી જશે એવા બાધક તત્ત્વોનો ભય ત્યાગી દેવો એ સ્થિરતા; તથા પરિચયમાં આવતા અન્યને પણ પમાડે તે સિદ્ધિયોગ.

अर्थालम्बनयोश्चैत्य - वन्दनादौ विभावनम् ।
श्रेयसे योगिनः स्थानवर्णयोर्यत्न एव च ॥५॥

## સમશ્લોક

**ક્રિયામાં અર્થ, આલમ્બન, એ બે યોગો સ્મર્યા કરો;**
**સ્થાનને વર્ણમાં યત્ન, શ્રેયસ્કર યોગીને સદા.**

## સ્પષ્ટાર્થ

ચૈત્યવન્દન આદિ ક્રિયામાં અર્થ અને આલમ્બન એ બે યોગોને વારંવાર સ્મરવા તથા સ્થાન અને વર્ણ એ બે યોગોમાં નિરન્તર પ્રયાસશીલ રહેવું, એ જ યોગીને શ્રેયસ્કર છે.

आलम्बबनमिह ज्ञेयं, द्विविधं रूप्यरूपि च ।
अरूपिगुणसायुज्य - योगोऽनालम्बनः परः ।।६।।

## સમશ્લોક

**આલમ્બન પ્રકારો બે, રૂપી, બીજું અરૂપી જે;**
**સિદ્ધ સાયુજય હોવાથી, અનાલમ્બન બની રહે.**

## સ્પષ્ટાર્થ

આલમ્બન રૂપી અને અરૂપી બે પ્રકારના હોય છે. જિન તથા જિનપ્રતિમા રૂપી આલમ્બન છે તથા અરૂપી આલમ્બન યોગ એ સિધ્દ્રના સ્વરૂપ સાથે તન્મયતા સાધવી એ જ છે. અને તે ઉત્કૃષ્ટ છે જે વાસ્તવમાં અનાલમ્બન યોગ જ છે.

प्रीतिभक्तिवचोऽसङ्गैः, स्थानाद्यापि चतुर्विधम् ।
तस्मादयोगयोगाप्तेर्मोक्षयोगः क्रमाद्भवेत् ॥७॥

## સમશ્લોક

**પ્રીતિ, ભક્તિ અને વાણી, અસંગ : ચાર સ્થાનના;**
**યોગો અયોગ સાધે ને, આપે મોક્ષ ક્રમે ક્રમે.**

## સ્પષ્ટાર્થ

પૂર્વોક્ત સ્થાન આદિ પાંચ યોગના પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એમ ચાર ચાર ભેદ છે. એમ યોગના વીસ ભેદોની સાધનાથી ક્રમે ક્રમે અયોગની એટલે શૈલેશી યોગની પ્રાપ્તિ થાય છે જેનાથી આત્માનો મોક્ષ થાય છે.

स्थानाद्यायोगिनस्तीर्थोच्छेदाद्यालम्बनादपि ।
सूत्रदाने महादोष, इत्याचार्याः प्रचक्षते ॥८॥

## સમશ્લોક

**તીર્થોચ્છેદાદિ ભીતિથી, સ્થાનાદિ યોગહીનને;**
**સૂત્રદાને મહાદોષ, આચાર્યો સ્પષ્ટ ભાખતા.**

## સ્પષ્ટાર્થ

તીર્થોચ્છેદ આદિની ભીતિથી પણ પૂર્વે જણાવેલ સ્થાન આદિ કોઈ પણ યોગ વિનાનાને ચૈત્યવન્દન આદિ સૂત્ર ભણાવવામાં આશાતનાદિ મોટા મોટા દોષ ઉદ્ભવે છે. એવું હરિભદ્રાદિ આચાર્યો સ્પષ્ટ જણાવે છે.

તીર્થોચ્છેદાદિની ભીતિથી પણ અયોગ્યને સૂત્રદાન કરવું નહીં.

यः कर्म हुतवान् दीप्ते ब्रह्माग्नौ ध्यान - धाय्यया ।
स निश्चतेन योगेन, नियाग प्रतिपत्तिमान् ।।१।।

## સમશ્લોક

**હોમ્યાં બ્રહ્માગ્નિમાં કર્મ, ધ્યાન-વેદ-ઋચા વડે;**
**ભાવયજ્ઞ કરીને એ, નિયાગ પ્રાપ્તિને વર્યા.**

## સ્પષ્ટાર્થ

બ્રહ્મ-અગ્નિમાં ધ્યાનરૂપી વેદની ઋચા વડે કર્મોને હોમીને બાળી નાંખ્યાં તે મુનિ નિશ્ચિતરૂપે ભાવયજ્ઞ-નિયાગ પામ્યા છે. દ્રવ્ય યજ્ઞ તે યાગ અને ભાવયજ્ઞ તે નિયાગ જાણવો.

पापध्वंसिनि निष्कामे, ज्ञानयज्ञे रतो भव ।
सावद्यैः कर्मयज्ञैः किं? भूतिकामनयाऽऽविलैः ।।२।।

## સમશ્લોક

સુખેચ્છાથી થતા મેલા, સાવદ્ય યજ્ઞથી સર્યું;
લાગ્યો રે' પાપનાશી ને, નિષ્કામ જ્ઞાન યજ્ઞમાં.

## સ્પષ્ટાર્થ

જ્યોતિષ્ટોમાદિ કર્મયજ્ઞો કે જે સાવદ્ય - પાપક્રિયાઓથી ખરડાયેલા છે. ઉપરાન્ત સુખેચ્છાથી કરાય છે એવા સકામ યજ્ઞોથી સર્યું. યજ્ઞ તો જ્ઞાનયજ્ઞ જ ખરો છે જે ઐહિક સુખેચ્છાથી રહિત નિષ્કામ યજ્ઞ છે. માટે એમાં જ પ્રવૃત્તિ કરવી ઈષ્ટ છે.

वेदोक्तत्वान्मनः शुद्धया कर्मयज्ञोऽपि योगिनः ।
ब्रह्मयज्ञ इतीच्छन्तः श्येनयागं त्यजन्ति किम् ? ॥३॥

## સમશ્લોક

વેદે છે: કર્મયજ્ઞો જે યોગીને મનશુદ્ધિથી
બ્રહ્મયજ્ઞ: પછી કેમ ત્યજે છે શ્યેન યજ્ઞને?

## સ્પષ્ટાર્થ

વેદોક્ત હોવાથી મનશુધ્દ્રિ - સત્ત્વશુધ્દ્રિ દ્વારા કરેલો કર્મયજ્ઞ પણ યોગીને બ્રહ્મયજ્ઞરૂપ નીવડે છે, એ ખરું હોય તો પછી બ્રહ્મયોગ કરવા ઈચ્છનાર યોગી શ્યેનયાગનો ત્યાગ શું કામ કરે

છે ? સંક્ષેપમાં કર્મયોગ બ્રહ્મયોગ થઈ શકતો નથી.

ब्रह्मयज्ञः परं कर्म, गृहस्थस्याधिकारिणः ।
पूजादि वीतरागस्य, ज्ञानमेव तु योगिनः ॥४॥

## સમશ્લોક

**અધિકારી ગૃહસ્થોને, જિનપૂજા બ્રહ્મયજ્ઞ છે;**
**નિરુપાધિક જ્ઞાનીને, જ્ઞાન જ બ્રહ્મયજ્ઞ છે.**

## સ્પષ્ટાર્થ

ધર્માધિકાર પામેલા - માર્ગાનુસારી ગૃહસ્થોને જિનપૂજા એ જ બ્રહ્મયજ્ઞ છે જ્યારે જ્ઞાની યોગીઓને 'જ્ઞાન' સ્વયમ જ બ્રહ્મયજ્ઞ છે.

भिन्नोद्देशेन विहितं, कर्म कर्मक्षयाक्षमम् ।
क्लृप्तभिन्नाधिकारं च, पुत्रेष्ट्यादिवदिष्यताम् ॥५॥

## સમશ્લોક

અન્ય ઉદ્દેશ્યથી કીધા, પુત્રેષ્ટયાદિક યજ્ઞ જે;
મોક્ષ લક્ષ્ય નથી એમાં, ખપાવી કર્મ ના શકે.

## સ્પષ્ટાર્થ

પુત્રેષ્ટ્યાદિ સકામ યજ્ઞોમાં મોક્ષનો ઉદ્દેશ્ય ન હોવાથી એ સકામ યજ્ઞો છે જે કર્મનો ક્ષય કરવા માટે સમર્થ નથી.

ब्रह्मार्पणमपि ब्रह्म, यज्ञान्तर्भावसाधनम् ।
ब्रह्माग्नौ कर्मणो युक्तं, स्वकृतन्वस्मये हुते ।।६।।

## સમશ્લોક

હોમવું કર્મની સાથે, કર્તૃત્વભાવનું 'અહમ્';
અન્તર્ભાવ સાધનનું, તે બ્રહ્માર્પણ યોગ્ય છે.

## સ્પષ્ટાર્થ

કર્મયજ્ઞનું બ્રહ્મયજ્ઞમાં રૂપાન્તર કરવા અન્તર્ભાવ સાધવો. અન્તર્ભાવ સાધવા બ્રહ્મરૂપી અગ્નિમાં કર્મ અને કર્તૃત્વભાવના અહમ્‌ને હોમી દેવાં. આ જ સાચું બ્રહ્માર્પણ છે.

ब्रह्मण्यर्पितसर्वस्वो, ब्रह्मदृग्ब्रह्मसाधनः ।
ब्रह्मणाजुह्वदब्रह्म, ब्रह्मणि ब्रह्मगुप्तिमान् ॥७॥

## સમશ્લોક

સર્વસ્વ બ્રહ્મને આપ્યું, દષ્ટિ, સાધન બ્રહ્મ છે;
બ્રહ્મથી બ્રહ્મમાં હોમે, અબ્રહ્મ બ્રહ્મ-ગુપ્તિમાન.

## સ્પષ્ટાર્થ

જેણે પોતાનું સર્વસ્વ બ્રહ્મને સમર્પી દીધું છે; જેની બ્રહ્મમાં જ દૃષ્ટિ છે; બ્રહ્મજ્ઞાન જ જેનું સાધન છે, તથા ઉપયોગ રૂપ બ્રહ્મને આધારરૂપ બ્રહ્મમાં અબ્રહ્મ એટલે અજ્ઞાનને હોમે છે એવા બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા પાપથી લેપાતા નથી.

ब्रह्माध्ययननिष्ठावान्, परब्रह्मसमाहितः ।
ब्राह्मणो लिप्यते नाघैर्नियागप्रतिपत्तिमान् ।।८।।

## સમશ્લોક

બ્રહ્મ અભ્યાસમાં નિષ્ઠ, પરબ્રહ્મ સમાધિમાન્
સાધુને પાપ ના લેપે, નિયાગે લીન જે થયા.

## સ્પષ્ટાર્થ

બ્રહ્મ અધ્યયન (આચારાંગ પ્રથમ શ્રુતસ્કન્ધ નવ અધ્યયન)માં સન્નિષ્ઠ, પરબ્રહ્મ સાથે એકતા પરિણતિ ધરાવનાર અને નિયાગ-બ્રહ્મયજ્ઞને પ્રાપ્ત બ્રાહ્મણ, શ્રમણ, નિગ્રન્થ કે ભિક્ષુ જે કોઈ હોય તે પાપથી લેપાતો નથી.

दयाम्भसा कृतस्नानः, संतोषशुभवस्त्रभृत् ।
विवेकतिलकभ्राजी, भावनापावनाशयः ॥१॥

## સમશ્લોક

**દયારૂપી જળે ન્હાઇ, સંતોષ વસ્ત્ર ધારીને;**
**વિવેક તિલક ભાલે - કર્તાને શુધ્ધ ભાવથી.**

## સ્પષ્ટાર્થ

દયા-જળ વડે સ્નાન કરીને, સંતોષરૂપી શુભવસ્ત્રો પહેરીને, વિવેક-તિલક ભાલે કરીને અને ભાવનારૂપી પવિત્ર આશયથી યુક્ત થઈ (શુધ્ધ આત્મારૂપ દેવની પૂજા કરો)

भक्तिश्रद्धानघुसृणो - न्मिश्रपाटीरजद्रवैः ।
नवब्रह्माङ्गतो देवं शुद्धमात्मानमर्चय ।।२।।

## સમશ્લોક

**શુદ્ધાત્મા દેવની પૂજા, નવાંગે બ્રહ્મ ભાવથી;**
**ભક્તિ - ચન્દન તથા શ્રધ્ધા - કેસરના ઘોળથી કરો.**

## સ્પષ્ટાર્થ

ભક્તિ-આરાધન કરવા યોગ્ય છે એવું જ્ઞાન, શ્રધ્ધા, 'આ જ પરમાર્થ છે' એવી બુધ્ધિ, અને એ બુધ્ધિરૂપી કેસરમિશ્રિત ચન્દનરસ વડે નવવિધ બ્રહ્મચર્ય રૂપ અંગે શુધ્ધ આત્મારૂપ દેવની પૂજા કરો. આ જ ભાવપૂજા છે.

क्षमा पुष्पस्रजं धर्मयुग्म क्षौमद्वयं तथा ।
ध्यानाभरणसारं च, तदङ्गे विनिवेशय ।।३।।

## સમશ્લોક

**ક્ષમા - ફૂલમાળ પ્હેરાવો, ધરાવો ધર્મવસ્ત્ર બે;**
**સજાવો ધ્યાન - અલંકારે, પૂજો શુદ્ધાત્મ દેવને.**

## સ્પષ્ટાર્થ

તે શુધ્ધ આત્માને ક્ષમારૂપી ફૂલની માળા પહેરાવો, વ્યવહાર અને નિશ્ચય રૂપી વસ્ત્રયુગલ તથા ધ્યાનરૂપી ઉત્તમ આભરણ માનસભાવથી પહેરાવો.

मदस्थानभिदात्यागैर्लिखाग्रे चाष्टमङ्गलम् ।
ज्ञानाग्नौ शुभसंकल्प - काकतुण्डं च धूपय ॥४॥

## સમશ્લોક

આઠ મદ ત્યાગનું લેખો, પ્રતીક અષ્ટ મંગલ;
જ્ઞાનાગ્નિમાં કરો ધૂપ, સત્સંકલ્પ દશાંગનો.

## સ્પષ્ટાર્થ

આઠ મદનો ત્યાગ કરો અને પ્રતીક રૂપે અષ્ટમંગલનું આલેખન કરો. જ્ઞાનરૂપ અગ્નિમાં શુભસંકલ્પ રૂપ કૃષ્ણાગરુનો ધૂપ કરો. એટલે આ રીતે શુધ્ધ ઉપયોગ રૂપ નિર્વિકલ્પ સમાધિરૂપ પૂજા થાય.

प्राग्धर्मलवणोत्तारं, धर्मसन्न्यास - वह्निना ।
कुर्वन् पूरय सामर्थ्य - राजन् नीराजनाविधिम् ।।५।।

## સમશ્લોક

**ધર્મ સન્ન્યાસ અગ્નિમાં, પ્રાગ્ધર્મ લૂણ ઉતારીને;**
**સામર્થ્યયોગથી દીપ્ર, આરતીની વિધિ કરો.**

## સ્પષ્ટાર્થ

ધર્મસન્ન્યાસ રૂપ અગ્નિવડે પૂર્વના ઔદયિક અને ક્ષાયોપશમિક ધર્મરૂપ લવણ ઉતારીને 'સામર્થ્યયોગ' રૂપ દેદીપ્યમાન આરતીની વિધિ સંપન્ન કરવી.

स्फुरन्मंगलदीपं च, स्थापयानुभवं पुरः ।
योगनृत्यपर स्तौर्य - त्रिकसंयमवान् भव ॥६॥

## સમશ્લોક

**અનુભવરૂપી સ્થાપો, મંગલદીપઃ આચરો.**
**યોગ નૃત્ય સસંગીત, સમતા સંયમ કેળવો.**

## સ્પષ્ટાર્થ

અનુભવરૂપી મંગલદીપ મોખરે સ્થાપીને સંયમયોગરૂપ નાટ્યપૂજા એટલે ગીત, સંગીત અને નૃત્યનો આરમ્ભ કરો. જેમ ધારણા, ધ્યાન અને સમાધિ સંયમ કહેવાય તેમ તેના પ્રતીક રૂપ ગીત, સંગીત અને નૃત્ય એ ત્રિકને સંયમ સમજવું.

उल्लसन्मनसः सत्यघण्टां वादयतस्तव ।
भावपूजारतस्येत्थं, करक्रोडे महोदयः ॥७॥

## સમશ્લોક

**વગાડો મન ઉલ્લાસે - સત્યનો ઘંટ ગુંજવો;**
**ભાવપૂજા કરો આમ, તો છે મોક્ષ હથેલીમાં.**

## સ્પષ્ટાર્થ

મનના ઉલ્લાસ વડે સત્યરૂપી ઘંટનો ગુંજારવ કરીને આ રીતે ભાવ પૂજા કરનાર યોગીને મોક્ષ તો હાથવેંતમાં જ હોય છે.

द्रव्यपूजोचिता भेदोपासना गृहमेधिनाम् ।
भावपूजा तु साधूनामभेदोपासनात्मिका ॥८॥

## સમશ્લોક

**દ્રવ્યપૂજા ગૃહસ્થોને, દ્રવ્ય ને ભાવ ભેદથી;**
**સાધુને ભાવ પૂજા જ, અભેદોપાસના રૂપી.**

## સ્પષ્ટાર્થ

ગૃહસ્થોને અનેક ભેદોથી ઓપતી દ્રવ્ય પૂજા જ ઉચિત છે જ્યારે સાધુને પરમાત્મા સાથે અભેદ સાધવા રૂપ અભેદ ઉપાસના એટલે ભાવપૂજા જ યોગ્ય છે. ગૃહસ્થને ભાવનોપવીત માનસા ભાવપૂજા હોય છે પણ કાયિકી ભાવપૂજા તો ચારિત્રીને જ હોય છે.

ધ્યાતા ધ્યેયં તથા ધ્યાનં, ત્રયં યસ્યૈકતાં ગતમ્ ।
मुनेरनन्यचित्तस्य, तस्य दुःखं न विद्यते ॥१॥

ध्याता ध्येयं तथा ध्यानं, त्रयं यस्यैकतां गतम् ।
मुनेरनन्यचित्तस्य, तस्य दुःखं न विद्यते ॥१॥

## સમશ્લોક

**ધ્યાતા ધ્યેય અને ધ્યાન, જેના એક થઇ ગયાં;**
**અનન્ય ચિત્ત સાધુને, કશું દુઃખ રહ્યું નહીં.**

## સ્પષ્ટાર્થ

ધ્યાતા (આત્મા) ધ્યેય (આત્મા) ધ્યાન (આત્મા) બાહ્યથી આવા ત્રણ ભેદ છે તે દૂર થઈ ત્રણે એક થઈ ગયા છે એવા મુનિ કે જે અનન્ય ચિત્ત છે આત્મા સિવાય બીજા કશામાં જેનું ચિત્ત નથી તે મુનિ જીવન્મુક્ત થઇ ગયા હોવાથી એમને કોઈ દુઃખ રહેતું નથી.

ધ્યાતાऽन्तरात्मा ध्येयस्तु, परमात्मा प्रकीर्तितः ।
ध्यानं चैकाग्र्यसंवित्तिः समापत्तिस्तदेकता ॥२॥

## સમશ્લોક

**અન્તરાત્મા અહીં ધ્યાતા, ને ધ્યેય પરમાતમા;**
**ધ્યાન એકાગ્રતા બુદ્ધિ, અન્તે તો ત્રણ એક છે.**

## સ્પષ્ટાર્થ

સમકિતી આત્મા ધ્યાતા છે અને ધ્યેય એ આત્માને પૂર્ણ રીતે પ્રગટ કર્યો છે તે સિધ્દ્ભગવાન્ તથા ઘાતીકર્મક્ષીણ અરિહન્ત ભગવાન્ છે તથા ધ્યાન એટલે એકાગ્રતા - સજાતીય જ્ઞાનની ધારા છે; એ ત્રણેની એકતા એ જ સમાપત્તિ એટલે કે ત્રિવેણી સંગમ છે.

मणाविव - प्रतिच्छाया, समापत्तिः परात्मनः ।
क्षीणवृत्तौ भवेद् ध्यानादन्तरात्मनि निर्मले ॥३॥

## સમશ્લોક

**ધ્યાનથી ધૌત આત્મામાં, છાયા પરમાત્મની પડે;**
**મણિ જેમ ઝીલે છાયા, આ સમાપત્તિ જાણવી.**

## સ્પષ્ટાર્થ

ધ્યાનથી ધોવાઈને નિર્મળ થયેલા આત્મામાં - જેમ નિર્મળ મણિમાં પ્રતિબિમ્બ પડે છે - તેમ પરમાત્માનું પ્રતિબિમ્બ પડે છે. તેને સમાપત્તિ કહી છે. બે કે બેથી વધુ પદાર્થનું એક-બીજામાં મળીને એકરૂપ થવું એ સમાપત્તિ છે. આમ ધ્યાનનું ફળ અભેદ સમાધિ છે.

आपत्तिश्च ततः पुण्यतीर्थकृत्कर्मबन्धतः ।
तद्भावाभिमुखत्वेन, सम्पत्तिश्च क्रमाद्भवेत् ।।४।।

## સમશ્લોક

**સમાપત્તિથી આપત્તિ, તીર્થંકર નામ કર્મના;**
**બન્ધનીઃ આપતી મુક્તિ, સમ્પત્તિ તે ક્રમે ક્રમે.**

## સ્પષ્ટાર્થ

આ સમાપત્તિથી પુણ્ય પ્રકૃતિ રૂપ તીર્થંકર નામ કર્મ બન્ધાય છે તે પણ બન્ધનરૂપ છે. એટલે આપત્તિરૂપ છે પણ આ જ આપત્તિ તીર્થંકરત્વની અભિમુખ હોવાથી ક્રમેક્રમે સમ્પત્તિ રૂપ થાય છે.

इत्थं ध्यानफलाद्युक्तं, विंशतिस्थानकाद्यपि ।
कष्टमात्रं त्वभव्यानामपि नो दुर्लभं भवे ॥५॥

## સમશ્લોક

આમ ધ્યાન-ફળે યોગ્ય, વીશ-સ્થાનકનું તપ;
ધ્યાનહીન અભવ્યોય, પામે પણ કષ્ટ રૂપ તે.

## સ્પષ્ટાર્થ

આમ ધ્યાનના ફળ રૂપે વીશ-સ્થાનકના તપની પ્રાપ્તિ થાય છે. આવું તપ ધ્યાનહીન અભવ્યોને પણ પ્રાપ્ત થાય છે. પરન્તુ તે તપના ફળ રૂપે માત્ર કષ્ટ લાભ થાય છે. એટલે કે આ તપ કાયાને કષ્ટ રૂપ નીવડે છે.

जितेन्द्रियस्य धीरस्य, प्रशान्तस्य स्थिरात्मनः ।
सुखासनस्य नासाग्रन्यस्तनेत्रस्य योगिनः ॥६॥

## સમશ્લોક

જિતેન્દ્રિય અને ધીર, પ્રશાન્ત આતમા સ્થિર;
યોગી સુખાસને બેઠા, નાસાગ્રે નેત્ર સ્થાપીને.

## સ્પષ્ટાર્થ

જે જિતેન્દ્રિય છે, ધીર છે, પ્રશાન્ત છે, જેનો આત્મા સ્થિર છે જે સુખાસનમાં સ્થિત થઈને, નાસાગ્ર દૃષ્ટિ સ્થાપીને બેઠા છે તેવા યોગીઓની જોડ જડતી નથી.

रुद्ध बाह्यमनोवृत्ते धारणाधारया रयात् ।
प्रसन्नस्याप्रमत्तस्य, चिदानन्द सुधालिहः ॥७॥

## સમશ્લોક

ધારણા ધારથી વેગે, રૂંધી છે બાહ્યવૃત્તિઓ;
પ્રસન્ન, અપ્રમાદી જે, ચિદાનંદ સુધા પીએ.

## સ્પષ્ટાર્થ

ધારણા એટલે ધ્યેય વિષે સ્થિર ચિત્તની વેગીલી ધારા વડે બાહ્ય ઈન્દ્રિયને અનુસરનારી મનની વૃત્તિ રોકનારા, પ્રસન્ન ચિત્તવાળા, પ્રમાદ રહિત, જ્ઞાનાનન્દ-રૂપી અમૃતના આસ્વાદી યોગીઓની જોડ જડતી નથી.

साम्राज्यमप्रतिद्वन्द्वमन्तरेव वितन्वतः ।
ध्यानिनो नोपामा लोके सदेवमनुजेऽपि हि ॥८॥

## સમશ્લોક

વિસ્તારે આત્મ સામ્રાજ્ય, ન પ્રતિદ્વન્દ્વી : દેવ કે
મનુષ્યલોકમાંઃ એવા ધ્યાનીની જોડ ના જડે.

## સ્પષ્ટાર્થ

આત્મારામમાં જ વિપક્ષ (શત્રુ) રહિત મોટું રાજ્ય વિસ્તારતા ધ્યાનવાન યોગીની દેવલોકમાં કે મનુષ્યલોકમાં ખરેખર કોઈ ઉપમા નથી. આવા યોગીઓની જોડ જડતી નથી.

ज्ञानमेव बुधाः प्राहुः, कर्मणां तापनात्तपः ।
तदाभ्यन्तरमेवेष्टं, बाह्यं तदुपबृंहकम् ॥१॥

## સમશ્લોક

**તપાવે કર્મ જે જ્ઞાન, તે જ જ્ઞાન ખરું તપ;**
**અભ્યન્તર, આ જ છે ઇષ્ટ, બાહ્ય તો પુષ્ટિકારક.**

## સ્પષ્ટાર્થ

જે જ્ઞાન કર્મો તપાવે છે એ જ જ્ઞાનને પંડિત પુરૂષો તપ કહે છે. અને આવું અન્તરંગ તપ જ ઈષ્ટ છે - કરણીય છે. બાહ્યતપ જો અભ્યન્તર તપ વધારનારું હોય તો જ એ ઈષ્ટ છે.

आनुश्रोतसिकी वृत्तिर्बालानां सुखशीलता ।
प्रातिश्रोतसिकी वृत्तिर्ज्ञानिनां परमं तपः ॥२॥

## સમશ્લોક

લોક વ્હેણે ભળી ઝંખે, અજ્ઞાની સુખશીલતા;
સામે વ્હેણે તરે જ્ઞાની, તપસ્યા ઉગ્ર આચરે.

## સ્પષ્ટાર્થ

સુખશીલ સ્વભાવના અજ્ઞાનીઓ લોકના વ્હેણમાં ભળી જઇ એમની સાથે વહે છે. જ્યારે જ્ઞાનવાન મુનિ કષ્ટની પરવા કર્યા વિના ઉગ્ર તપનું આચરણ કરે છે. એથી જ ચતુર્જ્ઞાની તીર્થંકર પોતે તદ્‌ભવસિધ્ધિગામી હોવા છતાં તપશ્ચરણ કરે છે.

धनार्थिनां यथा नास्ति, शीततापादि दुस्सहम् ।
तथा भवविरक्तानां, तत्त्वज्ञानार्थिनामपि ॥३॥

## સમશ્લોક

આકરા ટાઢ કે તાપ, વિત્તાર્થી ન ગણે જરા;
વિરક્ત તત્ત્વજ્ઞાનાર્થી, કષ્ટ દુઃસહ ના ગણે.

## સ્પષ્ટાર્થ

જેમ ધનનો અર્થી આકરાં તાપ-ટાઢને ગણકારતો નથી તેમ વિરકત તત્ત્વજ્ઞાનના અર્થી દુષ્કર તપથી તપવામાં પાછા પડતા નથી.

सदुपायप्रवृत्तानामुपेयमधुरत्वतः ।
ज्ञानिनां नित्यमानन्द-वृद्धिरेवतपस्विनाम् ॥४॥

## સમશ્લોક

રચ્યા પચ્યા સુધા માર્ગે, સાધ્ય-માધુરી પાનથી;
જ્ઞાની એવા તપસ્વીને, નિત્યાનન્દ વધ્યા કરે.

## સ્પષ્ટાર્થ

ઉગ્ર તપશ્ચર્યા કરવા છતાં નિરુપાધિક મોક્ષની ઈચ્છાની મીઠાશથી જ્ઞાનીને તો કઠિનતમ તપ આદિ ક્રિયામાં પણ નિરન્તર આનન્દની વૃધ્ધિ જ થયા કરે છે.

इत्थं च दुःखरूपत्वात्, तपोव्यर्थमितीच्छताम् ।
बौद्धानां निहता बुद्धिर्बौद्धानन्दपरिक्षयात् ॥५॥

## સમશ્લોક

**તપ દુઃખદ હોવાથી, વ્યર્થ છે બૌદ્ધ ભાખતા;**
**હતબુદ્ધિ ન જાણે કે જ્ઞાનાનન્દ હણાય ના.**

## સ્પષ્ટાર્થ

બૌદ્ધો એમ માને છે કે તપસ્યા દુઃખદાયી છે માટે નિષ્ફલ છે પણ હતબુદ્ધિઓને એ જાણ નથી કે જેનાથી જ્ઞાન આનન્દ હણાય નહીં, સમાધિભંગ થાય નહીં, તે દુઃખદ નથી.

यत्र ब्रह्म जिनार्चा च, कषायाणां तथा हतिः ।
सानुबन्धा जिनाज्ञा च, तत्तपः शुद्धमिष्यते ॥६॥

## સમશ્લોક

**બ્રહ્મચર્ય, જિનાર્ચા ને, કષાયો ક્ષીણ થાય જ્યાં;**
**સાનુબન્ધ જિનાજ્ઞા છે, ત્યાં શુદ્ધ તપ હોય છે.**

## સ્પષ્ટાર્થ

જેનાથી બ્રહ્મચર્ય વધે, ભગવદ્ ભક્તિ વધે, કષાયનો નાશ થાય, અને અનુબન્ધ સહિત વીતરાગની આજ્ઞા પ્રવર્તતી હોય તે તપ શુધ્ધ છે.

तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि वा ॥७॥

## સમશ્લોક

યોગો હાનિ ન પામે ને, ઇન્દ્રિયો ક્ષીણ થાય ના;
અને દુર્ધ્યાન ના આવે, તેવું જ તપ ઇષ્ટ છે.

## સ્પષ્ટાર્થ

તપ તો તેવું જ આચરવાની આજ્ઞા છે કે જેનાથી યોગ હિણાય નહીં, આર્ત અને રૌદ્ર ધ્યાન થાય નહીં અને ઈન્દ્રિયો ક્ષીણ થાય નહીં. સમાધિભંગ થાય એવો તપ તપ નથી.

मूलोत्तर गुणश्रेणि-प्राज्यसाम्राज्यसिद्धये ।
बाह्यमाभ्यन्तरं चेत्थं, तपः कुर्यान्महामुनिः ॥८॥

## સમશ્લોક

મૂલોત્તર ગુણશ્રેણી, મોટું સામ્રાજ્ય પામવા;
બાહ્યાન્તર તપશ્ચર્યા, મહામુનિ સમાચરે.

## સ્પષ્ટાર્થ

મૂલ ગુણ તથા ઉત્તરગુણનાં વિશાલ સામ્રાજ્યનો લાભ થાય એટલા માટે મહામુનીશ્વરો બાહ્ય અને અભ્યન્તર તપનું આચરણ કરે છે.

धावन्तोऽपि नयाः सर्वे, स्युर्भावे कृतविश्रमाः ।
चारित्रगुणलीनः स्यादिति सर्वनयाश्रितः ॥१॥

## સમશ્લોક

**પોત-પોતાની રીતેથી, નયો અર્થ ઘટાવતા;**
**ચારિત્રી સર્વનય આશ્રી, સર્વાંગી સત્ય ભાવતા.**

## સ્પષ્ટાર્થ

નયો પોત-પોતાના અભિપ્રેત અર્થ પ્રમાણે (વસ્તુસ્વભાવમાં) વિશ્રાન્તિ કરે છે જ્યારે મુનિ સર્વ નયનો આધાર લઈને વસ્તુ-સ્વભાવનો બોધ કરે છે એટલે ચારિત્રગુણમાં પૂર્ણ રીતે લીન હોય છે.

पृथग्नयाः मिथः पक्षप्रतिपक्षकदर्थिताः ।
समवृत्तिसुखास्वादी ज्ञानी, सर्वनयाश्रितः ॥२॥

## સમશ્લોક

નયો એક-બીજા સાથે - વાદેઃ પામે કદર્થના;
જ્ઞાની સમ-સુખાસ્વાદી, સર્વ નય-સાર આદરે.

## સ્પષ્ટાર્થ

નયો એક-બીજા નયો સાથે વાદ-વિવાદ કરીને કદર્થના પામે છે એટલે કે સાચો અર્થ પામી શકતા નથી જ્યારે જ્ઞાની સર્વ નયોનો સમન્વય કરીને વાસ્તવિક સત્યના સુખનો આસ્વાદ લે છે.

नाप्रमाणं प्रमाणं वा सर्वमप्यविशेषितम् ।
विशेषितं प्रमाणं स्यादिति सर्वनयज्ञता ।।३।।

## સમશ્લોક

**અપેક્ષાહીન બધી વાતો, એકાન્તે ન અમાન્ય કે**
**માન્ય છેઃ સત્ય સાપેક્ષ, એ જ સર્વનયજ્ઞતા.**

## સ્પષ્ટાર્થ

અપેક્ષા રહિત બધી વાતો એકાન્તે અમાન્ય હોય છે એવું પણ નથી તે માન્ય જ હોય એવું પણ નથી. જેથી બીજાના શાસ્ત્રનું સદ્‌વચન પણ પરિશોધનથી માન્ય કરી શકાય એવું હોઈ શકે.

लोके सर्वनयज्ञानां, ताटस्थ्यं वाऽप्यनुग्रहः ।
स्यात्पृथग्नयमूढानां, स्मयार्तिर्वाऽतिविग्रहः ॥४॥

## સમશ્લોક

**લોકે સર્વનયજ્ઞોનું, માધ્યસ્થ્ય ઉપકારક;**
**પૃથગ્-નયમૂઢ પીડાય, ક્લેશ ને અભિમાનથી.**

## સ્પષ્ટાર્થ

સર્વનયનો સમાદર કરનારની સમવૃત્તિ વ્યવહારદશામાં ઉપકારક હોય છે જ્યારે જુદા જુદા નયોને મૂઢતાથી વળગી રહેનાર અહંકારની પીડા અને ઘણો કલેશ પામે છે.

श्रेयः सर्वनयज्ञानां, विपुलं धर्मवादतः ।
शुष्कवादाद् विवादाच्च, परेषां तु विपर्ययः ॥५॥

## સમશ્લોક

સર્વનયજ્ઞ સાધે છે, વિપુલ શ્રેય ધર્મથી;
શુષ્ક વાદ-વિવાદીને, અકલ્યાણ પરમ્પરા.

## સ્પષ્ટાર્થ

બધા વાદ-વિવાદથી પર વિપુલ ધર્મવાદમાં લીન એવા સર્વ નયના જાણ આત્મકલ્યાણ સાધે છે. જ્યારે વિપર્યય એટલે આથી ઊલટું એક નયને પકડીને શુષ્ક વાદ-વિવાદ કરનાર, કંઠ-તાલુ શોષ કરનાર આત્માનું અકલ્યાણ કરે છે.

प्रकाशितं जनानां यैर्मतं सर्वनयाश्रितम् ।
चित्ते परिणतं चेदं, येषां तेभ्यो नमोनमः ॥६॥

## સમશ્લોક

નય સાપેક્ષ જે ધર્મ, પ્રકાશ્યો લોક બોધવા
ચિત્તે પરિણામ્યો તેને, કોટિ-કોટિ પ્રણામ હો.

## સ્પષ્ટાર્થ

જે મહાપુરુષોએ સર્વનયાશ્રિત ધર્મ લોક કલ્યાણ માટે પ્રકાશ્યો છે અને એને સાંભળી સમજીને જેણે પચાવ્યો છે, તે સૌને કોટિ કોટિ પ્રણામ હો - વન્દન હો.

निश्चये व्यवहारे च, त्यक्त्वा ज्ञाने च कर्मणि ।
एकपाक्षिकविश्लेषमारूढाः शुद्धभूमिकाम् ॥७॥

## સમશ્લોક

નિશ્ચયે, વ્યવહારે કે, જ્ઞાનમાં કે ક્રિયાનયે;
ભ્રાન્તિ એક પખી ત્યાગી, આરૂઢ-શુદ્ધ ભૂમિકા.

## સ્પષ્ટાર્થ

નિશ્ચયમાં કે વ્યવહારમાં, જ્ઞાનમાં કે ક્રિયામાં એક પક્ષી ભ્રાન્તિનાં સ્થાનો ત્યજીને જ્ઞાનપરિપાકથી લાભેલી શુધ્ધ ભૂમિકા પર આરૂઢ થયેલા (જ્ઞાની જગમાં જયવન્ત વર્તે છે)

अमूढलक्ष्याः सर्वत्र पक्षपातविवर्जिताः ।
जयन्ति परमानन्दमयाः सर्वनयाश्रयाः ॥८॥

## સમશ્લોક

અમૂઢ-લક્ષ્ય, નિષ્પક્ષ, નિજાનન્દમયી અને;
સર્વનય આશ્રયી જ્ઞાની, વિશ્વે જયવન્ત વર્તતા.

## સ્પષ્ટાર્થ

લક્ષ્ય વેધ કરવામાં અમૂઢ એટલે નિષ્ણાત, બધી જ ભૂમિકાએ પક્ષપાત અને કદાગ્રહ રહિત અને નિજાનન્દથી ભરપૂર એવા સર્વનયનો આશ્રય કરનારા જ્ઞાની જગમાં જયવંત વર્તે છે.

पूर्णो मग्नः स्थिरोऽमोहो, ज्ञानी शान्तो जितेन्द्रियः ।
त्यागी क्रियापरस्तृप्तो, निर्लेपो निस्पृहो मुनिः ॥१॥

## સમશ્લોક

પૂર્ણ, મગ્ન, સ્થિર નિર્મોહી, જ્ઞાની, શાન્ત, જિતેન્દ્રિય;
ત્યાગી, ક્રિયાપર, તૃપ્ત નિર્લિપ્ત, નિઃસ્પૃહી, મુનિ.

## સ્પષ્ટાર્થ

મુનિ-યોગી-શ્રમણ-નિર્ગ્રન્થ જ્ઞાન આદિથી પૂર્ણ (૧) હોય છે એટલે જ જ્ઞાનમાં મગ્ન (૨) હોય છે. આથી સ્થિરતા (૩) પ્રાપ્ત કરે છે. અને મોહનો ત્યાગ (૪) કરે છે. તત્વજ્ઞ (૫) થાય છે, ઉપશમ (૬) પામીને ઈન્દ્રિયજય (૭) કરે છે. ત્યાગ (૮), ક્રિયા (૯) ને તૃપ્તિ (૧૦) પામી નિર્લેપ (૧૧) અને નિઃસ્પૃહ (૧૨) અને એથી જ ભાવ-મૌની મુનિ (૧૩) હોય છે.

विद्या विवेक संपन्नो, मध्यस्थो भयवर्जितः ।
अनात्मशंसकस्तत्त्वदृष्टिः, सर्वसमृद्धिमान् ॥२॥

## સમશ્લોક

વિદ્યા-વિવેકથી યુક્ત, મધ્યસ્થ, ભયવર્જિત;
ના'ત્મશ્લાઘા કરે, તત્ત્વ-દૃષ્ટિ, સર્વ સમૃદ્ધિમાન્.

## સ્પષ્ટાર્થ

મુનિ વિદ્યાસમ્પન્ન (૧૪), વિવેકસમ્પન્ન (૧૫), મધ્યસ્થ (૧૬), ભયરહિત (૧૭), અનાત્મશંસી (૧૮), તત્ત્વદૃષ્ટિ (૧૯) સર્વસમૃદ્ધિમાન્ (૨૦) હોય છે.

ध्याता कर्मविपाकानामुद्विग्न भववार्धि:
लोकसंज्ञाविनिर्मुक्तः शास्त्रदृग् निष्परिग्रहः ॥३॥

## સમશ્લોક

કર્મ વિપાકનો ધ્યાતા, ઉદ્વિગ્ન ભવ અબ્ધિથી;
લોકસંજ્ઞાથી નિર્મુક્ત, શાસ્ત્રદગ્ નિષ્પરિગ્રહ.

## સ્પષ્ટાર્થ

મુનિ કર્મવિપાકના ધ્યાતા (૨૧), ભવથી ઉદ્વિગ્ન (૨૨), લોકસંજ્ઞામુક્ત (૨૪), શાસ્ત્રદષ્ટિ અને (૨૫), નિષ્પરિગ્રહી (૨૬) હોય છે.

शुद्धानुभववान् योगी, नियागप्रतिपत्तिमान् ।
भावार्चाध्यानतपसां, भूमिः सर्वनयाश्रितः ॥४॥

## સમશ્લોક

શુદ્ધ અનુભવી યોગી, નિયાગ પામનાર જે;
ભાવ-પૂજા તપ-ધ્યાન-ભૂમિ, સર્વનયાશ્રિત.

## સ્પષ્ટાર્થ

મુનિ શુધ્ધ અનુભવી (૨૬), ભાવયોગ સંપન્ન (૨૭), નિયાગપ્રતિપત્તિમાન (૨૮), ભાવથી મહાપૂજક (૨૯), ધ્યાની (૩૦), તપસ્વી (૩૧), અને સર્વનયાશ્રયી (૩૨) હોય છે.

स्पष्टं निष्टङ्कितं तत्त्वमष्टकैः प्रतिपन्नवान् ।
मुनिर्महोदयं ज्ञान-सारं समधिगच्छति ।।५।।

## સમશ્લોક

**સ્પષ્ટ જે અષ્ટકે ટાંક્યું, તત્ત્વ પામ્યા મુનીશ જે;**
**જ્ઞાનસાર, સુચારિત્ર, તે મહોદય પામશે.**

## સ્પષ્ટાર્થ

આ બત્રીસ અષ્ટકોમાં સ્પષ્ટ રીતે જે તત્વ ટાંકયું છે તે જે મુનિ પામશે તેમનો આત્મિક-મહોદય થશે. આ જ્ઞાનસાર પામવાથી આત્મા મોક્ષભણી ગમન કરશે.

निर्विकारं निराबाधं, ज्ञानसारमुपेयुषाम् ।
विनिवृत्तं पराशानां मोक्षोऽत्रैव महात्मनाम् ॥६॥

## સમશ્લોક

**નિર્વિકાર, નિરાબાધ, પામ્યા છે જ્ઞાનસાર જે;**
**પરાશા મુક્ત યોગીનો, આ ભવે આ જ મુક્તિ છે.**

## સ્પષ્ટાર્થ

નિર્વિકાર, સર્વ બાધાથી રહિત એવો જ્ઞાનસાર જે પામ્યા છે તે યોગી પારકી આશાથી મુક્ત થઈને આ જ ભવમાં મોક્ષ પામશે એટલે કે બન્ધની નિવૃત્તિ રૂપ મોક્ષ પામશે. એટલે કે આ જ એમની જીવન્મુક્તિ છે.

चित्तमार्द्रीकृतं ज्ञान-सारसारस्वतोर्मिभिः ।
नाप्नोति तीव्रमोहाग्निप्लोषशोषकदर्थनाम् ॥७॥

## સમશ્લોક

**જ્ઞાનસારની વાણીની, ઊર્મિથી આર્દ્ર-ચિત્ત જે;**
**ન પામે મોહ અગ્નિમાં, દાહ, શોષ, કદર્થના.**

## સ્પષ્ટાર્થ

જ્ઞાનસારની ઊર્મિ એટલે ભાવતરંગોથી જેનું ચિત્ત ભીંજાયેલું રહે છે - કોમળ રહે છે તે મહાત્માને મોહરૂપી તીવ્ર અગ્નિની જ્વાલાઓ દઝાડતી નથી - શોષ પમાડતી નથી.

आचिन्त्या काऽपि साधूनां, ज्ञानसारगरिष्ठता ।
गतिर्ययोर्ध्वमेव स्यादधःपातः कदाऽपि न ॥८॥

## સમશ્લોક

કેવી અચિન્ત્ય સાધુની, જ્ઞાનસાર ગરિષ્ઠતા,
ગતિ ઊંચે અને ઊંચે, નીચે તો એ પડે નહીં.

## સ્પષ્ટાર્થ

સાધુઓની જ્ઞાનસાર પામ્યાથી વધેલી ગરિ[illegible]પણું અદ્‌ભુતછે, ભારે છે તોય ઊંચે ને ઊંચે જ જાય છે. ગૌરવથી ઊંચીને ઊંચ[illegible]ાય છે, અધ:પાત-નીચી ગતિમાં જવાનું તો સંભવતું જ નથી.

क्लेशक्षयो हि मण्डूक-चूर्णतुल्यः क्रियाकृतः ।
दग्धतच्चूर्णसदृशो, ज्ञानसारकृतः पुनः ॥९॥

## સમશ્લોક

ક્રિયાથી જે ટળ્યો ક્લેશ, તે તો આવે ફરી ફરી;
જ્ઞાનસારે ટળ્યો ક્લેશ. મૂળમાંથી બળી ગયો.

## સ્પષ્ટાર્થ

ઔપશમિક ક્રિયાથી જે કર્મનો નાશ થાય છે તે દેડકાના ચૂર્ણ સમો છે જે મેઘ આવતાં ફરી પેદા થાય છે જ્યારે જ્ઞાનસારથી - શુધ્દ ક્ષયોપશમ ભાવે કરાયેલો કર્મનાશ દેડકાની દગ્ધ રાખ જેવો છે. જેમાંથી ફરી દેડકાં પેદા નથી થતાં. તેમ આ કર્મનાશ પછી પુનઃ કર્મબન્ધ થતો નથી.

ज्ञानपूतां परेऽप्याहुः, क्रियां हेमघटोपमाम् ।
युक्तं तदपि तद्भावं न यद्भग्नाऽपि सोज्झति ॥१०॥

## સમશ્લોક

**જ્ઞાનપૂત ક્રિયા અન્યો, સ્વર્ણ-પાત્ર સમી કહે;**
**યોગ્યઃ પાત્ર ફૂટે તોય, સ્વર્ણત્વ તો ત્યજે નહીં.**

## સ્પષ્ટાર્થ

અન્યદર્શની પણ માને છે કે જ્ઞાનપૂત ક્રિયા સુવર્ણ-ઘટ જેવી છે. આ ઘટ ફૂટી જાય તો પણ ઘટત્વ ભલે જાય પણ સુવર્ણત્વ તો કાયમ રહે જ છે. જ્ઞાનસહિત ક્રિયાંથી જે બન્ધ ટળ્યો તે ફરી ન આવે.

क्रियाशून्यं च यद्ज्ञानं ज्ञानशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥११॥

## સમશ્લોક

**ક્રિયાશૂન્ય ભલે જ્ઞાન, તો'ય તેજસ્વી સૂર્યશું;**
**જ્ઞાનશૂન્ય ક્રિયા કિન્તુ, ઝબૂકે આગિયા સમી.**

## સ્પષ્ટાર્થ

ક્રિયાથી રહિત હોય તો પણ જ્ઞાન તો સૂર્ય સમાન મહાપ્રકાશમાન છે એની જ્ઞાનશૂન્યક્રિયા સાથે તુલના થઈ શકે નહીં એ તો આગિયા જેવી છે. એનો વળી પ્રકાશ કેટલો!? જ્ઞાન દિવાકર છે, ક્રિયા આગિયો છે.

चारित्रं विरतिः पूर्णा, ज्ञानस्योत्कर्ष एव हि ।
ज्ञानाद्वैतनये दृष्टिर्देया तद्योगसिद्धये ॥१२॥

## સમશ્લોક

સર્વવિરતિ ચરિત્ર, ઉત્કૃષ્ટ ફળ જ્ઞાનનું;
અદ્વૈત જ્ઞાન નય દૃષ્ટિ, પમાડે યોગ સિદ્ધિને.

## સ્પષ્ટાર્થ

પૂર્ણ-વિરતિ-સર્વવિરતિ ચારિત્ર ખરેખર તો જ્ઞાનનું જ વિશિષ્ટ પરિણામ છે; જ્ઞાનનો જ ચમત્કાર છે એટલે યોગની સિધ્ધિ કરવા માટે માત્ર જ્ઞાનનય પર જ ધ્યાન કેન્દ્રિત કરવું. જ્ઞાન વિના ક્રિયા છે જ ક્યાં ? જ્ઞાન એ જ ક્રિયા છે.

सिद्धिं सिद्धपुरे पुरन्दरपुरस्पर्धावहे लब्धवान्, ।
चिद्दीपोऽयमुदारसारमहसा दीपोत्सवे पर्वणि ।
एतद्भावनभावपावनमनश्चञ्चच्चमत्कारिणाम् ।
तैस्तैर्दीपशतैः सुनिश्चयमतैर्नित्योऽस्तु दीपोत्सवः ।।१।।

## સમશ્લોક

ઇન્દ્રાપુર સમાન સિદ્ધપુરમાં દીપાવલીના દિને,
સંપાર્યો મહ સારભૂત દીપતો ભાવપ્રકાશે ભર્યો;
આના જ્ઞાનની ભાવના-પૂત-મના જે મર્મભાગી થયા,
તેને 'નિશ્ચય' ભાવ દીપશતથી હો નિત્ય દીપોત્સવ.

શાર્દૂલવિક્રીડિત

## સ્પષ્ટાર્થ

ઈન્દ્રપુર જેવા સિધ્ધપુરમાં દીપાવલીના દિવસે ભાવપ્રકાશથી ભરેલો સારભૂત જ્ઞાનસાર પૂર્ણ કર્યો. એનો મર્મ જેને આત્મસાત્ થયો છે તેને ભાવદીપથી ઝળહળતો નિત્ય-દીપોત્સવ થાઓ.

केषांचिद्विषयज्वरातुरमहो चित्तं परेषां विषा-
वेगोदर्ककुतर्कमूर्च्छितमथान्येषां कुवैराग्यतः ।
लग्नालर्कमबोधकूपपतितं चास्तेपरेषामपि ।
स्तोकानां तु विकारभाररहितं तज्ज्ञानसाराश्रितम् ॥२॥

## સમશ્લોક

**પીડાયે વિષયજ્વરે, વિષ સમી દુર્બુદ્ધિથી મૂર્છિત,**
**દુર્વૈરાગ્યથી કેટલાય કરડયા-શ્વાને સમા, ને પડયા**
**મિથ્યાજ્ઞાન કૂવે ઘણાયઃ પણ જે થોડા ઘણા સાધકો-**
**પામ્યા સામ્ય, વિકારભાર રહિતો, તે જ્ઞાનસારાશ્રિત.**

શાર્દૂલવિક્રીડિત

## સ્પષ્ટાર્થ

મિથ્યાજ્ઞાનના કૂવે વિષય-જ્વરી, વિષ-દુર્બુધ્દિથી મૂર્છિત દુર્વૈરાગ્ય-હડકાયા શ્વાને કરડેલા પ્રાણીઓ પડયા છે. પણ વિકાર ભાર રહિત થોડા ઘણા સાધકો જે સમતા પામ્યા છે તેમનું મન જ્ઞાનસારથી ભરેલું છે.

जातोद्रेकविवेकतोरणततौ धावल्यमातन्वति,
हृद्गेहे समयोचितः प्रसरति स्फीतश्च गीतध्वनिः ।
पूर्णानन्दघनस्य किं सहजया तद्भाग्य-भङ्ग्याऽभव-
न्नैतद्ग्रन्थमिषात्करग्रहमहश्चित्रं चरित्रश्रियः ॥३॥

## સમશ્લોક

**બાંધ્યાં તોરણ જ્યાં વિવેક મનનાં ધોળ્યાં ઘરો ઊજળાં**
**ગુંજે છે સમયોચિત પ્રસરતાં મીઠાં ગીતોનો ધ્વનિ;**
**ભાગ્યાધીન સ્વભાવ સિદ્ધ રચના ચારિત્ર લક્ષ્મી સમી,**
**તે સાથે ઉજવાય લગ્ન પૂરણાનન્દે ભર્યા આત્મના.**

શાર્દૂલવિક્રીડિત

## સ્પષ્ટાર્થ

જ્યાં વિવેક-તોરણ બાંધ્યાં છે. હૃદય-ગૃહો ધોળીને ઊજળાં કર્યાં છે, મીઠાં ગીતો ગવાય છે ત્યાં પૂર્ણાનન્દઘન આત્મા સાથે જ્ઞાનસાર ગ્રન્થની રચના રૂપ ચારિત્ર લક્ષ્મીનો આશ્ચર્યકારક પાણિગ્રહણનો મહોત્સવ થયો હોય એમ નથી લાગતું શું !?

भावस्तोमपवित्रगोमयरसैः लिप्तैव भूःसर्वतः
संसिक्ता समतोदकैरथ पथि न्यस्ताविवेकस्रजः ।
अध्यात्मामृतपूर्णकामकलशश्चक्रेऽत्र शास्त्रे पुरः, ।
पूर्णानन्दघने पुरं प्रविशति स्वीयं कृतं मंगलम् ।।४।।

## સમશ્લોક

લીંપેલી ભૂમિ ગોમયે પ્ર-સમતા પાણી વડે સીંચી છે
ચોપાસેઃ પંથમાં વિવેક ફૂલની માળા સજાવેલ છે;
દીધો છે છલકાવી કામઘટને અધ્યાત્મ-પીયૂષથી,
પૂર્ણાનન્દઘન પ્રવેશી પુરમાં આત્મીય મંગલ કરે.

શાર્દૂલવિક્રીડિત

## સ્પષ્ટાર્થ

આ શાસ્ત્રમાં ભાવ-કામધેનુના છાણથી લીંપેલી, સમતાજળથી સીંચેલી ભૂમિ છે. માર્ગ વિવેકની પુષ્પમાળાથી સજાવેલા છે. અધ્યાત્મ-અમૃતથી છલોછલ ભરેલો કામકુમ્ભ આગળ આગળ છે એ રીતે સચ્ચિદાનન્દ પૂર્ણ, બ્રહ્મસ્વરૂપ શુધ્ધ આત્મા બત્રીસ અધિકારે અપ્રમાદ નગરમાં પ્રવેશ કરે છે ત્યારે તે પોતાનું જ મંગલ આચરે છે.

गच्छे श्रीविजयादिदेवसुगुरोः स्वच्छेगुणानां गणैः,
प्रौढिं प्रौढिमधाम्नि जीतविजयप्राज्ञाः परामैयरुः ।।
तत्सातीर्थ्यभृतां नवादिविजयप्राज्ञोत्तमानां शिशोः,
श्रीमन्न्यायविशारदस्य कृतिनामेषा कृतिः प्रीतये ।।५।।

સમશ્લોક

પ્રજ્ઞાવાન્ ગુરુ દેવસૂર ગચ્છમાં સ્વચ્છાગુણોના ગણી;
જીતાદિ વિજયા મહામહિમના બન્ધુ નયાદિ વિજય;
શિષ્યે ન્યાયવિશારદ શ્રી સુયશે આ જ્ઞાનસાર ગ્રથ્યો,
અધ્યાત્મીજન પ્રીતિકારક હજો, આ સારનો સાર જે.

શાર્દૂલવિક્રીડિત

સ્પષ્ટાર્થ

ગુણોના સમૂહથી પવિત્ર અને પ્રૌઢ સદ્ગુરુ વિજયદેવ સૂરિના ગચ્છમાં જીત વિજય ગણી થયા જે પંડિત અને મહામહિમ હતા તેમના ગુરુભાઈ નયવિજય પંડિતના શિષ્ય ન્યાયવિશારદ યશોવિજય ઉપાધ્યાયે (સુયશે) આ ગ્રન્થ રચ્યો છે જે અધ્યાત્મ-પ્રેમીની પ્રીતિ માટે થાઓ.

बालालालापानवद् बालबोधो,
न्यायं किन्तु न्यायमालासुधौघः ।
आस्वाद्यैनं मोहहालाहलाय,
ज्वालाशान्तेर्धी विशालाभवन्तु ॥६॥

## સમશ્લોક

બાલા-લાલા પાનશો બાલબોધ,
ના છેઃ આ છે ન્યાયમાલાપીયૂષ;
ચાખીને આ મોહની ઝેર જ્વાલા
શાન્તિ પામો, પામી બુદ્ધિ વિશાલા.

શાલિની

## સ્પષ્ટાર્થ

આ બાળબોધ કાંઈ બાળકની લાળ જેવો નીરસ નથી. ન્યાયમાલાના અમૃતથી ભરેલો છે જેને ચાખીને મોહની ઝેર જવાળાઓ શાન્ત પામો અને વિશાલ બુધ્ધિ પામો.

आतन्वाना भा-रती भारती नः
तुल्यावेशा संस्कृते प्राकृतेवा ।
शुक्ति सूक्तिर्युक्तिमुक्ताफलानां,
भाषा भेदो नैव खेदोन्मुखः स्यात् ? ॥७॥

## સમશ્લોક

**ભાષાકેરી વિસ્તરે છે પ્રતિભા,**
**તુલ્યા-વેશા સંસ્કૃતે પ્રાકૃતે કે**
**શુક્તિ સૂક્તિ યુક્તિ મુક્તા ફલોની,**
**ભાષા ભેદો ખેદ ત્યાં ના પમાડે.**

શાલિની

## સ્પષ્ટાર્થ

ભાષા ગમે તે હોય-સંસ્કૃત કે પ્રાકૃત, એમાં ઝળકતી પ્રતિભા જ પ્રીતિકર થાય છે. અમારી વાણી મોતીની જન્મભૂમિ છીપ-શુક્તિ સમી સુ ઉક્તિ-સૂક્તિ છે અને યુક્તિયુક્ત છે એટલે જરાય કંટાળો આપે એવી નથી.

सूरजी तनय शान्तिदास
हृन्मोदकारण विनोदतः कृतः ।
आत्मबोधधृत विभ्रमः
श्री यशोविजयवाचकैरयम् ॥८॥

## સમશ્લોક

સૂરજી તનય શાન્તિદાસ મનમોદ
કારણ વિનોદથી રચ્યો;
આત્મબોધ - ઘર - શ્રાન્તિદ,
શ્રી યશોવિજય વાચકે કહ્યો.

## સ્પષ્ટાર્થ

શ્રેષ્ઠી શ્રી સૂરજીના સુપુત્ર શાન્તિદાસના મનના આનન્દ માટે આત્મ બોધના ઘર સમા અને ભવનો થાક દૂર કરનારા આ ગ્રન્થની રચના શ્રી યશોવિજય વાચકે વિનોદપૂર્વક કરી.

ન્યાય વિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય
શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત
જિનગીતા-જ્ઞાનસાર સમાપ્ત

યુગાધાર, શાસ્ત્ર-સત્ય પ્રતિષ્ઠાપક
વિજય રામચન્દ્ર સૂરિ પદ-મકરન્દ-મધુકર
કુમાર જયકીર્તિ વિરચિત
જિન ગીતા-જ્ઞાનસાર-સમશ્લોકી સમાપ્ત



## શ્રી કુમાર જયકીર્તિ

- જેમનું અનેક ભાષા પરનું પ્રભુત્વ ધ્યાન ખેંચે એવું છે.
- ષડ્દર્શનનો અભ્યાસ, જૈન તત્ત્વજ્ઞાનમાં ઊંડું અવગાહન અને સ્વસંવેદન - સ્વાનુભવ જેમનો આનન્દ છે.
- સાહિત્ય, કાવ્ય, સંગીત અને સતત વાચન જેમનો જીવનરસ છે.
- જેમનો અસ્ખલિત વાણીપ્રવાહ, વિષયનું ઊંડું જ્ઞાન અને વિશદ છણાવટ શ્રોતાને મન્ત્રમુગ્ધ કરી દે છે.
- જેમની કાવ્યરચનાની કોમળતા, મર્મસ્પર્શિતા અને પ્રાંજલતા મનોરમ્ય અભિનવતાથી ભરપૂર છે.
- એમની કલમની આ પ્રસાદી એમની બહુમુખી પ્રતિભાની પ્રતીતિ કરાવે છે.
- જેમનું શાસ્ત્રીય અને પાશ્ચાત્ય જ્યોતિષનું ઊંડું જ્ઞાન અને બહોળો અનુભવ વિશાળ જન સમૂહને પ્રમાણિક માર્ગદર્શન આપે છે.

---

ન્યાયવિશારદ 'પૂ. શ્રી સુયશ' રચિત

## જિનગીતા-જ્ઞાનસાર

ભોગવાદનું ઝેર પીને કારમી પીડામાં કણસતી આમ જનતાને અધ્યાત્મનું આ અમૃત અવશ્ય શાતા આપે છે.

□

ભૌતિકતાની ભુલભુલામણીમાં ગુમરાહ થયેલી જનતાને સાચું દિગ્દર્શન પૂરું પાડે છે, અને મંજિલ ભણી દોરી જાય છે.
શ્લોકે શ્લોકે, પદે પદે રણકતો અધ્યાત્મનો ગુંજારવ મનોરમ સંગીતનો આસ્વાદ કરાવે છે.

□

આ ગ્રન્થ ત્રિકાળની આવશ્યકતા છે. આજની વિશેષ આવશ્યકતા છે. આપના હાથમાં આવે તો સમજજો કે આપ સદ્ભાગી છો.